યોજના

# આયોજન અને વિકાસને સમર્પિત

ISSN-0971-8477

વર્ષ : ૩૭  અંક : ૨  મે - ૨૦૧૦  સળંગ અંક : ૭૧૩

Vo.XXXVIII  No. II

નિયામક અને મુખ્યતંત્રી  સોનમ થાર્ગી

નાયબ નિયામક  અમિતા મારુ

તંત્રી  ભરત દેવમણિ

આયોજન અને વિકાસને વાચા આપતું આ માસિક ગુજરાતી, અંગ્રેજી, આસામી, તામિલ, તેલુગુ, બંગાળી, મલયાલમ, ઉર્દૂ, હિંદી, કન્નડ, પંજાબી અને ઉડિયા ભાષામાં પ્રકાશિત થાય છે.

યોજનામાં પ્રગટ થતા લેખોમાંના મંતવ્યો લેખકના પોતાના છે. તેના સાથે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.

યોજનાના લેખો સાભાર નોંધ સાથે પુનર્મુદ્રિત કરી શકાય છે.

| | | |
|---|---|---|
| છૂટક નકલ | રૂ. | ૧૦-૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦-૦૦ |
| બે વર્ષ | રૂ. | ૧૮૦-૦૦ |
| ત્રણ વર્ષ | રૂ. | ૨૫૦-૦૦ |

લવાજમની રકમ **"S.B.I. A/c. No. 515-08-10, Yojana (Guj.)"** ના નામે મની ઑર્ડર/બેંક ડ્રાફ્ટથી મોકલી શકાશે.
લવાજમ મોકલાવનું સરનામું :

**યોજના કાર્યાલય**
*લોંગ લાઈફ હોસ્પિટલ બિલ્ડીંગ,*
*યુ.કો. બેંકની ઉપર, પાલડી ચાર રસ્તા પાસે,*
*અમદાવાદ - ૩૮૦ ૦૦૭.*
૦૭૯ - ૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## વિષય સૂચિ

| | | |
|---|---|---|
| પ્રવાસન ક્ષેત્રમાં માનવસંસાધન વિકાસ | પ્રો. મંજુલા ચૌધરી | ૨ |
| પરંપરાગત દવાઓ સાથે મેડિકલ પ્રવાસનનું ખાસ મહત્ત્વ | રેબાપોલ | ૫ |
| ગુજરાતમાં પ્રાકૃતિક અને સાહસિક પ્રવાસનની શક્યતાઓ | પ્રિ.સી.ડી.મોદી | ૮ |
| ચાલો જાણીએ અમદાવાદનો ઇતિહાસ | નેહા જાની | ૧૧ |
| અણહિલવાડ પાટણના સાંસ્કૃતિક ઇતિહાસનું અધ્યયન | ગોવિંદ મકવાણા | ૧૬ |
| કચ્છ પ્રવાસની નૂતન કેડીઓ | સૂર્યકાન્ત ભટ્ટ | ૨૦ |
| ઈકો ટુરિઝમ અને ગુજરાત | ડૉ. લલીત ચૌહાણ | ૨૨ |
| પ્રત્યક્ષ કરવેરાની આચારસંહિતા | ડૉ. એન. મુનશી | ૨૫ |
| ફરજિયાત અને વિના મૂલ્યે શિક્ષણ, એક ક્રાંતિકારી પહેલ | રાજેશ શર્મા | ૩૧ |
| ભારતીય અર્થતંત્ર અને કાળું નાણું | પ્રો. ભારતી શાહ | ૩૪ |
| આર્થિક મૂલ્યોનું શિક્ષણ અને શિક્ષક | ડૉ. ભાવેશ રાવલ | ૩૬ |
| સાંપ્રત પ્રવાહોમાં મેનેજમેન્ટના પડકારો | પ્રા. એમ.એસ. પરમાર | ૩૮ |
| એકવીસમી સદીનું ગ્રામીણ ગ્રંથાલય | પ્રકાશ શાહ | ૪૧ |
| ચાલો સશક્ત અને વિચારવંત અભિગમ કેળવીએ | ડૉ. હરપાલ રાણા | ૪૩ |
| ભારતીય અર્થતંત્ર | જે. આર. રૈયાણી | ૪૫ |
| ગ્લોબલ વોર્મિંગ — સળગતી સમસ્યા | રૂપેશ જોષી | ૪૭ |
| જનજાતિય મહિલાઓ : વર્તમાન સમયે | મહેશ પટેલ | ૫૧ |

| | | |
|---|---|---|
| ● આવરણ ડિઝાઈન | સાધના સક્સેના | ૧ |
| ● આગામી અંકો | — | ૨ |
| ● ગુણોત્સવ | મોહનભાઈ જાદવ | ૩ |
| ● પ્રકાશન વિભાગના ગુજરાતી પુસ્તકો | — | ૪ |

Website : www.yojana.gov.in
E-mail Adress : yojanagujarati@gmail.com

# પ્રવાસન ક્ષેત્રમાં માનવસંસાધન વિકાસ

– પ્રો. મંજુલા ચૌધરી

*પ્રવાસન ક્ષેત્રમાં એચ.આર. દરજ્જાની સમીક્ષા અને આચરણ પાયમાલીનું ચિત્ર દર્શાવે છે. આ ઉદ્યોગને સારું કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓ માટે આકર્ષક વિકલ્પ ગણાવતું નથી અને સારી વ્યક્તિઓ આ ઉદ્યોગમાં અન્ય દૃષ્ટિકોણના લાભ માટે જોડાય છે. આ સ્થિતિમાં આગળ જતાં બિઝનેસ મોડલ ઈનોવેશન (બી.એમ.આઈ.)નો નવો વિકાસ થાય છે. પરિણામે તેના નવી ટેકનોલોજીનો સમન્વય ઉમેરાય છે. જે મુજબ માનવબળની ખેંચ અનુભવતા ઉદ્યોગમાં નવી આવડતની માંગણીઓ ઊભી થાય છે.*

**ભા**રતમાં પ્રવાસન ઉદ્યોગ સંભવનીય ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટસ (જી.ડી.પી.) વિદેશી નાણું રળવા અને રોજગારી ઊભી કરવા માટે મુખ્ય આર્થિક વિકાસ તરીકે ઊભરી રહ્યું છે. આ કામદારોને પ્રોત્સાહિત કરનારો ઉદ્યોગ છે અને વર્લ્ડ ટ્રાવેલ્સ અને ટુરિઝમ કાઉન્સિલ (ડબલ્યુ.ટી.ટી.સી., ૨૦૧૦) અનુસાર વૈશ્વિક અંદાજ મુજબ કુલ રોજગારમાં હિસ્સો ૮.૧ ટકા, ૨૩૫ મિલિયન જોબ અથવા ૨૦૧૦ માં ૧૨.૩ નોકરીમાં તેનું પ્રમાણ એક રહેશે. ત્યારબાદ જ્યારે કુલ રોજગારીમાં ૯.૨ ટકા હિસ્સો વધશે ત્યારે ૩૦૩ મિલિયન જોબ, અથવા ૨૦૨૦માં ૧૦.૯ જોબ સામે તેનું પ્રમાણ એક રહેશે. ભારતીય અર્થકારણમાં રોજગારી ઊભી કરવામાં તેનો ફાળો ૨૦૦૮ માં ૧૫.૬ જોબમાં એક અને ૩૦ મિલિયન જોબનું પ્રમાણ રહ્યું હતું. પ્રવાસન મંત્રાલય ભારત સરકાર (૨૦૦૪) જરૂરિયાત માનવબળના સંશોધન અહેવાલ અનુસાર ૨૦૨૦ સુધીમાં હોટલોમાં ૩.૫ મિલિયન લોકો, રેસ્ટોરન્ટમાં ૨.૭૩ મિલિયન લોકો, નાની રેસ્ટોરન્ટ અને હાઈવે ઉપર આવેલા ધાબામાં ૧.૩ મિલિયન અને ટ્રાવેલ્સ ટ્રેડમાં ૦.૨૪ મિલિયન લોકોની જરૂરિયાત ઊભી થશે. ડબલ્યુ.ટી.ટી.સી. (૨૦૧૦) યોજના મુજબ ૨૦૧૦ સુધીમાં ભારત પ્રવાસ અને પ્રવાસન રોજગારીમાં બીજા ક્રમે રોજગારી ઊભી કરશે. જે મુજબ ચાઈના બાદ બીજા ક્રમે રહેશે. ડબલ્યુ.ટી.ટી.સી.(૨૦૦૨) અહેવાલમાં નોંધ્યું હતું કે, પ્રવાસન અને પ્રવાસનની ચેનલ દ્વારા સીધા રોકાણકારો અને પૂરા પાડનારા-ભાગીદાર સાહસિકોને લાભ રહેશે. આ પ્રકારની રોજગારીમાં મહિલા, લઘુમતી અને યુવાન લોકોનો સ્મોલ એન્ડ મીડિયમ સાઈઝ એન્ટરપ્રાઈસ (એસ.એમ.ઈ.)નો દબદબો રહેશે. પ્રવાસ અને પ્રવાસન ઉદ્યોગમાં એસ.એમ.ઈ.નો મહત્ત્વપૂર્ણ ભાગ રહેશે. અને આ પ્રોત્સાહિત ઉદ્યોગ સાહસિકતામાં થોડા અપરિપક્વ કૌશલ્ય ધરાવતા લોકો માટે પણ રોજગારીની તક ઊભી કરશે. પ્રવાસન ક્ષેત્રની રોજગારી ઊભી કરવાની ક્ષમતા ભારતના બહોળી સંખ્યાના યુવાનોનું ભાવિ ઘડશે. જેની વર્તમાન ટકાવારી ૧૫.૫૯ વર્ષ ગ્રુપ માટે ૫૮ ટકા છે. જે ૨૦૧૧ અને ૨૦૧૨ સુધીમાં અનુક્રમે ૬૩ ટકા અને ૬૪ ટકા અંદાજવામાં આવ્યું છે.

પ્રવાસન મંત્રાલય ૨૦૦૪ અનુસાર લાગી રહ્યું હતું કે, ભારતીય પ્રવાસન ઉદ્યોગ ૪૦ વર્ષ ઉપર જૂથના ૭૦ થી ૮૦ ટકા લોકોને રોજગારી આપશે. દેશ માટે આ ખૂબજ ઉમદા પરિસ્થિતિ છેક બહોળી સંખ્યામાં યુવાનો રોજગારીની તક જરૂરિયાત હતી, પરંતુ આ માંગ-પુરવઠાની ગેઈમ સરળ ગણિત કરતાં થોડી પેચીદી હતી. અહિંયા કૌશલ્યવાળા તૈયાર લોકો જરૂરિયાતના પ્રમાણમાં મેળવવા તે ઉદ્યોગ માટે થોડું મુશ્કેલ કામ હતું. પ્રવાસન દ્વારા આર્થિક

(લેખકા ઈન્ડીયન ઈન્સિ. ઑફ ટુરિઝમ ઍન્ડ ટ્રાવેલ મેનેજમેન્ટ, ગ્વાલિયરમાં ડાયરેક્ટર છે.)

સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માંગ અને પુરવઠા વચ્ચેની તૂટ સરભર કરવા. સફળ માનવ સંશાધન દ્વારા અપાતી તાલીમ અને શિક્ષણ મહત્ત્વપૂર્ણ હતું. મૂળભૂત હકીકતને નકારી ન શકાય કે, તમામ મોટા ઉદ્યોગ ગૃહોના ધ્યાનમાં કામ કરતો સમુદાય હતો અને કૌશલ્યવાળા લોકો વધુ લાભવાળી રોજગારીની શોધમાં રહેતા હતા. એચ.આર.ડી.નું કામ કામદારોને શિક્ષિત અને તાલીમબદ્ધ કરવા પૂરતું રહેતું ન હતું, પરંતુ તેઓને તુલનાત્મક કામનો લાભ અને કૌશલ્ય ધરાવતી વ્યક્તિને સારો આર્થિક લાભનું ધ્યાન રાખવું પડે છે. આવા પરિબળોના કારણે પ્રવાસન ઉદ્યોગમાં માનવબળ રોજગારી સ્પર્ધા અને સેવા ક્ષેત્રમાં ટકી રહે છે. અથવા મૂળભૂત કૌશલ્યના કારણે આ ઉદ્યોગ અને ઉદ્યોગ ક્ષેત્રના લોકોને પોતાનામાં સમાવી શકે છે.

પ્રવાસન ક્ષેત્રમાં એચ.આર. દરજજાની સમીક્ષા અને આચરણ પાયમાલીનું ચિત્ર દર્શાવે છે. આ ઉદ્યોગને સારું કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓ માટે આકર્ષક વિકલ્પ ગણાવતું નથી અને સારી વ્યક્તિઓ આ ઉદ્યોગમાં અન્ય દૃષ્ટિકોણના લાભ માટે જોડાય છે. આ સ્થિતિમાં આગળ જતાં બિઝનેસ મોડલ ઈનોવેશન (બી.એમ.આઈ.)નો નવો વિકાસથાય છે. પરિણામે તેના નવી ટેકનોલોજીનો સમન્વય ઉમેરાય છે. જે મુજબ માનવબળની ખેંચ અનુભવતા ઉદ્યોગમાં નવી આવડતની માંગણીઓ ઊભી થાય છે. જેમાં કેટલાક મુદ્દાઓ ઉપર વિપરીતધ્યાન આપવું પડે તે નીચે મુજબ છે.

**માનવબળની તંગી :**

પ્રવાસન અને પ્રવાસ ઉદ્યોગમાં ઉડ્ડયન, સેવા અને સારસંભાળ ક્ષેત્રમાં વર્તમાન અનુમાનિત અછત અંદાજિત, બે લાખ કૌશલ્યધારી માનવબળને છે. જેના કારણે તેના ગ્રોથમાં અસર પડે છે. આ ઉપરાંત માનવબળની માંગનો વિભાજિત ભૌગોલિક કુલ ઘટમાં બદલાવ આવે છે. હોસ્પિટાલિટી વેલ્યુએશન સર્વિસીઝ (એચ.વી.એસ.-૨૦૦૬)ના અભ્યાસ અનુસાર ૧૦ પસંદગીના હોટલ બજારની નામાંકિત હોટલોમાં ૨૦૧૧-૧૨ સુધીમાં અંદાજિત ૯૪,૦૦૦ નવા કર્મચારીઓની જરૂરિયાત રહેશે અને આ માનવબળ માટેની માંગણીઓ બેંગ્લોર, હૈદરાબાદ અને પૂણે જેવા શહેરોની રહેશે., આ શહેરો વધુ અનુભવી માનવબળ માટે નેશનલ કેપીટલ રોજન (એન.સી.આર.) અને મુંબઈ પ્રદેશ તરફ નજર દોડાવશે. જેથી આ શહેરોમાં માનવ સંસાધનની પહેલથી વધારે સારો લાભ રહેશે.

**માનવબળની ગુણવત્તા :**

પ્રવાસન ઉદ્યોગને વિવિધ કૌશલ્ય સ્તરે માનવબળની જરૂરિયાત છે. પરંતુ તેઓ યોગ્ય વ્યક્તિઓ શોધવામાં નિષ્ફળ રહ્યા છે. અભ્યાસમાં બહાર આવ્યું છે કે, પ્રતિષ્ઠિત સેવાઓ માટે પ્રવાસન ઉદ્યોગને બ્લુ કોલર જોબ માટે ઉચ્ચસ્તરીય માનવબળની જરૂરિયાત છે અને ઉપલબ્ધ માનવબળમાં આ કામ માટે પૂરતા પ્રમાણમાં તાલીમ પામેલી વ્યક્તિઓ મળતી નથી. આ જરૂરિયાતો પૂરી કરવા ઉદ્યોગ, અલગ અલગ શૈક્ષણિક કાર્યક્રમો જેવા કે, ટૂંકાગાળાના કોર, વિગેરેમાંથી પાસ થયેલી વ્યક્તિઓ મેળવે છે. જ્યારે બીજી બાજુએ અલગ ક્ષેત્રના માસ્ટર ડિગ્રી ધારકો મેળવે છે, પરંતુ સામાન્ય લાગણી ઉદ્યોગમાં એવી રહેવા પામી છે કે, તૈયાર કર્મચારીઓ મળતા નથી. અને તેઓને જરૂરિયાત મુજબના સ્તર માટે તૈયાર કરવા હાઉસ ટ્રેનિંગ કાર્યક્રમ હેઠળ ઘણું મોટું રોકાણ કરવું પડે છે.

**માનવબળનું આકર્ષણ :**

પ્રવાસન ઉદ્યોગને માનવસંસાધન પ્રવાહના આકર્ષણના મોટા પ્રશ્નનો સામનો કરવો પડે છે. કેમ કે અન્ય વધુ વેતન ચૂકવતી સેવા ઉદ્યોગને આવા જ પ્રકારના માનવબળની જરૂરિયાત હોય છે. ભારતમાં સારસંભાળ ઉદ્યોગમાં આકર્ષણની ટકાવારી લગભગ ૩૦ ટકા છે. જેની સામે અન્ય સ્થપાયેલા બજારો જેવા કે સિંગાપોરમાં (૪૦-૪૫ ટકા) છે. પરંતુ અયોગ્ય માત્રા અને ઉપલબ્ધ ગુણવત્તામાં આ ટકાવારી ઊંચી છે.

**ટેકનોલોજીમાં બદલાવ :**

ઉદ્યોગમાં નવી ટેકનોલોજી શોધાય છે. અને ઓનલાઈન બિઝનેસ મોડલ વધી રહ્યું છે. કેમ કે તે ઈન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજી (આઈ.સી.ટી.) સાથે આગલી હરોળમાં જોડાયા છે. જેના કારણે માનવબળની જરૂરિયાતમાં બદલાવ આવ્યો છે અને એકત્રિત પ્રવાસનમાં વૈવિધ્યપૂર્ણ આવડત, કોમ્પ્યુટર અને સરળ આવડતની માંગ વધી રહી છે. જ્યારે મૂળભૂત માંગ પૂરી થતી નથી. ત્યારે આ મોટો પડકાર બને છે.

**કામનો વ્યાપ :**

આ ઉદ્યોગમાં કામની શરતોમાં સંખ્યાબંધ સંભવિત મુશ્કેલીઓમાં ચોક્કસ કામકાજના કલાકો, રવિવાર અને રજાના દિવસે સળંગ કમ, ધારાધોરણ વગરનું મહેનતાણું, ઓવરટાઈમ વગર સળંગ કામ, ધારાધોરણ વગરનું મહેનતાણું, ઓવરટાઈમ વગર ચૂકવણીએ કરવાનો, ભથ્થાનું સીટ વાસ્તવમાં અન્ય ઉદ્યોગના સરેરાશ વેતન કરતા ઘણુ નીચું (આઈ.એમ.ઓ.-૨૦૦૧) ઉદ્યોગમાં ક્યારેક મળતી ટિપ્સ, એ વધારાની આવક થાય, પરંતુ આવું બધું અલગ અલગ રહે છે. ખાસ કરીને ભારતમાં ટિપ્સની રકમ બીલમાં ઉમેરાતી

નથી. ઉપરોક્ત પૈકીના કેટલાક પ્રશ્નો સમય જતા અને બજારુ પરિબળના કારણે તેમ જ ખાસ કરીને માનવસંસાધનના કારણે ઉકેલાઈ જતા હોય છે. પરંતુ હજુ ઉદ્યોગે વૃદ્ધિદર ધીમે ધીમે ઘટી જાય તેને અટકાવવા સલાહ મસલત ના પ્રયત્નોની જરૂરિયાત છે.

સરકાર આ મુદ્દે સતર્ક અને પ્રયત્નશીલ બની અને ૧૯૬૨માં ચાર સંસ્થાઓ સાથે હોટલ મેનેજમેન્ટ શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. પાછળથી ઘણી સંસ્થાઓ ખૂલી જેને પ્રવાસન મંત્રાલય હેઠળ નેશનલ કાઉન્સિલ ઓફ હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરિંગ ટેકનોલોજી (એન.સી.એચ.એમ.સી.ટી.) સંગઠિત બનાવાયું. પ્રવાસન મંત્રાલય હેઠળ ૧૯૮૩માં પ્રવાસ અને પ્રવાસન શિક્ષણનો ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટુરિઝમ એન્ડ ટ્રાવેલ્સ મેનેજમેન્ટ (આઈ.આઈ.ટી.એ.)માં શરૂ કરાયું. પ્રવાસન શિક્ષણનો પ્રસાર કરવા માટે સરકારે ખાનગી ક્ષેત્ર બને અન્ય હયાત ઓન ઈન્ડિયા કાઉન્સીલ ઓફ ટેકનિકલ એજ્કેશન (એ.આઈ.સી.ટી.ઈ.) માન્ય શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટી અને કોલેજો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (યુ.જી.સી.) હેઠળ ગતિશીલ ભાગીદાર બનાવ્યાં. જરૂરી માનવબળ પૂરો પાડવા, ખાનગી આયોજકો અને ટ્રેનરોને તેમના પોતાના માન્ય કાર્યક્રમો સાથે જોડ્યા. હાલમાં પ્રવાસન મંત્રાલય, ભારત સરકાર હોટલ મેનેજમેન્ટ સંસ્થાઓ સાથે મળી હોટલ મેનેજમેન્ટ સર્ટિફિકેટ અને ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટલ મેનેજમેન્ટ (આઈ.એચ.એમ.) અને ફુડ ક્રાફ્ટ ઈન્સ્ટીટ્યુટ (એફ.સી.આઈ.) અને ટુરિઝમ શિક્ષણ આઈ.આઈ.ટી.સી. એમ દ્વારા અંડર ગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ સ્તરે ડિપ્લોમા અને ડિગ્રી સર્ટિફીકેટ આપે છે. યુનિવર્સિટી અને તેઓની સંલગ્ન કૉલેજો અલગ અલગ સ્તરે હોટલ અને પ્રવાસન મેનેજમેન્ટ કોર્સ હાથ ધરે છે. જેમાં અલગ અલગ કક્ષાના વ્યવસાયિક કોર્સ અને ડૉક્ટરેટ કોર્સ,નો સમાવેશ થાય છે. રાજ્ય સરકારના નેજા હેઠળની પોલીટેકનિક પ્રવાસન અને હોટલ મેનેજમેન્ટમાં સર્ટિફીકેટ અને ડિપ્લોમા સ્તરના કોર્સ હાથ ધરે છે. આ ઉપરાંત ખાનગી સંસ્થાઓ જેવી કે અમેરિકન હોટલ એન્ડ મોટલ એસોસિએશન અને ઈન્ટરનેશનલ ટ્રાન્સ્પોર્ટર એસોસિએશન (આઈ.એ.ટી.એ.) તેમના સ્થાપિત સર્ટીફિકેટ કોર્સ શરૂ કર્યા છે. આવા કોર્સનો અભ્યાસ કર્યા બાદ નામાંકિત અથવા કોઈ પ્રકારની ગુણવત્તાવાળો માનવબળ આવી પદ્ધતિમાંથી બહાર આવશે. તે બાબત મુશ્કેલ છે. પરિણામે ઉદ્યોગ કર્મચારીને રાખ્યા બાદ તેઓને વધારાની તાલીમ આપે છે. તાજ અને ઓબેરોય જેવા હોટલ જૂથોએ પોતાની હોસ્પિટાલીટી (સાર સંભાળ) સ્કૂલ અને તાલીમ કેન્દ્રો ખોલ્યા છે, પરંતુ તાલીમ કેન્દ્રો ખોલવા માટે જરૂરી રોકાણનો પ્રયત્ન મોટા ભાગના એકમો માટે બિન પ્રોત્સાહિત રહ્યો છે. મોટાભાગના ધંધાર્થીઓને પ્રવાસન શૈક્ષણિક પદ્ધતિ દ્વારા બહાર પડાતા માનવબળ ઉપર આધાર રાખવો પડે છે.

સરકારી એજન્સીઓએ આ હકીકતનો સ્વીકાર કરી એચ.આઈ.સી.ટી.ઈ. અને યુ.જી.સી.એ બેન્ચમાર્ક અને એક્રિડેશન ગુણવત્તા યુક્ત શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરી હતી. પ્રવાસન મંત્રાલય મુખ્ય સંસ્થા છે. જેણે માનવ સ્ત્રોતમાં વિકાસ હાથ ધરવાની સંપૂર્ણપણે પહેલ કરી. જેમાં હેતુ અને કાર્યથી રિઝલ્ટ ફ્રેમવર્ક ડોક્યુમેન્ટ (આર.એફ.ડી.) ૨૦૦૯-૧૦ તૈયાર થયું. આ તમામ બાબબતનો સંયુક્ત પ્રયાસ માનવબળ પુરું પાડવા માટે માનવ સ્ત્રોત વિકાસનો રહ્યો હતો, પરંતુ લાંબો કામકાજનો સમયગાળો, નબળું વેતન, વિવિધ પ્રકારની કામગીરી, વિચિત્ર કામકાજનો સમય અને વ્યવસાયિક એચ.આર.એમ.ની ગેરહાજરી સહિતની બાબતોમાંથી કેટલાક મુદ્દે ઉકેલ લવાયા છતાં કોઈ પણ પ્રયત્નથી માનવબળની ઘટતી મુશ્કેલ ઉકેલી શકાઈ નથી.

આવી બાબતોની ઉદ્યોગમાં મોટાભાગે અસર થઈ. જેમાં આંતરરાષ્ટ્રીય હોટલ વ્યવસાયવાળાએ પ્રવેશ કરવાની સાથે ઉદ્યોગમાં દુશ્મનાવટ વધી, કામકાજની સ્થિતિ ધીમી પડી, પરંતુ તબક્કાવાર સુધરી. જે એકમમાં કામગીરી માટે સારું વાતાવરણ પૂરું પાડવામાં આવ્યું હતું, ત્યાં તેઓને લાભ મળ્યો અને વૃદ્ધિ થઈ. જ્યારે અન્ય જગ્યાએ સંઘર્ષ ચાલુ રહ્યો. પ્રવાસન ઉદ્યોગમાં સર્વગ્રાહી એચ.આર.ડી. તરફનો અભિગમ, પરિપક્વ થયો અને કોર ફંકશન તરીકે તેઓની માન્યતામાં વધારો થયો. જેની સીધી અસર કી પર્ફોર્મન્સ ઈન્ડીકેટર (કે.પી.આઈ.) ઉપર સીધી અસર થઈ. તેની ગુણવત્તા અંગેની અસર જાણવી મુશ્કેલ છે, પરંતુ આ એક મૂડીરોકાણનો વિસ્તાર છે. જેમાં તમોને વળતર તમારી કલ્પના બહારનું મળી શકે અને જો આવા જ પ્રયત્નો ચાલતા રહ્યા તો ભારતીય પ્રવાસન ઉદ્યોગ તેની સંપૂર્ણ સિદ્ધિઓ હાંસલ કરશે.

●●●

# પરંપરાગત દવાઓ સાથે મેડિકલ પ્રવાસનનું ખાસ મહત્ત્વ

– રેબાપોલ

***મેડિકલ ટુરિઝમ અથવા હેલ્થ ટુરિઝમ એ એવો વિચાર છે, જ્યાં દર્દી આરોગ્યની સારવાર માટે બીજા દેશનો પ્રવાસ કરે છે. જેની પાછળનું કારણ સારવાર કરાવવાનો હોય છે. ઘણી વ્યક્તિઓ જેને રોગને સારવાર કરાવવી હોય છે. તેઓને તે સગવડ તેમના દેશમાં યોગ્ય ગુણવત્તાયુક્ત ઉપલબ્ધ ન હોય તો તેઓ આ વિકલ્પ સ્વીકારે છે. ઘણી વ્યક્તિઓ એવા કારણોસર સારવાર કરાવવા પ્રયાસ કરે છે, જેમાં પોતાના દેશ કરતા અન્ય સ્થળે સારવાર ખૂબ જ સસ્તામાં થાય છે.***

**અ**સ્વસ્થતાનો ઉપાય શોધવા, વિવિધ સ્થળોએ પ્રવાસ કરવો તે નવો વિચાર નથી. જ્યારથી માણસ પોતાના આરોગ્યની કાળજી લેવા બાબતે સતર્ક બન્યો છે. ત્યારથી હકીકતે લોકો આ અંગે પરીકથારૂપ ચકાસણી કરતા આવ્યા છે. ગ્રીસના એપીડોરુસ ખાતેના અસ્કલેપીસમાં સદીઓથી સંખ્યાબંધ યાત્રાળુઓ અને દર્દીઓ સમગ્ર ભૂમધ્ય સમુદ્રમાંથી સારવાર અર્થે આવે છે. બ્રિટનમાં રોમન સમયથી આજના દિવસ સુધી માનવસમુદાય કુદરતી ખનીજયુક્ત ગરમ પાણીના ફુવારામાં નાહીને લાભ મેળવે છે. ૧૮મી સદીના સાધનસંપન્ન લોકો જર્મનીથી નાઈલ સુધી સમગ્ર યુરોપનો પ્રવાસ કરતા હતા. આજે પ્રવાસની આધુનિક સગવડતાઓના કારણે આરોગ્યની ચિકિત્સા કરાવવા અન્ય દેશમાં પ્રવાસ કરવો તે સમૃદ્ધ જાણીતા લોકો માટે સરળ બન્યું છે. કેટલાક દાયકા અગાઉ સાધનસંપન્ન ભારતીયો નિષ્ણાંત ચિકિત્સક સારવાર માટે પશ્ચિમી દેશનો પ્રવાસ કરતા હતા. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી પરિસ્થિતિ ઉલટી બની છે.

મેડિકલ ટુરિઝમ અથવા હેલ્થ ટુરિઝમ એ એવો વિચાર છે, જ્યાં દર્દી આરોગ્યની સારવાર માટે બીજા દેશનો પ્રવાસ કરે છે. જેની પાછળનું કારણ સારવાર કરાવવાનો હોય છે. ઘણી વ્યક્તિઓ જેને રોગને સારવાર કરાવવી હોય છે. તેઓને તે સગવડ તેમના દેશમાં યોગ્ય ગુણવત્તાયુક્ત ઉપલબ્ધ ન હોય તો તેઓ આ વિકલ્પ સ્વીકારે છે. ઘણી વ્યક્તિઓ એવા કારણોસર સારવાર કરાવવા પ્રયાસ કરે છે, જેમાં પોતાના દેશ કરતા અન્ય સ્થળે સારવાર ખૂબ જ સસ્તામાં થાય છે. ઘણા પ્રવાસીઓ અહિંયા આવે છે. કારણ કે તેમના દેશમાં વીમાની પદ્ધતિમાં સર્જરી માટે મહિના અને વર્ષ સુધી પણ રાહ જોવી પડે છે. અથવા કેટલાકને પોતાના દેશમાં આરોગ્ય સારવાર માટે અસહ્ય મોંઘી ફી પરવડતી નથી. જ્યારે અન્ય કેટલીક વ્યક્તિઓ વેકેશન પ્રવાસ સાથે પ્લાસ્ટિક સારવાર માટે પણ ઉષ્ણ કટિબંધનો પ્રવાસ કરે છે. મેડિકલ પ્રવાસનમાં ભારતને અગ્રગણ્ય વિકસિત દેશ માનવામાં આવે છે. હકીકત એ છે કે, ભારતમાં મેડિકલ સુવિધાઓ અને આરોગ્યના વ્યવસાયિકો આંતરરાષ્ટ્રીય ગુણવત્તાના છે અને આરોગ્યલક્ષી સગવડતાઓ પશ્ચિમના દેશો કરતા ઘણી સસ્તી ઉપલબ્ધ છે. આ ઉપરાંત ભારત એ વિશ્વનું લોકપ્રિય પ્રવાસન સ્થળ છે. પ્રવાસની સાથે સાથે મેડિકલ સારવારનો વિચાર ઉદ્‌ભવ્યો છે. જેના ઉપરથી મેડિકલ પ્રવાસન ઉદ્‌ભવ્યો છે. વધારાનો લાભ એ છે કે હકીકતે ઈંગ્લીશ ભાષા બહોળા પ્રમાણમાં બોલાય છે અને સ્થાનિક લોકો સમજી શકે છે, પશ્ચિમી અને યુરોપિયન દેશો ઉપરાંત ભારતના પડોશી દેશો તેમ જ મિડલ ઈસ્ટમાંથી મેડિકલ પ્રવાસીઓ ભારતમાં આવે છે. મોટાભાગના મેડિકલ પ્રવાસીઓ એલોપેથિક સારવાર દ્વારા

(લેખક ત્રિવેન્દ્રમમાં ફ્રીલાન્સ પત્રકાર છે.)



સાજા થવા માટે ભારતની મુલાકાતે આવે છે. ભારતમાં તેઓ સામાન્ય રીતે હાર્ટ સર્જરી, ઘૂંટણ, લીવર અને કિડની ટ્રાન્સ્પ્લાન્ટ, પ્લાસ્ટિક સર્જરી અને દાંતની સારવાર કરાવે છે.

ભારતમાં દર વર્ષે ૧,૫૦,૦૦૦ મેડિકલ પ્રવાસીઓ આવે છે અને દર વર્ષે આ આંકડામાં વધારો થાય છે. હાલમાં ભારતમાં મેડિકલ પ્રવાસન બજાર અંદાજે ૩૦૦ મિલિયન ડોલર ગણાય છે અને અંદાજે ૧,૭૦,૦૦૦ વિદેશી દર્દીઓ દર વર્ષે ભારત આવે છે. અહેવાલમાં અંદાજવામાં આવે છે કે, દર વર્ષે ભારતના મેડિકલ પ્રવાસનમાં ૩૦ ટકાનો વધારો થાય છે. આ ઉદ્યોગમાં મોટી વૃદ્ધિ જોવા મળી રહી છે અને તેને મેડિકલ આઉટ સોર્સિંગના નવા રૂપમાં જોવામાં આવે છે. જેમાં પેરામેડિકલ સેવાઓ દ્વારા પશ્ચિમી દેશોમાં વધારાનું ભારણ ઘટાડવા સેવા પુરી પાડવામાં આવે છે.

**પરંપરાગત ભારતીય દવાઓ :**

ભારત જેવા વિકસિત દેશમાં જટિલ અને ગંભીર બન્ને પ્રકારના રોગને શમન કરવા માટે વૈકલ્પિક ઔષધ પદ્ધતિ જેવી કે આયુર્વેદ, યોગા, યુનાની સિદ્ધિ અને હોમિયોપેથી અગત્યની ભૂમિકા ભજવે છે. આધુનિક દવાઓના યુગમાં અસરકારક કિંમત, ઓછી માત્રામાં ઝેરી, અસરકારક અને થોડી આડઅસર તેઓને અમૂલ્ય, જીવી શકાય તેવા અને ઉચ્ચસ્તરીય સુખનો વિકલ્પ આપે છે. ભારત જેવા દેશમાં મેડિકલ પ્રવાસીઓને લાભ એ રહે છે કે, તેઓ પરંપરાગત દવાઓના હેતુ ઉપર ધ્યાન આપી શકે છે. પરંપરાગત દવાઓની ઉપલબ્ધિના કારણે આધુનિક દવાઓ શોધાઈ. તે અગાઉથી જ સ્થાનિક દવાઓની પદ્ધતિથી સારવારનો વિકલ્પ મળી રહે છે. ભારતમાં એલોપેથિક મેડિકલ પ્રેક્ટીશનર ઉપલબ્ધ છે. તે ઉપરાંત સંખ્યાબંધ કુદરતી અથવા પરંપરાગત મેડિકલ પ્રેક્ટીશનરો દેશભરમાં તેમની સેવાઓ આપે છે. પરંપરાગત ભારતીય આરોગ્ય સારવારની જરૂરિયાત ૩૦૦૦ હોસ્પિટલોનાં ૭,૦૦,૦૦૦ પ્રેક્ટીશનરો દ્વારા પૂરી પાડવામાં આવે છે.

પરંપરાગત ટેકનિકવાળી ચિકિત્સા પદ્ધતિની લોકપ્રિયતાથી ભારતીય હોટલોને બજારમાં આવી સેવાઓ પૂરી પાડવા પ્રોત્સાહન મળ્યું છે. તેઓ વ્યવસાયિક સંસ્થાઓ સાથે તાલમેલ રાખીને આયુર્વેદિક મસાજની સેવા મોટા ફલકતા પૂરુ પાડે છે.

આ ઉદ્યોગની સમીક્ષા હાથ ધરાયા બાદ જણાયું છે કે, આયુર્વેદિક થેરાપી અને દવાઓની માંગ જોતાં ભારતીય આયુર્વેદિક ઉદ્યોગમાં તેનો વૃદ્ધિદર (૨૦૦૯ થી ૨૦૧૨) સુધીમાં ૨૨ ટકા થઈ જશે. અને ૨૦૧૨ બાદ તેની કિંમત ૧.૩ બિલિયન અમેરિકી ડોલર (યુ.એસ.ડી.) થઈ શકે છે. કેરાલા અને કર્ણાટકા (દક્ષિણ ભારત)ના બજારમાં વર્તમાન સ્થિતિએ આયુર્વેદિક બજાર ખૂબ જ ઊંચું છે.

આયુર્વેદિકના વર્ચસ્વનું મુખ્ય કારણ એ છે કે, આ સ્તિારમાં પરંપરાગત આયુર્વેદની પ્રેક્ટીસ બહોળા પ્રમાણમાં ચાલે છે. ખાસ કરીને કેરાલાને આયુર્વેદનું મુખ્ય મથક માનવામાં આવે છે. આરોગ્ય પ્રવાસનમાં આયુર્વેદનો સમન્વય ૧૯૯૪માં કરવામાં આવ્યો હતો. કેરાલા ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (કે.ટી.ડી.સી.) હોટલ, સમુદ્ર, કોવલમમાં આજ સમયગાળામાં આયુર્વેદિક હેલ્થ સેન્ટર ખોલવામાં આવ્યા હતા. આયુર્વેદના કારણે કેરાલા રાજ્યમાં પ્રવાસીઓનો ઘસારો દર વર્ષે ૨૦ થી ૨૫ ટકા વધી રહ્યો છે.

આયુર્વેદ ઉપરાંત તેઓ પાસે રોગ મટાડવા માટે વૈકલ્પિક પદ્ધતિમાં નેચરોપથી, યુનાની, હોમિયોપથી મોટા પાયે ભારતના વિવિધ પ્રદેશોમાં ચાલી રહી છે. આ ઉપરાતં કેરાલાના કેટલાક ભાગોમાં આદીકાળથી ચાલી આવતી વૈદ્ય પદ્ધતિ ચાલે છે. જેમાં વૈદ્ય દર્દીના શરીરના કેટલાક ભાગને સ્પર્શી અથવા નાડીના

ધબકારા ગણીને જરૂરી વનસ્પતિ ઔષધિ દવા સ્વરૂપે લેવાનું જણાવે છે. ભારતના અન્ય રાજ્યોમાં તેઓની આગવી મેડિકલ પદ્ધતિઓ અમલમાં છે. આવી મેડિકલ પદ્ધતિઓને મેડિકલ પ્રવાસીઓનો ફાયદો મળતો નથી. આમ છતાં આ સૌથી પુરાણી અને ચોક્કસ પદ્ધતિ છે. જે વર્તમાન સમયમાં હયાત છે.

આપણે જોયું કે મેડિકલ પ્રવસીઓને દેશમાં આમંત્રિત કરવા માટે આપણે અસરકારકતાથી અને ધીમી ગતિએ એક બાદ એક વસ્તુઓ ફુરસદે જોડી રહ્યા છીએ, પરંતુ આપણે પ્રવાસીઓને કઈ કિંમતી વસ્તુઓ આપી રહ્યા છીએ. તે અંગેની ચોક્કસ ચકાસણી રસપ્રદ બની શકે છે. કુદરતી ચિકિત્સા પદ્ધતિમાં રોગ મટાડવાની અસરકારકતા રહેલી છે. એલોપથી પદ્ધતિમાં ઝડપી લાભ એ મળે છે કે, વહેલાસર દુઃખાવામાંથી છૂટકારો મળે છે. જેમાં વાઢકાપ પણ કરવામાં આવે છે. આમ છતાં પરંપરાગત દવામાં રોગને પોતાની મેળે મટાડવાનો ઉદ્દેશ રાખવામાં આવે છે. જેમાં ચાલી રહેલી માંદગીમાં શરીરને સમય અને પોષક ખોરાક આપવામાં આવે છે. જેનાથી તે રોગ પોતાની મેળે મટાડે છે.

રોગમુક્ત કરવાના ઘટકતત્ત્વનું વાસ્તવમાં બહોળા ફલક ઉપર ધ્યાન કેન્દ્રિત થયું નથી અને વાસ્તવમાં આ શક્યતઃ વરદાનને ફક્ત કેટલાક લોકોએ જેઓ પાસે આયુર્વેદ અંગે અગાઉથી થોડું જ્ઞાન છે. તેઓ સ્પષ્ટ અને આના શક્યતઃ ફાયદા અંગે વિચાર કરી શકે છે. સરેરાશ પ્રવાસીઓ ફક્ત આ સારા સંદેશાનો અર્થ જાણે છે. જેઓ વાસ્તવમાં આયુર્વેદ અને અન્ય વૈકલ્પિક સારવારના ભેદ અંગે સારી રીતે જાણી શકે છે. આપણી પરંપરાગત પદ્ધતિ મેડિકલ પ્રવાસીઓને કઈ રીતે લાભપ્રદ બને છે. તે અંગે વિચાર કરવામાં આવે તો આપણે એક દેશ તરીકે અન્ય દેશના લોકોને અસલ રોગમુક્તિની અને આદર્શ પદ્ધતિ એક જૂથ તરીકે આપી શકીએ. જો આપણો વિશ્વના દેશોને સ્થાનિક આરોગ્ય પદ્ધતિ અંગે જાણકારી આપી શકીએ તો, કેવી રીતે લાભદાયી છે. તો આપણા માટે તેઓને આપણા દેશમાં આમંત્રિત કરવાથી તક રહેલી છે. અને તેઓ અસરકારક રીતે તેમના રોગ મટાડવા માટે આપણે ત્યાં આવી શકે. તેનો અર્થ એ થાય છે કે, તે આપણી સરકાર ઉપર નિર્ભર કરે છે કે, તે આ વિષયમાં કઈ રીતે જુએ છે. અને તે માટે સગવડતાઓ ઊભી કરે છે કે, કેમ? આવા સ્થળોએ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ઓફ ઈન્ડિયા (એસોચેમ) અનુસાર ઘરેલુ આયુર્વેદિક ઈન્ડસ્ટ્રીઝ માર્કેટ જેનો વર્તમાન અંદાજ રૂા. ૩૦૦૦ કરોડ આંકવામાં આવે છે. જે અંગે આયુર્વેદિક થેરાપી અને દવાઓની વધતી માંગને જોતાં,આવતા બે વર્ષમાં રૂા. ૫૦૦૦ કરોડ થઈ શકે છે. જેનું મુખ્ય કારણ એ છે કે, દિલ્હી એન.સી.આર. અને નોર્થન રીજનમાં મોટા પાયે આયુર્વેદિક- સ્પા સેન્ટરો અને મોટા પ્રમાણમાં હોસ્પિટલો શરૂ થઈ છે. તેઓ મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષે છે અને વધુ મોટી આવક ઊભી કરે છે. મુખ્ય અર્થપૂર્ણ માર્ગ એ છે કે, જેમાં આપણે આપણા રમણીય વિસ્તારોનું એકત્રીકરણ કરીને અંદાજિત પ્રવાહને પવિત્ર સેવાઓ પૂરી પાડીએ છીએ. પરંતુ જો આપણે વાસ્તવમાં આ સંદેશો વિશ્વભરમાં ફેલાવવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીએ તો તે ઉપખંડ છે. જ્યાં બહોળા પ્રમાણમાં અને વિવિધ વિચારો ધરાવતી વ્યક્તિઓને આપણી સેવાઓ હર્ષભેર દૂરદેશના પ્રવાસીઓને પૂરી પાડીએ છીએ. આપણે આપણી પરંપારગત મેડિકલ પદ્ધતિ કે જે આપણે ત્યાં ઉપલબ્ધ છે. તે અંગે પવિત્રતાપૂર્વક સેવાઓ પૂરી પાડીએ છીએ. આ પ્રમાણે આપણે મેડિકલ પ્રવાસીઓને ચોક્કસ એકમના દૃષ્ટિકોણથી આકર્ષી તેઓ પાસે પહોંચી શકીએ અને તેનું ફળ પણ મેળવી શકીએ છીએ.



●●●

# ગુજરાતમાં પ્રાકૃતિક અને સાહસિક પ્રવાસનની શક્યતાઓ

- પ્રિ.સી.ડી.મોદી

**દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો (આશરે ૧૬૦૦ કિ.મી.) ગુજરાત પાસે છે. વિશ્વમાં અન્ય ક્યાંય નથી તેવા સિંહો વાળું ગીર અભ્યારણ્ય ગુજરાતમાં છે. વળી ઘુડસર અને કાળીયાર અભ્યારણ્યો પણ છે. ગાઢ વનો નથી છતાં ગીરનું જંગલ, સાબરકાંઠામાં વીરેશ્વર, વિજયનગર, મધ્ય દક્ષિણ ગુજરાતમાં જાંબુઘોડા-હાથણી ધોધ જેવા મનોહર વનો છે. મોટી નદીઓ ઓછી છે. પરંતુ નર્મદા નદી જેટલી પણ ગુજરાતમાં વહે છે તેના કિનારે ઘણાં પ્રાકૃતિક સ્થળો છે. શુક્લતીર્થ, કબીરવડ, ચાણોદ કર્નાળી, કેવડીયા કોલોની, સરદાર સરોવર જેવા સ્થળો ખૂબ જ પ્રાકૃતિક અને મોહક છે.**

**મા**નવ જીવનમાં પ્રવાસ-પર્યટનનું ઘણું મહત્વ છે. આથી જ શાળા કોલેજો દ્વારા પ્રવાસો યોજાય છે. વ્યવસાયિકો વીકએન્ડ કે વેકેશનમાં પિકનિક પ્રવાસે જાય છે. ધંધાદારી મંડળો આછા વરસાદની મોસમમાં ટૂંકા પ્રવાસ યોજે છે. અને ઢળતી ઉંમરે લોકો જાત્રાએ જાય છે. ગુજરાતી ભાષામાં એક કહેવત છે કે.

**"જીવ્યા કરતાં જાણ્યું ભલું,**
**ને જાણ્યા કરતાં જોયું ભલું."**

યુથ હોસ્ટેલ્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા પ્રવાસ પ્રિય લોકોને પ્રાકૃતિક વાતાવરણના પ્રવાસની સગવડ પૂરી પાડે છે. આ સંસ્થાનું સૂત્ર છે. "wandering one gathers Honey." અર્થાત્ રખડતો વ્યક્તિ મધ પ્રાપ્ત કરે.

પ્રવાસ એટલે આનંદ પ્રમોદ, મોજમજા, મનોરંજન અને મસ્તી, પ્રવાસ એ માનસિક થાક દૂર કરે છે. અને સ્ફૂર્તિ આપે છે. આથી પ્રવાસ કાર્યક્ષમતા વર્ધક ગણાય છે. પ્રવાસનું શૈક્ષણિક મહત્વ ઘણું છે. તેનાથી વિભિન્ન પ્રદેશોના ઈતિહાસ, ભૂગોળ, સમાજ તથા સંસ્કૃતિ વિશે જાણકારી વધે છે અને સમાજ કેળવાય છે. પ્રવાસ વડે વિભિન્ન પ્રદેશોની પ્રજાને નજીકથી જોવા જાણવાનો મોકો મળે છે.

**પ્રવાસનું આર્થિક મહત્વ :**

પ્રવાસ એ આમ તો મોજમજા, મનોરંજન કે ધાર્મિક, આધ્યાત્મિક હેતુઓ પાર પાડે છે પરંતુ પ્રવાસનું એક મહત્વનું પાસું આર્થિક છે. પ્રવાસ એ એક મહત્વનો વ્યવસાય છે. પ્રવાસન પ્રવૃત્તિ ઘણી આર્થિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલી છે. ટ્રાવેલ બીજનેશ, ટ્રાવેલ એજન્સી, વાહન અને ઓટોમોબાઈલ, ટૂરીઝમ ગાઈડ, ટૂરીઝમ મેનેજમેન્ટ અને ટૂરીઝમ એજ્યુકેશન, હોટલ અને રેસ્ટોરન્ટ (નિવાસ અને ભોજન) વ્યવસાય, સામાન હેરફેર ની મજૂરી, હસ્તકલા-કામગીરીની ચીજો તથા સ્થાનિક વિશિષ્ટ વસ્તુઓનો વેપાર, પરચૂરણ વેપાર, સેવાઓ જેવી ઘણી અર્થોપાર્જન પ્રવૃત્તિઓનો વિકાસ પ્રવાસન સાથે જોડાયેલો છે. પ્રવાસન ઉદ્યોગ એ એક ઉદ્યોગ તરીકે સ્થાપિત થયેલો છે અને પ્રવાસન પ્રવૃત્તિને પરિણામે ઓછા મૂડી રોકાણ વડે વધુ રોજગારી સર્જાય છે. એટલે કે પ્રવાસન પ્રવૃત્તિને પરિણામે પરચૂરણ વેપાર, સામાન્ય સેવાઓ તથા મજૂરીની માંગ વધતી હોવાથી ગરીબી નાબૂદી તેમ જ જે તે સ્થાનિક સ્થળોના વિકેન્દ્રિત વિકાસ ના હેતુઓ સિદ્ધ કરવામાં પ્રવાસન પ્રવૃત્તિ ઉપયોગી ભૂમિકા ભજવે છે.

વિદેશી પ્રવાસીઓ પ્રવાસન ઉદ્યોગના વિકાસમાં મહત્વનો ફાળો આપે છે તથા વિદેશી હૂંડિયામણ રળી આપીને દેશની લેણદેણની તુલની ખાદ્ય-અસમતુલા ઓછી કરવામાં સહાયરૂપ થાય છે.

રાજ્યના ઝડપી આર્થિક વિકાસ માટે પ્રવાસન પ્રવૃત્તિનો વિકાસ ખૂબ જ આવશ્યક છે.

**પ્રવાસના વિવિધ પ્રકારો :**

પ્રવાસ એક પ્રવૃત્તિ તેમજ ઉદ્યોગ-વ્યવસાય છે. પરંતુ પ્રવાસના વિવિધ પ્રકારો છે, જે ઘણે અંશે પ્રવાસ સ્થળોની વિભિન્નતા તથા પ્રવાસના હેતુઓને આધારે દર્શાવાય છે.

(૧) ધાર્મિક પ્રવાસો

(૨) ઐતિહાસિક સ્થળો, મ્યુઝિયમ, મહેલો, પ્રાચીન ઈમારતો, સ્મારકો, મહાપુરુષોના સ્મારકો હેરીટેજ ટુરીઝમ.

(૩) પ્રકૃતિ, નેચર ટુરીઝમ જેમાં પ્રાકૃતિક સ્થળો ઉપરાંત પ્રકૃતિ સાથે જોડાયેલ એડવેન્ચર ટુરીઝમ પણ દર્શાવી શકાય. આવા પ્રવાસો માટે ઈકો ટુરીઝમ શબ્દ પ્રચલિત થયો છે.

(૪) બિઝનેસ ટૂર, ધંધા વ્યવસાય હેતુથી થતા પ્રવાસો જેમ કે વેપાર

(લેખક શ્રીમતી ટી.એસ.આર. કોમર્સ કોલેજ, પાટણમાં પ્રિન્સિપાલ છે.)

ઉદ્યોગના પ્રતિનિધિઓ, વ્યવસાયિકો દ્વારા ધંધાના સ્થળોની મુલાકાત.

(૫) શૈક્ષણિક પ્રવાસો - આવા પ્રવાસો મુખ્યત્વે પ્રત્યક્ષ જાણકારી - માહિતીના હેતુથી યોજાય છે, જે સાથે મનોરંજન નો મુખ્ય હેતુ હોય છે. પ્રાકૃતિક સ્થળો કે હેરીડીટીઝ સ્થળોએ જ મોટે ભાગે શૈક્ષણિક પ્રવાસો યોજાતા હોય છે.

(૬) આરોગ્ય સેવાઓનો વિકાસ તથા સસ્તા દરે સારી સેવાઓ ઉપલબ્ધ થતાં દર્દીઓ આ સેવાઓ લેવા વિદેશથી કે બીજા રાજ્યોમાંથી આવે છે. આ પ્રમાણ વધતું જાય છે, તેથી તેને હેલ્થ ટુરીઝમ તરીકે ઓળખવામાં આવે છે. અહીં મેડીકલ સેવાઓ આપતી હોસ્પિટલો ઉપરાંત આયુર્વેદ તથા નેચરોપથી પદ્ધતિની સારવાર સુવિધાઓનો લાભ લેવા માટે પ્રવાસીઓ આવે છે.

પ્રવાસના ઉપરોક્ત પ્રકારો પૈકી સૌથી મહત્વનો પ્રકાર ઈકો-ટુરીઝમ છે. કારણ કે લોકો આનંદ પ્રમોદ મેળવવા તથા પ્રદેશની જાણકારી મેળવવા પ્રદેશની જાણકારી મેળવવા પ્રાકૃતિક સ્થળોની મુલાકાત લે છે.

### ઈકો-ટુરીઝમ શું છે ?

Eco એ Ecology નું ટૂંકું રૂપ છે. Ecology એટલે જીવપદ્ધતિ અને જે તે સ્થળની ભૌગોલિક કુદરતી પરિસ્થિતિનું શાસ્ત્ર / વિજ્ઞાન. આને કુદરતી સ્થિતિ અથવા પરિસ્થિતિ વિજ્ઞાન તરીકે ઓળખવામાં આવે છે. જળ, જમીન, વાયુ અને સાથે જોડાયેલ જીવ અને વનસ્પતિ સૃષ્ટિમાં રહેલ વિશેષ સૌંદર્ય માણવા માટે કે તે વિષે જાણવા માટે યોજાતા પ્રવાસ એ ઈકો-ટુરીઝમ છે. ઈકો-ટુરીઝમમાં પ્રકૃતિ અને તે સાથે જોડાયેલ જૈવ વૈવિધ્યના સ્થળોનો સમાવેશ થાય છે. કુદરતની પ્રકૃતિની નજીક જવાથી આનંદ, શાંતિ અને જાણકાર મળે છે. કુદરતના વિવિધ સ્વરૂપને માળવા સાથે સાહસિક પ્રવૃત્તિઓ જોડાયેલી છે. કેમ્પ ફાયર, યાચીંગ (સમુદ્ર), રીવર રાફટીંગ, સ્કૂબા ડાઈવ (સમુદ્ર), રોક ક્લાઈમ્બીંગ, માઉન્ટેનિયરિંગ, ગ્લાઈડીંગ, સ્કીંઈગ (બરફની રમતો), ટ્રેકીંગ (વન, રણ, નદી કિનારા, પર્વત ટેકરીઓ વગેરે) જેવી વત્તી ઓછી સાહસિક પ્રવૃત્તિઓ પર્વત, ખડક, સમુદ્ર, ઝડપી દોડતી નદીઓ, જંગલ, રણ જેવા સ્થળોએ થતી હોવાથી ઈકો ટુરીઝમ સાથે એડવેન્ચર ટુરીઝમ ને એક જ પ્રકારમાં મૂકી શકાય.

### ગુજરાતમાં પ્રાકૃતિક સૌંદર્યનું વૈવિધ્ય

ગુજરાત પાસે ઉત્તરાખંડ, જમ્મુકાશ્મીર, હિમાચલ, પૂર્વાંચલના રાજ્યો, સિક્કિમ, કેરાલા, કર્ણાટક જેવું અને જેટલું કુંદરતી સૌંદર્ય નથી. ગાઢ જંગલો, મોટી નદીઓ ઊંચા પહાડો, બરફ આચ્છાદિત પર્વતો, નિર્મળ દરિયો, રમણીય હિલ સ્ટેશનો, ઊંચા મોટા ધોધ એ બધું ગુજરાતમાં નથી. આમ છતાં ગુજરાત પાસે કેટલીક પ્રાકૃતિક વિશેષતાઓ છે.

દેશમાં સૌથી લાંબો દરિયા કિનારો (આશરે ૧૬૦૦ કિ.મી.) ગુજરાત પાસે છે. વિશ્વમાં અન્ય ક્યાંય નથી તેવા સિંહો વાળું ગીર અભ્યારણ્ય ગુજરાતમાં છે. વળી ઘુડસર અને કાળીયાર અભ્યારણ્યો પણ છે. ગાઢ વનો નથી છતાં ગીરનું જંગલ, સાબરકાંઠામાં વીરેશ્વર, વિજયનગર, મધ્ય દક્ષિણ ગુજરાતમાં જાંબુઘોડા-હાથણી ધોધ જેવા મનોહર વનો છે. મોટી નદીઓ ઓછી છે. પરંતુ નર્મદા નદી જેટલી પણ ગુજરાતમાં વહે છે તેના કિનારે ઘણાં પ્રાકૃતિક સ્થળો છે. શુક્લતીર્થ, કબીરબડ, ચાણોદ કર્નાળી, કેવડીયા કોલોની, સરદાર સરોવર જેવા સ્થળો ખૂબ જ પ્રાકૃતિક અને મોહક છે. કબીરવડ તો વિદેશી પ્રવાસીઓને આકર્ષે તેવો વિશાળ અને મૂળ થડ શોધી ન શકાય તેવો છે. નર્મદાનો કિનારો ટ્રેકીંગ માટે ઉત્તમ છે. ગુજરાતના કેટલાક પહાડો-ટેકરીઓ પણ પ્રકૃતિ અને ફ્લોરા ફાઉનારાથી ભરપુર છે. બનાસકાંઠામાં જેસોર રીંછનું અભ્યારણ જૈવ વનસ્પતિનું ભારે વૈવિધ્ય ધરાવતી પ્રાકૃતિક ટેકરી છે. ગીરનાર ગુજરાતનો સૌથી મોટો પર્વત, ઈડરનો ગઢ, જેસોર વગેરે ટ્રેકીંગ અને ખડક ચઢાણ ની સાહસિક રમતો માટે વધુ વિકસે તેવા છે. હીલ સ્ટેશન તરીકે સાપુતારાના વિકાસની હજુ ઘણી શક્યતાઓ છે. નજકીમાં આવેલો વઘઈનો બોટનિકલ ગાર્ડન ફ્લોરા-વનસ્પતિ વૈવિધ્ય ની રીતે સુંદર છે. નળ સરોવર એક માત્ર મોટું સરોવર બોટીંગની મજા માણવા સાથે પક્ષીઓનું અભ્યારણ છે. દેશ વિદેશના પક્ષીઓને નિહાળવા માટે આ ઉત્તમ પ્રવાસધામ છે. વિશાળ દરિયા કિનારો 'અય સાગર કી લહેરો હમ ભી આતે હૈં ઠેહ્રો' ગાવાનું મન થાય તેવા કેટલાક દરિયા કિનારા છે. દીવના બીચ, દમણનો બીચ, માંડવી કચ્છનો બીચ,માંડવી અહેમદપુરનો બીચ, તીથલનો બીચ વગેરે મોટા લાંબા બીચ છે જે પ્રવાસીઓને આકર્ષે છે. સૌથી વિશિષ્ટ દરિયા કિનારો ચોરવાડનો છે. ઊંચા ઊંચા મોજા કિનારાના ખડકોને અથડાઈને મોતના દાણા જેવા ફીણ દૂર સુધી ફંગોળે તે આહલાદક દ્રશ્ય જોવા પ્રવાસીઓ કલાકો સુધી બેસી રહે છે. ગુજરાતમાં કચ્છનું રણ વિશિષ્ટ કુદરતી ભૂ ભાગ છે. કચ્છના રણમાં ટ્રેકિંગ કરવા સાથે કચ્છની ભાતિગળ સંસ્કૃતિ જાણવા માણવાનો સંપૂર્ણ આનંદ મળે તેવું આ પ્રવાસ સ્થળ છે. પ્રાચીન ગુફાઓ, ઘુડસર તથા રણનું ફાઉનાપ્રાણી સૃષ્ટિ જોવાનો અનેરો લાભ મળે તેમ છે.

જામનગર પાસેનો પીરોટન (પરવાળા)ના ટાપુ દરિયાઈ આશ્ચર્ય છે. દરિયાઈ જીવો પરવાળા કરચલા ના અવશેષોથી બનેલ પીરોટન ટાપુઓ ઓટ સમયે ફરી શકાય તેવા હોય છે, પરંતુ ભરતી વેળા આ ટાપુઓ દરિયાઈ પાણીમાં ડૂબી જાય છે. કુદરતની વિવિધતા જોવા સાથે રોમાંચ માણવાની પણ તક મળે છે.

રાજ્યમાં ઘણા રીલિજિયસ(ધાર્મિક) પ્રવાસ ધામો કુદરતના સામીપ્યમાં આવેલા છે. આરાસુરી અંબાજી અને ગબ્બર, ચોટીલા ચામુંડા, પાવાગઢ મહાકાળી, ગીરમાં કનકાઈ માતા, સતાધાર અને તુલસીશ્યામ, નર્મદાના કિનારે ચાણોદ-કર્નાલી, શુક્લતીર્થ, કબીર વડ-કબીરમંદિર, ભાવનગર પાસે ભરતીમાં દરિયાઈ ડુબાઈ જતું નકળંગજી મહાદેવનું મંદિર, પાલીતાણા જૈન દેરાસરો, સોમનાથ મંદિર, દ્વારકાનું કૃષ્ણ મંદિર જેવા નાના મોટા સેંકડો ધાર્મિક પ્રવાસ ધામો પ્રકૃતિના સાહચર્યમાં વિકસ્યા છે.

**આંતરિક અને વિદેશી પ્રવાસીઓ**

ગુજરાતીઓ રાજ્ય બહાર દેશનાં વિભિન્ન પ્રવાસીઓ મોટી સંખ્યામાં પ્રવાસ કરે છે. આમાંના ઘણા ગુજરાતીઓએ રાજ્યમાં આવેલા સુંદર પ્રવાસ કેન્દ્રના પ્રવાસ કર્યો હોતો નથી. આથી ગુજરાતમાં આવેલા પ્રવાસ કેન્દ્રો વિષે યોગ્ય માહિતી મળે અને યોગ્ય પ્રચાર કરવામાં આવે તો રાજ્યના પ્રવાસ ધામો જોવાનો લાભ રાજ્યના પ્રવાસીઓ લઈ શકે. રાજ્યની પ્રજાને આકર્ષે તેવા ઘણાં પ્રવાસ ધામો રાજ્યમાં છે. વિદેશી સહેલાણીઓ ગુજરાત રાજ્યમાં ઓછા પ્રમાણમાં આવે છે. વિદેશી પ્રવાસીઓને આકર્ષી શકે તેવા કેટલાક ઈકો ટુરિઝમના પ્રવાસ કેન્દ્રો રાજ્યમાં વિકસી શકે તેવા છે.

ચોરવાડનો દરિયા કિનારો, ગીર અભ્યારણ (સાસણગીર), કચ્છનું રણ, માંડવી અહમદપુર, માંડવી કચ્છ, દીવ અને દમણ બીચ, ગીરનાર અને ઈડરના ખડકો ઉપર રોક ક્લાઈમ્બીંગ, રીંછ (જેસોર), ઘુડસર (કચ્છ) અને કાળિયાર (વલ્લભીપુર) અભ્યારણો, પક્ષી અભ્યારણ નળ સરોવર, નર્મદા કિરાને કબીર વડ, જાંબુઘોડા અને હાથણી ધોધના કુદરતી સ્થળો, જામનગર પાસેના પિરોટન ટાપુઓ વગેરે ગુજરાત બહારના અન્ય રાજ્યોના તેમ જ વિદેશી પ્રવાસીઓને આકર્ષી શકે તેવા ઈકો ટુરીઝમના પર્યટન કેન્દ્રો બની શકે તેમ છે. અહીં, પ્રકૃતિના વિવિધ સ્થળોની નજીકથી ઝાંખી કરવા સાથે એડવેન્ચર રમતો અને ટ્રેકિંગનો લાભ પણ લઈ શકાય છે.

**પ્રવાસન વિકાસના અવરોધો અને ઉપાયો :**

ગુજરાત સહિત આપણા દેશમાં પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓને કેટલીક અગવડો અને મુશ્કેલીઓનો અનુભવ થાય છે. આંતર માળખાકીય સવલતોનો અભાવ મુખ્ય સમસ્યા છે. મધ્યમ વર્ગીય પ્રવાસઓ માટે વ્યાજબી ભાડાની પ્રાથમિક સુવિધાપૂર્ણ હોટલોની તંગી વર્તાય છે. વળી ધનિક તેમ જ વિદેશી પ્રવાસીઓ માટે અદ્યતન સુવિધાપૂર્ણ હોટલોનો અભાવ કે અછત વર્તાય છે. કેટલાક પ્રવાસકેન્દ્રો ઉપર પીવાના સ્વચ્છ પાણી, ટોઈલેટ, આરામની જગ્યા, પાર્કિંગ વગેરેનો અભાવ હોય છે. કબીરવડ જેવી સુંદર જગ્યાએ ટોઈલેટ માત્ર દેખાવ પૂરતું જ હોય અને પ્રવાસીઓ તેનો ઉપયોગ ન કરી શકે અને દૂર વાડ આડશને શોધવા પડે તે કનમસીબી ગણાય, ફેરિયા, ટેક્ષી-રીક્ષાવાળા, દુકાનદાર, ગાઈડ, એજન્ટ વગેરે દ્વારા મુસાફરોને છેતરવા, ગેર માર્ગે દોરવા પ્રયાસ થાય છે. ક્યારેક દાદાગીરી, ખીસા કાપવા જેવા બનાવો પણ બને છે. પ્રવાસીની અજ્ઞાનતા, ભોળપણ, ઉદારતા કે મજબુરીનો ખૂબ જ ગેરલાભ લેવાય છે. આ વલણ રોકવું જોઈએ. 'અતિથી દેવો ભવ' સૂત્ર પ્રવાસધામોએ બરાબર અમલમાં મૂકાવવું જોઈએ. સરકારી તંત્ર દ્વારા કે પ્રવાસ કાર્યાલયો દ્વારા પૂરતી માહિતી અને સહકાર મળવા જોઈએ.

પ્રાકૃતિક પ્રવાસ કેન્દ્રો ધરાવતા કેરાલા રાજ્યમાં એલીપ્પી-બેક્વોટર્સના એક્સ્પોટ ઉપર ની ટુરીઝમ ઓફિસમાં પ્રવાસીઓ માટે બેસવાની તેમ જ ટોઈલેટની સુંદર વ્યવસ્થા. આ કાર્યાલય ઉપર એક બોર્ડ ઉપર સુંદર લખાણ છે. - A tourist is the most important visitor on our Premises. He is not dependent on us, we are dependent on him. He is not interruption to our business. He is our business. We are not doing a favour by serving him. He is doing us a favour by giving us an opportunity to do so.

રાજ્યના વહીવટીતંત્રે તથા બધા જ સ્થાનિક યજમાનોએ આ લખાણ બરાબર યાદ રાખવા જેવું છે.

શાળા કોલેજોના શૈક્ષણિક પ્રવાસોને ઉત્તેજન આપવાની ખાસ જરૂર છે. માહિતી વિભાગ દ્વારા પ્રવાસન કેન્દ્રોની માહિતી સરળતાથી ઉપલબ્ધ હોવી જોઈએ. ગુજરાત રાજ્યે સાંસ્કૃતિક ઉત્સવો સાથે પ્રવાસન પ્રવૃત્તિને જોડીને પ્રવાસન ને ઉત્તેજન આપ્યું છે. વળી અમિતાભ બચ્ચન જેવી સેલિબ્રિટી પણ રાજ્યના બ્રાંડ એમ્બેસેડર તરીકે જોડાઈ હોવાથી પ્રવાસનને વેગ મળશે. રાજ્યમાં યુથ હોસ્ટેલ્સ એશોસીએશનની વધુ શાખાઓ સ્થાપવા પ્રોત્સાહન આપવું જોઈએ.

●●●

# ચાલો જાણીએ અમદાવાદનો ઇતિહાસ

– નેહા જાની

***અકબરના પુત્ર જહાંગીરે ઈ.સ. ૧૬૧૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રતિનિધિ ટોમસ શેને પહેલીવાર ભારતમાં વેપારની પરવાનગી આપી. જહાંગીરે અમદાવાદની ધૂળથી કંટાળીને તેને 'ગર્દાબાદ' કહ્યું હતું. અમદાવાદમાં જહાંગીર અને નૂરજહાંના સુવર્ણકાળના ઘણા કિસ્સાઓ નોંધાયેલ છે. રાણી નૂરજહાં બનીઠનીને બળદગાડામાં બેસી અમદાવાદમાં હરવા-ફરવા નીકળતી જહાંગીર પોતે બળદગાડું હાંકતો.***

ઈ.સ. ૧૪૧૧ માં અહમદ શાહે ૨૬મી ફેબ્રુઆરીએ રાજઘડનું બાંધકામ શરૂ કરાવી અહમદ આબાદ શહેર વસાવ્યું. આજે ૨૦૧૦-૧૧માં અમદાવાદ શહેરને ૬૦૦ વર્ષ પૂરા થાય છે. ઈ.સ. ૧૪૧૧ માં અહમદ શાહે અહમદ આબાદ શહેર બસાયાની દંતકથાથી માંડીને ૨૦૧૧ સુધીનું આધુનિક મેગાસિટી બનેલું અમદાવાદ પહેલાં મિલોથી ધમધમતું અને હવે મોલ તથા મલ્ટીપ્લેક્સ, રિવર ફ્રન્ટ અને બી.આર.ટી.એસ. જેવી હકીકતોનું સાક્ષી બની રહ્યું છે. ૫૯૯ વર્ષની સફર ખેડીને ૬૦૦ના આંકને આંબી રહ્યું છે. તો આ ૬૦૦ વર્ષમાં વિકસેલ અમદાવાદ શહેર ઉપર નજર નાખીએ.

છસો વર્ષ પહેલાં વસેલા અને આટલા સમયગાળા દરમ્યાન જોઈ ચુકેલા અમદાવાદ શહેરની તથા મુસ્લિમ રાજઘરાણાની તવારીખો ઠીક ઠીક પ્રમાણમાં ઉપલબ્ધ થઈ છે. આ છ સદીની ભવ્ય ગાથા વર્ણવતો ઇતિહાસ લખવાનું કાર્ય મગનલાલ વખતચંદ શેઠે કર્યું હતું. તેઓનો જન્મ ઈ.સ. ૧૮૩૦માં થયો હતો. નવાઈની વાત તો એ છે કે, દોઢ સદી પહેલાં આજના જેવી ટેકનોલોજી-ટેક્નિક્સ કે સાધનસામગ્રીનો અભાવ હતો, છતાં અમદાવાદનો વિગતવાર ઇતિહાસ લખતી વખતે મગનલાલની ઉંમર ૨૦ વર્ષની હતી. ૩૮ વર્ષની કાચી વયે મગનલાલનું અવસાન થયું. આધુનિક અમદાવાદના પહેલા ઇતિહાસની પહેલી આવૃત્તિ વર્નાક્યુલર સોસાયટીએ ૧૮૫૦માં પ્રસિદ્ધ કરી હતી. મગનલાલના અકાળે અવસાન પછી એનું નામ લુપ્ત થઈ ગયું હતું. ત્યારબાદ પુસ્તકનું પુનઃ મુદ્રણ થતાં વધુ માહિતી ઉપલબ્ધ થઈ.

– ગુજરાતના સુલતાનો પાસેથી સત્તા હસ્તગત કરનાર મોગલ શહેનશાહ અકબર તેના પિતા હુમાયૂં અને પુત્ર જહાંગીર ત્રણે જુદા જુદા સમયે અમદાવાદની મુલાકાત લીધી. હુમાયુ ૧૫૩૫માં અમદાવાદ પર આક્રમણ કરીને અમદાવાદના સૂબાઓને ઊંઘતા ઝડપી આ શહેરને મોગલ સામ્રાજ્યમાં ભેળવી દીધું.

– ઇતિહાસના વળાંકની દષ્ટિએ પણ અકબરના પુત્ર જહાંગીરે ઈ.સ. ૧૬૧૮માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રતિનિધિ ટોમસ શેને પહેલીવાર ભારતમાં વેપારની પરવાનગી આપી. જહાંગીરે અમદાવાદની ધૂળથી કંટાળીને તેને 'ગર્દાબાદ' કહ્યું હતું. અમદાવાદમાં જહાંગીર અને નૂરજહાંના સુવર્ણકાળના ઘણા કિસ્સાઓ નોંધાયેલ છે. રાણી નૂરજહાં બનીઠનીને બળદગાડામાં બેસી અમદાવાદમાં હરવા-ફરવા નીકળતી જહાંગીર પોતે બળદગાડું હાંકતો.

– અમદાવાદ ગુજરાત અને સમસ્ત પણે ભારતમાં દારૂબંધીને ગાંધીજી સાથે સાંકળવામાં આવે છે, પરંતુ ઇતિહાસના પાને નોંધાયેલી હકીકત ઘણી

જૂની છે. મોગલ શહેનશાહ જહાંગીરના સમયમાં પણ દારૂબંધી અમલી હતી તથા તે સમયે પોતાની રાજઆજ્ઞાઓ દર્શાવતું ફરમાનનો ગુજરાતમાં સખ્તપણે અમલ થતો. જહાંગીરની રાજઆજ્ઞાઓ જેવી કે, જળમાર્ગ પર લેવાતું મહેસૂલ અને રાહદારી વેરો (રોડ ટેક્સ) માફ, વેપારીનો માલ તેની ઇચ્છા વિરુદ્ધ તપાસવો નહી. તેઓ માલ ગમે તેને વેચી શકે. જેના માથે સરકારી લેણું ન હોય તેવી વ્યક્તિનું મૃત્યુ થતા તેની સર્વમિલકત વારસદારને હરકત વગર સોંપવી. બિનવારસી મિલકતનો ઉપયોગ જાહેર બાંધકામ પાછળ ખર્ચવો. રાજ્યમાં દારૂ બનાવવો કે વેચવો નહીં. (હું તેનાથી ઘણો બરબાદ થયો છું.) ઘરવેરો લેવો નહીં. કોઈપણ ગુના માટે અંગછેદનની શિક્ષા ન કરવી. - પ્રજાની જમીન બળજબરીથી આંચકી લેવી નહી. વગેરે... ઉપરમાંની ઘણી રાજઆજ્ઞાઓ આજે પણ હોત તો કેટલું સારું થાત એવો વિચાર આવી શકે.

— અમદાવાદની સ્થાપનાની જેમ મણિનગરગની સ્થાપનાનો ઇતિહાસ પણ રસપ્રદ છે. મણીલાલ રણછોડ લાલ પરીખના નામ પરથી મણીનગર નામ રાખ્યું. તેઓ ખૂબ ઈમાનદાર હોવાને કારણે વટવાની આસપાસની કેટલીય જમીનો ઇનામમાં મળી હતી. તેઓ શરાફી પેઢી ચલાવતા, સાથે જન્મ-મરણની નોંધ આ પરિવાર રાખતું. બે લગ્ન કર્યા છતાં સંતાનસુખથી વંચિત બેનના દીકરા માણકેને દત્તક લીધો. મણીલાલનું મૃત્યુ પછી માણેકે બધી જવાબદારી ઉપાડી. મણીપુરની સ્થાપના કરી. સ્ટેશનો સ્થાપ્યા. મુંબઈ પ્રાંતના અધિકારીએ કોઈ કારણસર મણીપુર નામ નામજુંર કરતા મણીનગર પાડ્યું. મણીનગર સ્ટેશન ૧ જાન્યુ, ૧૯૨૭ના રોજ મુંબઈના ગવર્નર રાઈટ ઓનરેબલ સર લેસ્લી વિલ્સન પી.સી.જી.સી. આઈ.આઈ. તથા નોબલ દીવાન બહાદુરની ખાસ મદદથી શરૂ થયું. મણીલાલની પત્ની કૃષ્ણબા પરથી કૃષ્ણબાગ અને માણેકના પુત્ર રામકૃષ્ણ પરથી રામબાગ, જે આજે પણ છે. અમદાવાદના આધુનિક ઇતિહાસમાં મણીગનરનું આગવું સ્થાન છે.

— અમદાવાદના મિલ ઉદ્યોગના પિતા ગણાતા રણછોડલાલ છોટાલાલ જેમસ લેંડન નામના અંગ્રેજની મદદથી સૌ પ્રથમ મિલ શરૂ કરવાનો શ્રેય પ્રાપ્ત કર્યો. ઇંગ્લેન્ડથી તેમણે મંગાવેલી યંત્રસામગ્રી દરિયામાં ડૂબી ગઈ છતાં હિંમત હાર્યા વિના ફરી યંત્રો મંગાવ્યા. તે વાયા મુબંઈ-ખંભાત બંદરે ઊતર્યા. ખંભાતથી ગાડામાં ચાર મહિને યંત્રો અમદાવાદ પહોંચ્યા. ત્યાર પછી ઈ.સ. ૧૮૫૯માં એક લાખ રૂ.ની મૂડીથી ૨૫૦૦ ત્રાકવાળી મિલ ધમધમતી થઈ. આ પ્રયાસ સફળ થયો.

— અમદાવાદની પોળોના નામ પણ કેવાં વિચિત્ર છે ? ધોબીની પોળમાં કોઈ ધોબી રહેતો નથી. રતનપોળમાં રતન વેચાતું નથી. માણકેચોકમાં માણેક જોવા મળતું નથી. ફાફડાની પોળમાં ફાફડાની દુકાન જ નથી, લીમડાની પોળમાં પણ લીમડો નથી. પીપળાની ખડકીમાં પીપળો નથી. પાડાની પોળમાં ગાયો ફરે, દોલતખાનામાં ગરીબો રહે. સુતારવાડાની પોળમાં એક ખીલી મારવા સુતાર મળે તેમ નથી, દરિયાપુરમાં ટેકરા છે. કાચવાડામાં લાકડાની લાટી છે. દેસાઈની પોળમાં રબારી નથી રહેતો. સાંકડી શેરી બહુ પહોળી છે. લાખા પટેલની પોળમાં નાગરો રહે છે. સુરતીની પોળમાં અમદાવાદી જ રહે છે. બાકી બે જ વસ્તુ સાચી છે. એક તો પાનકોર નાકે, કોરા પાન વેચનાર બંને દુકાનદારના નાક લાંબા છે. તળિયાની પોળમાં બૂટના તળિયા નાખી આપે છે. આ થઈ પોળની વાત હવે અમદાવાદની ઈ.સ. ૧૪૧૧ થી ૨૦૧૦ સુધીની તવારીખોની યાદી જોઈએ.

| ઈ.સ. | વિગત |
|---|---|
| ૧૪૧૧ | અહમદ શાહે રાજઘડ બાંધી અહમદ આબાદ શહેર વસાવ્યું. જે આજે ભદ્રના કિલ્લા તરીકે ઓળખાય છે. |
| ૧૪૪૧ | સુલતાન મુહમ્મદ શાહ પહેલો ગાદીએ આવ્યો. |
| ૧૪૪૬ | સંત અહમદ ગંજબક્ષ ખટ્ટૂ (રહ.)નો ઇંતેકાલ થયો. સરખેજનું બાંધકામ શરૂ થયું. |
| ૧૪૫૧ | સુલતાન કુત્બુદ્દીન ગાદીએ આવીને કાંકરિયા તળાવનો જીર્ણોદ્ધાર કર્યો. |
| ૧૪૫૩ | દરિયાખાન ઘુમ્મટનું નિર્માણ થયું. |
| ૧૪૫૪ | ઝૂલતા મિનારાની મસ્જિદનું નિર્માણ કર્યું. |
| ૧૪૫૯ | સુલતાન મહેમૂદ બેગડો ગાદીએ આવ્યો. |
| ૧૪૭૫ | હજરત શાહ આલમ (રહ.)સાહેબનું મૃત્યુ. જેમના નામ સાથે જોડાયેલ વિસ્તાર આજે પણ છે. |

૧૪૯૯ દાદા હરિની વાવનું નિર્માણ.
૧૫૧૧ સુલતાન મુઝફ્ફર શાહ બીજો ગાદીનશીન થયો.
૧૫૩૭ મહેમુદખાં શાહ બીજો ગાદીએ બેઠો.
૧૫૫૪ અહમદ શાહ ત્રીજો ગાદીએ આવ્યો.
૧૫૬૦ સીદી સૈયદની મસ્જિદનું નિર્માણ
૧૫૭૨ શહેનશાહ અકબરે અમદાવાદ જીત્યું.
૧૫૮૮ અકબરે બનાવેલા સૂબા મીરઝા અઝીઝ કોકાને સૂબેદાર બનાવ્યો.
૧૬૦૧ હેમવિજયના જાણીતા ગ્રંથ ‘કથારત્નાકર’ની સ્થાપના થઈ.
૧૬૧૬ રૂપચંદની ત્રણ પત્ની સતી થઈ. તેના નામના પિળાયા રચાયા.
૧૬૧૮ શહેનશાહ જહાંગીર અમદાવાદ આવ્યો અને શાંતિદાસ ઝવેરીને પહેલું શાહી ફરમાન પાઠવ્યું.
૧૬૨૧ શાહજહાંએ શાહીબાગમાં મહેલ બંધાવ્યો. એ જગ્યામાં આજે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક કાર્યરત છે.
૧૬૨૨ શાંતિદાસ ઝવેરીએ ચિંતામણી દેરાશરનું નિર્માણ કર્યું.
૧૬૩૧ અમદાવાદ શહેરમાં મોટો દુકાળ પડ્યો.
૧૬૪૪ ઔરંગઝેબ સૂબો થઈને આવ્યો. ચિંતામણિ દેરાસર તોડી પાડ્યું અને કોમી હુલ્લડ ફાટી નીકળ્યું.
૧૬૫૯ શાંતિદાસ ઝવેરીનું અવસાન.
૧૬૮૩ પૂર આવવાથી પાણી ત્રણ દરવાજા સુધી પહોંચ્યા હતા.
૧૭૦૮ બાલાજી વિશ્વનાથે અમદાવાદ શહેર લૂંટ્યું.
૧૭૨૪ મરાઠાઓએ અમદાવાદ લૂટ્યું. ફરીથી આવું ન થાય તે માટે જકાતની આવકનો પા ટકો ભગા લખી આપ્યો.
૧૭૩૧ જૈન દેરાસરના સંચાલન અને સખાવતી કાર્યો સાથે જોડાયેલી સંસ્થા ‘આણંદજી કલ્યાણજી’ની પેઢીનો પ્રારંભ
૧૭૩૨ દુકાળ અને પ્લેગના રોગચાળાથી અસંખ્ય મૃત્યુ.
૧૭૩૮ ગાયકવાડની હવેલી જ્યાં આજે પોલીસ કચેરી કાર્યરત છે.
૧૭૫૩ મોગલ શાસનનો અંત, મરાઠાઓની હકૂમતનો પ્રારંભ
૧૭૮૦ જનરલ ગોડા ર્ડે અમદાવાદનો કબજો લઈ શહેરની વહીવટ ફતેસિંહ રાવ ગાયકવાડને સોપ્યો.
૧૭૮૧ જેમ્સ ફોર્બસ સાહેબ અમદાવાદ આવ્યા.
૧૭૯૦ એક રૂપિયે પાંચ કિલો ઘી વેચવું પડે એવો લીલો દુકાળ સર્જાયો.
૧૮૦૪ સહજાનંદ સ્વામીની પ્રથમવાર પધરામણી થઈ.
૧૮૧૭ કલેક્ટર ડનલોપે શાસન હાથમાં લીધુ.
૧૮૧૯ ભૂકંપના આંચકાથી જામા(જુમ્મા) મસ્જિદના મિનારા પડ્યા અને અસંખ્ય મૃત્યુ.
૧૮૨૪ શહેરમાં સર્વપ્રથમ માપણીકાર્ય શરૂ થયું.અંગ્રેજી શિક્ષણ આપતી પ્રથમ શાળા તુલજારામ સખારામે શરૂ કરી.
૧૮૨૭ પ્રથમ ગુજરાતી શાળાની શરૂઆત.
૧૮૪૨ શહેરનું પ્રથમ રોમન કેથલિક ચર્ચ મીરઝાપુરમાં બંધાયું.
૧૮૪૬ પારસીઓની અગિયારી ખમાસામાં બંધાઈ.
૧૮૪૭ હઠીસિંહના દહેરાનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો.
૧૮૪૮ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની એલેકઝાન્ડર કિન લોક ફાર્બસના હસ્તે સ્થાપના થઈ અને ભદ્રના કિલ્લા પર ઘડિયાળ લગાવી.
૧૮૪૯ પ્રથમ વર્તમાનપત્રની શરૂઆત જેનું નામ ‘વરતમાન’ જે દર બુધવારે પ્રગટ થતું.
૧૮૫૦ કાલુપુરમાં પ્રથમ સ્વામિનારાયણ મંદિર નિર્માણ.
૧૮૫૧ પ્રથમ કન્યાશાળાની શરૂઆત.

૧૮૫૭ શહેર સુધરાઈ સમિતિઓ કાયદાની રૂએ કામ શરૂ કર્યું.
૧૮૬૧ રણછોડલાલ છોટાલાલ શેઠે પહેલી કાપડની મિલ શરૂ કરી.
૧૮૬૩ રેલવે સ્ટેશન બાંધ્યું. પછી મુંબઈ સાથે રેલવે વ્યવહાર થયો.
૧૮૬૬ આઈ.પી. મિશન હાઈસ્કૂલની શરૂઆત.
૧૮૬૭ પ્રેમચંદ રાયચંદ ટ્રેઈનિંગ કૉલેજની શરૂઆત.
૧૮૭૦ પ્રથમ પુલ એલિસબ્રિજનું નિર્માણ.
૧૮૭૯ ગુજરાત કૉલેજનો આરંભ
૧૮૮૦ કેલિકો મીલની શરૂઆત થઈ.
૧૮૮૧ ઘી કાંટાની સિવિલ હોસ્પિટલમાં બી.જે. મેડિકલ કૉલેજ શરૂ થઈ.
૧૮૮૮ ગુજરાત ક્લબની સ્થાપના.
૧૮૯૨ પુરમાં તણાઈગ યેલ એલિસબ્રીજની પુનઃનિર્માણ
૧૮૯૩ પહેલું સિનેમાઘર ડાહ્યાભાઈ ધોળાજીએ બંધાવ્યું.
૧૮૯૪ શેરબજારની સ્થાપના
૧૮૯૭ માત્ર ૩૪ ગ્રાહકોથી ટેલિફોન સેવાની શરૂઆત.
૧૯૦૨ હઠીસિંહની વાડીમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું.
૧૯૦૭ આગ ઓલાવવા મ્યુનિસિપિલટીએ ‘ફાયર કિંગ મશીન’ વસાવ્યું.
૧૯૦૯ બહેરા-મૂંગા માટે શાળાની સ્થાપના થઈ.
૧૯૧૦ વિક્ટોરીઆ ગાર્ડનમાં મહારાણીનું બાવલું મૂકાયું.
૧૯૧૩ શહેરને વીજળી પૂરી પાડવા ઈલેક્ટ્રી સીટી કંપનીની સ્થાપના થઈ. કાંકરિયાને ભરતે રસ્તો બાંધવામાં આવ્યો.
૧૯૧૫ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કોચરબ ગામમાં.
૧૯૧૭ સત્યાગ્રહ આશ્રમ સાબરમતી લઈ જવાયો.
૧૯૧૯ નવજીવન પ્રેસની સ્થાપના. ગાંધીજી દ્વારા યંગ ઈન્ડિયા પ્રકાશનોની શરૂઆત.
૧૯૨૧ પ્રથમ ફોટો સ્ટુડિયો કાનેટકર એન્ડ કંપનીના નામે શરૂ.
૧૯૨૪ રવિ શંકર રાવળે ‘કુમાર’ માસિકની શરૂઆત કરી.
૧૯૨૭ મણીનગર રેલવે સ્ટેશનની શરૂઆત.
૧૯૨૮ શહેરની પહેલી હાઉસીંગ સોસાયટી ‘પ્રીતમનગર’ બનાવી.
૧૯૩૦ મીઠાના સત્યાગ્રહ માટે દાંડીકૂચની શરૂઆત.
૧૯૩૧ શેઠ વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ (વી.એસ.)ની શરૂઆત.
૧૯૩૨ ‘ગુજરાત સમાચાર’ દૈનિકનો પ્રારંભ.
૧૯૩૫ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના જે આજે પણ કાર્યરત છે.
૧૯૩૮ એમ.જે. લાઈબ્રેરી (માણેકલાલ જેઠાલાલ પુસ્તકાલય)ની શરૂઆત.
૧૯૩૯ સરદાર બ્રિજનો અને ગાંધીબ્રીજનો પ્રારંભ.
૧૯૪૧ ગીતામંદિર અસ્તિત્વમાં આવ્યું.
૧૯૪૪ મણીનગરમાં સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ થયું.
૧૯૪૭ દેશ સ્વતંત્ર થયો. શહીદ વિનોદ કિનારીવાલાની ખાંભી રચાઈ. આજે પણ સેવા આપતી એ.એમ.ટી.એસ. બસ સેવાની શરૂઆત.

૧૯૪૮ આકાશવાણી રેડિયો કેન્દ્ર અને એલ.ડી. એન્જિનિયરીંગ કૉલેજની શરૂઆત.
૧૯૪૯ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ.
૧૯૫૦ અમદાવાદ મ્યુનિસિપાલિટી કોર્પોરેશનમાં ફેરવાઈ.
૧૯૫૨ પ્રથમ એરકન્ડીશનર સિનેમાગૃહ 'રીલીફ'ની સ્થાપના.
૧૯૫૩ સિવિલ હોસ્પિટલ અસારવામાં શરૂ થઈ.
૧૯૫૬ મહાગુજરાત આંદોલનનો ઈન્દુચાચાની આગેવાનીમાં આરંભ.
૧૯૬૦ ગુજરાત રાજ્યની સ્થાપના સાથે અમદાવાદ પાટનગર બન્યું.
૧૯૬૧ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનની સ્થાપના થઈ.
૧૯૬૨ નહેરુ બ્રિજનો પ્રારંભ જવાહરલાલ નહેરુએ જ કરાવ્યો.
૧૯૬૭ સ્પેસ એપ્લીકેશન સેન્ટર (ઈસરોનો) પ્રારંભ.
૧૯૭૨ ડ્રાઈવઈન સિનેમા થિયેટરની શરૂઆત થઈ.
૧૯૭૫ દેશમાં જાહેર થયેલી આંતરિક કટોકટીમાં અમદાવાદની રાજકીય હિલચાલો મહત્ત્વની બની રહી.
૧૯૮૧ ગુજરાતી સાહિત્ય પરિષદને આજે છે તે પોતાનું મકાન મળ્યું.
૧૯૮૩ મોટેરા ગામમાં ક્રિકેટ માટે ગુજરાત સ્ટેડિયમની રચના થઈ.
૧૯૮૫ અનામત આંદોલન થયું. ગુજરાત સમાચાર ભવનને આગ લગાડી.
૧૯૮૬ પતંગ મ્યુઝિયમની શરૂઆત.
૧૯૯૧ અમદાવાદ શહેરને 'કર્ણાવતી' નામ આપવાનો ઠરાવ મ્યુનિસિપલ કોર્પોરેશનને પસાર કર્યો. જેને આજ સુધી મંજૂરી મળી નથી.
૧૯૯૫ મુંબઈમાં અવસાન પામેલ મોરારજી દેસાઈના અંતિમ સંસ્કાર અમદાવાદમાં થયા.
૧૯૯૬ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટને સરદાર પટેલનું નામ આપ્યું.
૧૯૯૯ સરદાર બ્રિજ એકમાંથી બે લેનનો થયો. બીજા વર્ષે ગાંધીબ્રીજ અને એલીસ માટે કરાવવામાં આવ્યું.
૨૦૦૧ ૨૬મી જાન્યુઆરીએ ધરતીકંપ.
૨૦૦૨ સાબરમતી ટ્રેન હત્યાકાંડને પગલે કોમી તોફાન થયા.
૨૦૦૫ શહેરને મેગાસિટીનો દરજ્જો પ્રાપ્ત થયો. ગાંધી આશ્રમમાં મોરારીબાપુએ રામકથા કરી જેનું આયોજન ગુજરાત સમાચાર દ્વારા થયું.
૨૦૦૭ અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સે અમદાવાદની મુલાકાત લીધી.
૨૦૦૮ ૨૬મી જુલાઈનો થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટમાં નિર્દોષ નાગરિકો મરણ.
૨૦૦૯ અમદાવાદ એરપોર્ટ પર નવા ડિપાર્ચર ટર્મીનલની શરૂઆત થઈ.
૨૦૧૦ અમદાવાદ શહેરની સ્થાપનાના ૬૦૦ વર્ષની ઉજવણી સાથે ગુજરાત રાજ્ય સ્થાપનાને તથા દેશને આઝાદી મળી પછી આયોજનની શરૂઆત થઈ. તેને ૬૦ વર્ષ પૂર્ણ થયા તથા ગુજરાત સરકાર દ્વારા આયોજન અને વિકાસને વાચા આપતું મેગેઝિન-પ્રકાશન 'યોજના' ૬૦ વર્ષ પૂર્ણ કરી રહ્યાનો સમન્વય સર્જાયો.

છેલ્લે, મહત્ત્વની વાત કે, અમદાવાદની સ્થાપનાને ૬૦૦ વર્ષ થતા, ગુજરાત યુનિવર્સિટીના કેમ્પમાં ૨૮૪૧ લોકોએ ત્રણ કલાકમાં પરમાત્માને ૨૮૪૧ ફૂટ લાંબો પત્ર લખ્યો. પત્ર લખવા માટે ૨૭૫ ટેબલો લગાવી સ્ટેજ બનાવ્યું. જેના પર ૪૦ ઈંચ પહોળો કાગળ પાથરી ૩૦૦૦ સ્કેચપેન દ્વારા ભગવાનને પત્ર લખવાની જીવનની એક રોમાંચક ક્ષણ પ્રાપ્ત કરી. આ પત્ર વિશ્વનો સૌથી લાંબો પત્ર મનાયછે. જે ગિનીસ બુક ઓર વર્લ્ડ રેકોર્ડ, લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તેમ જ એશિયા બુક ઓફ રેકર્ડમાં નોંધાવવાની કામગીરી શરૂ થઈ ગઈ છે. આ વાત અમદાવાદ માટે ગૌરવની વાત છે.

• • •

# અણહિલવાડ પાટણના સાંસ્કૃતિક ઇતિહાસનું અધ્યયન

- ગોવિંદ મકવાણા

***વનરાજે પોતાના મિત્ર અણહિલના નામ ઉપરથી અણહિલવાડ પત્તન રાજધાનીનું નામ રાખ્યું હતું. જે ૧૨મી સદીમાં મુસલમાનોના આક્રમણોમાં ખંડિત થયા બાદ મુસ્લિમ રાજવીઓએ તેનું નામ નહરવાલા રાખ્યું હતું. કાળક્રમે મુસ્લિમ શાસન નબળું પડતાં અણહિલવાડ પત્તનના બદલે માત્ર પાટણ નામ રહ્યું જે આજે પ્રચલિત છે. પત્તનનો અર્થ નગર એવો થાય છે. એટલે ઘણાં નગરોની પાછળ પત્તન શબ્દ વપરાયેલો છે.***

**પ્રા**ચીન જૈન ગ્રંથો, પ્રબંધોમાં અણહિલવાડ નામનો ભરવાડ જે વનરાજનો મિત્ર અને માર્ગદર્શક હતો તેણે દર્શાવેલા લાખ્ખારામ નામના સ્થળે ચાંપાની સલાહથી અને નાગેન્દ્રગચ્છના જૈન આચાર્યશ્રી શીલગુણસૂરીના વરદ હસ્તે વનરાજે વિક્રમ સંવત ૮૦૨માં વૈશાખ સુદ-૩ ને સોમવારે એક ધવલગૃહની સ્થાપના કરી રાજધાનીનું નગર વસાવ્યું જેનું નામ અણહિલવાડ રાખવામાં આવ્યું. જે કાળક્રમે ચૌલુક્ય વંશના રાજવીઓ અને વાઘેલા વંશના રાજવીઓની રાજધાની તરીકે ઇતિહાસમાં ખ્યાતિ પામ્યું. જૈન આચાર્યના શુભ હસ્તે અને શુભ ઘડીએ થયેલી નગરની સ્થાપના અને શ્રીદેવી શ્રાવિકાએ કરેલા રાજતિલકથી ગુર્જરશ્રવરના રાજકીય અને ધાર્મિક અને સાંસ્કૃતિક અને સુવર્ણકાળના ઐતિહાસિક બીજ રોપાયા હતા.

અનુશ્રૃતિઓમાં મળેલા જુદા-જુદા ઉલ્લેખો અને પ્રમાણો પ્રમાણે અણહિલવાડની સ્થાપના સંવત ૮૦૨માં થઈ હતી. અને ચાવડાવંશના રાજવીઓએ સંવત ૯૯૮ સુધી અણહિલવાડમાં રાજશાસન કર્યું. આમ અંદાજે બસો વર્ષ સુધી ચાવડાવંશના ગુર્જરેશ્વરોએ અણહિલવાડના વિકાસમાં મહત્વનું પ્રદાન કર્યુ હતું.

ઈ.સ. ૯૪૨માં ચૌલુક્યવંશના પહેલો રાજવી મૂળરાજ-૧લો ચાવડા રાજવીને પદભ્રષ્ટ કરીને અણહિલવાડની ગાદીએ આવ્યા હતા. ત્યારપછી રાજનગર અણહિલવાડનો મહાનગર તરીકે વિકાસ થયો. ઘણાં વિદ્વવાનોનું કેહવું છે કે, વનરાજ ચાવડાથી શરૂ થયે ચાવડાવંશની રાજધાની અણહિલવાડ ચાવડા રાજવીઓના સમયમાં ઘણી સમૃદ્ધ નગરી હતી. અર્થાત્ મૂળરાજને ચાવડાઓ પાસેથી એક મોટું અને સમૃદ્ધ રાજનગર મળ્યું હતું. જેની જાહોજલાલી કુમારપાળના રાજય શાસન સુધી ઉત્તરોતર વધતી રહી. વનરાજે પોતાને આપત્તિના સમયે મદદ કરનાર મિત્ર અણહિલ ભરવાડના નામને કાયમ રાખવા રાજનગરનું નામ અણહિલવાડ રાખ્યું. જે તેની મિત્ર પ્રત્યેની શુભ ભાવના દર્શાવે છે તેનું પ્રાચીન નામ અણહિલવાડ પત્તન હતું.

**રાજનગર અણહિલવાડ અને તેના સ્થાપત્યો**

વનરાજે પોતાના મિત્ર અણહિલના નામ ઉપરથી અણહિલવાડ પત્તન રાજધાનીનું નામ રાખ્યું હતું. જે ૧૨મી સદીમાં મુસલમાનોના આક્રમણોમાં ખંડિત થયા બાદ મુસ્લિમ રાજવીઓએ તેનું નામ નહરવાલા રાખ્યું હતું. કાળક્રમે મુસ્લિમ શાસન નબળું પડતાં અણહિલવાડ પત્તનના બદલે માત્ર પાટણ નામ રહ્યું જે આજે પ્રચલિત છે. પત્તનનો અર્થ નગર એવો થાય છે. એટલે ઘણાં નગરોની પાછળ પત્તન શબ્દ વપરાયેલો છે.

ગુજરાતના મહાકવિ નાનાલાલના વંથલીમાં આયોજિત જૈન પરિષદ પ્રતિષ્ઠોત્સવ પ્રસંગના વક્તવ્યમાં તેમણે કહ્યું છે કે, પંચાસરનું રાજ્ય વનરાજના હાથમાં હતું. શીલગુણસૂરિનો આશ્રય હતો. જો તેમ ન થયું હોત તો પાટણ અને સોલંકી રાજ્ય હોત નહીં એટલું જ નહીં પણ ગુજરાતના પાટનગર તરીકે સાત સૈકા સુધી રહ્યું તે પણ જૈન ધર્મને આભારી છે. ગુર્જરેશ્વરોના આ મહારાજ્યની સ્થાપનામાં તેના સોલંકી-વાઘેલા રાજવીઓ, અને વાઘેલા રાજવી સારંગદેવ સુધી વિક્રમ સંવત ૮૦૨ થી ૧૩૫૩ દરમિયાન તે રાજવીઓના રાજકારભારીઓ ખાસ કરીને જૈનધર્મના હોઈ અહિંયા શ્રી અને સરસ્વતીનો સુભગ સમન્વય થયેલો હતો. જૈનાચાર્યો અહિંયા વ્યસન ત્યાગ અને મંદિર નિર્માણ દ્વારા પ્રજા જીવનના સંસ્કારો ઘડી રહ્યા હતા. અને વિદ્વત્માન્ય જૈન સાહિત્યોથી, ગ્રંથોથી જૈન જ્ઞાન ભંડારોને સમૃદ્ધ પામી વનરાજ, મુળરાજ વિહાર, રામ વિહાર, ત્રિભુવાન વિહાર, કુમારપાળ જેવા જૈન પ્રાસાદો બંધાવ્યા હતા.

વનરાજના મંત્રી નિન્નયે ઋષભદેવ પ્રાસાદ બંધાવ્યો હતો. તેના વંશજો કુમારપાળ સુધી મંત્રી પદ પર હતા. જેમાં લહર, વીર, નેઢ, વિમલ, ધવલ, આનંદ, પૃથ્વીપાલ જેવા નામાંકીત વિદ્વાન મંત્રીઓ હતા. તદઉપરાંત જાંબ, ચંપક, મુંજાલ, સાંતુન, સજ્જન, ઉદયાન, બહાડ, આંબડ, આશુક, આલીગ, ઓલાક, કપર્દિ, કુમારસિંહ, વાધયન અને સર્વશ્રેષ્ઠ મહામાત્ય તરીકે ગુજરાતના ઈતિહાસમાં પ્રસિદ્ધિ પામેલા વસ્તુપાળ અને તેજપાળ જેવા વિદ્વાન મંત્રીઓ અને જૈન શ્રેષ્ઠીઓએ પાટણના શિલ્પ સ્થાપત્યમાં ઘણું મહત્વનું પ્રદાન આપેલ છે.

વિક્રમ સંવત ૧૧૭૫માં શ્રીમાલમાં દુષ્કાળ પડ્યો ત્યારે ઘણાં શ્રેષ્ઠીઓ, વણિકો અને આમ પ્રજા સહિત સંવત ૧૨૦૦ સુધીમાં પાટણમાં અને ગુજરાતના અન્ય નગરોમાં આવીને વસ્યા હતા. જે આજના શ્રીમાલો અને પોરવાડો જેવા જૈન શ્રેષ્ઠીઓ શ્રીમાલના વતનીઓ છે.

સિદ્ધરાજની ધર્મસભામાં દિગંબાચાર્ય કુમુદચંદ્રને શ્રી દેવસૂરીએ વાદ કરી જય મેળવવાથી સિદ્ધરાજે તેમને 'વાદી' બિરુદથી સન્માનિત કર્યા હતા. આચાર્ય હેમચંદ્રાચાર્ય સિદ્ધરાજના ઉપાસ્ય ગુરૂ હતા. તેઓ રાજગુરૂ તરીકે રાજ્યમાં પ્રચિલત હતા. કુમારપાળે પોતાનો કુલધર્મ છોડી આચાર્ય હેમચંદ્રાચાર્ય પાસેથી શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા તેથી તે **પરમાર્હત** કહેવાયો. સોમપ્રભસૂરિએ **'કુમારપાળ પ્રતિબોધ'**ની રચના કરી હતી.

હેમચંદ્રાચાર્યનું પાટણમાં આગમન થયું ત્યારે ૧૮૦૦ કોટિધ્વજ શ્રેષ્ઠીઓ તેમના પ્રવેશોત્સવમાં ઉપસ્થિત હતા. અણહિલવાડનો ઘેરાવો બાર ગાઉનો હતો. ૮૪ ચોક અને ૮૪ બજાર હતા. સોના રૂપાના સિક્કા પાડવાની ટંકશાળ હતી. પ્રાચીન પાટણ નગરી હાલના પાટણની પશ્ચિમે હતી. જૂના પાટણ નગરના માત્ર રાણીની વાવ અને સહસ્ત્રલિંગસરોવરના નષ્ટપ્રાય અવશેષો બાકી રહ્યા છે.

સિદ્ધરાજ જયસિંહે આચાર્ય હેમચંદ્રાચાર્ય દ્વારા રચિત પ્રાચીન જૈન સાહિત્યનો મહાન ગ્રંથ **'સિદ્ધહેમ વ્યાકરણ'** ગ્રંથની અસલ પ્રતને હાથી ઉપર સનમાનિત કરી નગરમાં ફેરવીને તેને ખુલ્લી મૂકી હતી. શ્રી લલિતપ્રભસૂરીએ રચેલી **'પાટણ ચૈત્યપાટી'**માં નોંધાયું છે કે, અહિંય પૂર્વે ૧૦૧ જૈન મંદિરો (ચૈત્યો) હતા અને ૯૯ નાના જૈન દેરાઓ હતા. આ ચૈત્યોમાં કુલ પ્રતિમાઓની સંખ્યા ૫૪૯૭ હતી. અને નાના દેરાઓમાં ૨૮૬૮ પ્રતિમાઓ હતી. પાટણના મંદિરોની કિંમતી અને વિશિષ્ટ મૂર્તિઓમાં વિદ્રુમપવાલની ૧, સીપની ૨ અને રત્નોની ૩૮ પ્રતિમાઓ હતી.

પંચાસરા પાર્શ્વનાથના પ્રાચીન મંદિરમાં કુમારપાળના મંત્રી પૃથ્વીપાલે તેની માતામહી પદમાવતીના કલ્યાણ માટે વિશાળ શિલ્પકૃત મંડપ બંધાવ્યો હતો. આ મંદિરમાં વનરાજ, સુરપાલની પ્રાચીન પ્રતિમાં કંડરાયેલી છે. જૂના પંચાસર ગામમાંથી આ પ્રતિમા લાવી વનરાજે પાટણમાં સ્થાપના કરી હતી.

આચાર્ય હેમચંદ્રાચાર્યના સંસ્કૃત **દ્વયાશ્રય** મહા કાવ્યમાં પાટણનું વર્ણન કરતાં નોંધ્યું છે કે, 'અણહિલવાડ પાટણ ભૂમિના સ્વસ્તિક જેવું, ધર્માગાર, નયના નિવાસરૂપ, શ્રી વડે સદા સમૃદ્ધ એવું અણહીલવાડ પાટણ નામે નગર છે.' અણહિલવાડ પાટણમાં શ્રી અને વિદ્યાનો સુભગ સમન્વય થયેલ હતો. ઉપર દર્શાવ્યા મુજબ પાટણને ભૂમિના સ્વસ્તિકની ઉપમા અપાઈ છે. શિલ્પ શાસ્ત્ર-વાસ્તુશાસ્ત્રમાં અષ્ટકોણાકૃતિ નગરને સ્વસ્તિક કહેવાય છે. એટલે હેમચંદ્રાચાર્ય આપેલ ઉપમા વાસ્તુસ્થિતિ દર્શક હોય પાટણનો આકાર સ્વસ્તિક જેવો છે. વનરાજે અહિંયા ધવલગૃહ બંધાવી રાજધાનીની સ્થાપનાની શુભ શરૂઆત કરી. ત્યારબાદ વનરશાજે પંચાસરા પાર્શ્વનાથનું મંદિર તેની સ્થાપના સાથે બંધાવેલ હતું. પંચાસર

ગામમાંથી પાર્શ્વનાથની મૂર્તિ લાવી અહીં પધરાવી હતી. અહીંયા ઘણાં ધાર્મિક સ્થાપત્યો રાજમહેલો, ધનિકો, શ્રેષ્ઠીઓની સમૃદ્ધ હવેલીઓ, મહેલો હતા. વનરાજે કંટેશ્વરીપ્રસાદ, અણહિલેશ્વર નિકેતન અને ધવલગૃહ યોગરાજે યોગેશ્વરનું મંદિર, ભૂયંડરાજે ભૂયંડેશ્વરપ્રસાદ, મૂળરાજે મૂળરાજવસહીકા, મુંજાલે દેવપ્રસાદ અને ત્રિપુરૂષપ્રાસાદ, ચામુંરાજે ચંડનાથપ્રાસાદ અને ચાચિલેશ્વરપ્રાસાદ, દુર્લભરાજે મદનશંકપ્રાસાદ, દુર્લભ સરોવર(જે પછીથી સહસ્ત્રીલીંગ સરોવર તરીકે ખ્યાતિ પામ્યું હતું.) વ્યવકરણ હસ્તિશાલા, ઘટિકાગૃહ સહિત સાતમાળનું ધવલગૃહ અને વીરપ્રાસાદ બંધાવેલ, ભીમદેવે ત્રિપુરૂષપ્રાસાદ, ભીમેશ્વરનું અને ભીરૂઆણીનું મંદિર, ભીમદેવની રાણી ઉદયમતિએ રાણીનીવાવ અને તેના મંત્રી દામોદરે દામો કૂવો બંધાવ્યા. કર્ણદેવે કર્ણમેરૂપ્રાસાદ, સિદ્ધરાજે કિર્તીસ્તંભ અને દુર્લભ સરોવરનો જિર્ણોદ્ધાર દ્વારા તેનું પુનઃસ્થાપન કર્યુ. તેને વિશાળ સરવોર બનાવ્યું. જે સહસ્ત્રીલીંગ સરોવર તરીકે ખૂબ જ તત્કાલીન સમયરાં પ્રખ્યાત હતું. તેના કીનારે સહસ્ત્ર શીવ મંદિરો બંધાવ્યા અને જેમા ૧૦૦૧ દીવડા તેની આરતી વખતે પ્રગટાવવામાં આવતાં હતા. જ્યારે તેના પ્રતિબિંબ સરોવરમાં પડતા ત્યારે તેનું વાતાવરણ ભક્તિમય આલહાદક લાગતું હતું. આ સરોવરને કિનારે સિદ્ધરાજે શસ્ત્રાગર, વિદ્યામઠો બંધાવ્યા હતા. કુમારપાળે કુમારપાળવિહાર, ત્રિભુવનવિહાર જેવા અનેક ધાર્મિક વિહારો શિલ્પ સ્થાપત્યના બેનમૂન નમૂનાઓ અણહિલવાડમાં બંધાવ્યા હતા તેમાંથી આજે માત્ર રાણીનીવાવ અને સહસ્ત્રલિંગ સરોવરના અવશેષો બચેલા છે. આ બંને શિલ્પ સ્થાપત્યો ઘણા વિશ્વ વિખ્યાત સ્થાત્યોમાં સ્થાન ધરાવે છે. બાકીના સ્થાપત્યો ભૌગોલિક અને કુદરતી આપત્તિઓમાં નાશ પામેલ છે. આ બધાનાં માત્ર તત્કાલીન વિદ્વાનોના ગ્રંથોમાંથી ઉલ્લેખો મળી આવે છે.

**વિદ્યાધામ અને સાહિત્યધામ તરીકે અણહિલવાડ**

અણહિલવાડ માત્ર ગુર્જરેશ્વરોની રાજધાની ન હતી પરંતુ વિદ્યાધાની અને વિદ્યાધામ હતું. **વસંત વિલાસ** મહાકાવ્યના કર્તા બાલચંદ્રે તેનો ઉલ્લેખ કરતાં નોંધ્યું છે કે, कलहीदने व सह शारदया कमलात्र बारुससलोभवती અર્થાત આ નગરમાં નિવાસના લોભથી કમલા (લક્ષ્મી) અને શારદા (સરસ્વતી) સાથે કલહ કરતી નથી. શ્રી અને સરસ્વતીનો અહિંયા સુભગ સમન્વય થયેલો હતો. સહસ્ત્રલીંગ સરોવર નગરજનોનું પૂજાસ્થાન વિદ્યાધામ અને આનંદપ્રમોદનું અજોડ સ્થાન હતું. તેના કિનારે સિદ્ધરાજે વિદ્યામઠો બંધાવ્યા હતા. જેમાં અધ્યાપકો, વિદ્યાર્થીઓ માટે રહેવા જમવાની વિનામૂલ્યે સગવડો કરી હતી. આ વિદ્યામઠોની નગરના શ્રેષ્ઠીઓની પણ સહાય મળતી. વિદ્યામઠોમાં તર્ક, લક્ષણ (વ્યાકરણ) અને સાહિત્યની વિદ્યાત્રયીનો અને વિવિધ દર્શન શાસ્ત્રોનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. તત્કાલીન સમયમાં રચાયેલા ગ્રંથો, પ્રશસ્તિઓ, અને સાહિત્યિક લેખોની રચના ઉચ્ચકોટિનું વિદ્વત્વ અને કવિત્વ હતું. કવિ શ્રીપાલે રચેલી વડનગરપ્રશસ્તિ, સહસ્ત્રલિંગસરઃ પ્રશસ્તિ, રૂદ્રમહાલ પ્રશસ્તિ, કવિસોમેશ્વર (કવિ સોમેશ્વરે રચેલા ગ્રથ કિર્તિકૌમુદિમાં અણહિલવાડનું વર્ણન કરેલ છે. તેમાં રાજા મૂળરાજ-૧થી ભીમદેવ-બીજા સુધી અને વાઘેલા રાજવીઓ અણોરાજથી ધોળકાના વિરધવલ સુધીના રાજવીઓનું વર્ણન આવે છે. કવિ સોમેશ્વર ભીમદેવ-બીજાથી વિશલદેવના રાજપુરોહિત તરીકે નિયુક્તા હતા) જયસિંહસૂરી, નરચંદ્રસૂરી અને નરેન્દ્ર પ્રભસૂરીએ રચેલી પ્રશસ્તિઓ સુંદર ઉત્કૃષ્ટ કાવ્યગ્રંથો હતા. તમામ સાહિત્ય પાંડિત્યપૂર્ણ હતું. સોલંકી, વાઘેલાયુગમાં અનેક નામાંકિત કવિઓ વિદ્વાનો થયા હતા. સોમપ્રભસૂરીએ **કુમારપાળ પ્રતિબોધ,** લલિતપ્રભસૂરીએ **પાટણ ચૈત્યરપાટી,** સોમેશ્વરે **કિર્તિકૌમુદી,** બાલચંદ્રે **વસંતવિલાસ,** અરીસિંહે **સુકૃતસંકિર્તન** તથા મંત્રી યશપાલે **મોહરાજ પરાજય** નાટક લખ્યું હતું. હેમચંદ્રના શિષ્ય રામચંદ્રે **કુમારવિહારશતક** જેવી ઉત્કૃષ્ટ સાહિત્યિક કૃતિની રચના કરી હતી.

ગુર્જરેશ્વરની વિદ્યાસભામાં દેશવિદેશના વિદ્વાનો આવતા હતા. સિદ્ધરાજની વિદ્યાસભાના ઉલ્લેખો સમકાલીન વિદ્વાન યશચંદ્ર રચિત **મુદ્રિતકુમુદચંદ્ર** નાટકમાંથી મળે છે. બ્રાહ્મણ અને જૈન વિદ્વાનો તથા શ્રમણોએ પાટણને પોતાની કર્મભૂમિ બનાવી હતી. પ્રાચીન ગુજરાતના આ રાજવંશમાં અનેક વિદ્વાનોએ સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યમાં જે પ્રદાન કર્યુ છે તેમાં પ્રાચીનકાળના પાટણના વિદ્વાનો રચિત ગ્રંથોનો સૌથી મોટો ફાળો છે. પ્રાચીન અણહિલવાડના હસ્તલિખિત જ્ઞાનભંડારો અને ગ્રંથભંડારો સિદ્ધરાજ અને કુમારપાળ જેવા મહાન રાજવીઓ અને પાટણના

મહામાત્ય વસ્તુપાળ તેમ જ અન્ય સ્થાનિક શ્રેષ્ઠીઓએ પાટણમાં ઘણું ધન ખર્ચીને જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા. તેમાં આજે પાટણનો જ્ઞાનભંડાર ભારતીય સંસ્કૃતિની ધરોહરની સમાન મોજૂદ અને વિશ્વ વિખ્યાત છે. સોલંકી અને વાઘેલા રાજાઓના શાસનકાળ દરમિયાન પાટણમાં લખાયેલી હસ્તપ્રતો પાટણ અને જેસલમેરના જ્ઞાનભંડારોમાં સંગ્રહાયેલી છે. આચાર્ય હેમચંદ્રે સંસ્કૃત અને પ્રાકૃતમાં **દ્વયાશ્રય, અભિધાનચિંતામણી, પ્રબંધચિંતામણી, સિદ્ધહેમે શબ્દાનુશાસન** રચ્યું હતું. જેમાંનો **સિદ્ધહેમ શબ્દાનુશાસન** સવા લાખ ગ્રંથપ્રમાણ વ્યાકરણગ્રંથ એક વર્ષમાં તૈયાર કર્યો હતો. તેને સિદ્ધરાજે હાથી પર મૂકીને નગરમાં તેની સવારી ફેરવીને આ ગ્રંથનું બહુમાન કર્યુ. અને તે ગ્રંથને રાજમહેલના કોશાગારમાં સંગ્રહિત કરવામાં આવ્યો. આ વ્યાકરણ ગ્રંથનું અધ્યયન, અધ્યાપન પાટણના વિદ્યાધામોમાં થવા લાગ્યું. જૈન સાહિત્યમાં પાટણ અનુશ્રુતિઓનો ખાસ ઉલ્લેખ આવે છે તે બધા સાહિત્ય ગ્રંથો અહિંના વિદ્વાનો દ્વારા તૈયાર કરવામાં આવતાં હતા.

**વ્યાપાર કેન્દ્ર અણહિલવાડ**

અણહિલવાડ વ્યાપારનું મોટું મથક હતું. તેમાંના કેટલાંક વ્યાપારીઓની સમૃદ્ધિ રાજ્યના રાજવી કક્ષાની હતી. અરબ મુસાફરોએ તેમની નોંધોમાં લખ્યું છે કે, પરદેશી પ્રવાસીઓ આ નગરમાં આવતા થાય એટલું તેનું મહત્વ હતું. વિદેશી મુસાફર અલ બેરૂનીએ અણહિલવાડને '**અણહિલવાડા**' તરીકે તેનો ઉલ્લેખ કર્યો છે. અલ ઈદ્રીસીએ પ્રવાસ નોંધમાં નોંધ્યું છે કે, ભૃગુકચ્છથી નહરવાલા (અણહિલવાડ)નો માર્ગ પ્રવાસ આઠ દિવસનો છે. પાટણ અનેક કરોડપતિ શ્રેષ્ઠીઓનું ભવ્ય નગર હતું. જેમની પાસે દરીયાઈ વ્યાપારી ધંધા વિકસેલા હતા.

પ્રાચીન ભારતવર્ષના સાંસ્કૃતિક ઐતિહાસિક અને સુવર્ણકાલીન રાજ્યોમાં ગુર્જરેશ્વરો - સોલંકી અને વાઘેલાના રાજ્યશાસનકાળમાં અણહિલવાડ પાટણનો જે સાંસ્કૃતિક વિકાસ થયો હતો અને તેનો જે સુવર્ણકાળ હતો તે દરમિયાન તેનો આર્થિક, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, સાહિત્યિક ક્ષેત્રે અને સમાજના તમામ વર્ગોની સુખ સમૃદ્ધિનો ઘણો વિકાસ થયો હતો જે ભારતવર્ષનો ખ્યાતિ પ્રાપ્ત નગરોમાં અણહિલવાડનું વિદ્યાધામ અને શિલ્પસ્થાપત્યનાં સાંસ્કૃતિક નગર તરીકે ખાસ સ્થાન હતું. તેનું સાંસ્કૃતિક ક્ષેત્રે ઘણું મોટું પ્રદાન હતું અને આ કાળમાં ખાસ કરીને સિદ્ધરાજ કુમારપાળના વખતમાં અણહિલવાડનો શ્રી, સરસ્વતી, અને સાંસ્કૃતિક વિકાસનો સુવર્ણકાળ હતો. અણહિલવાડમાં જે શિલ્પ સ્થાપત્યો અને સાહિત્યિક કૃતિઓની જ રચનાઓ થયેલી હતી તેનું ભારતીય સંસ્કૃતિમાં ઘણું મોટું સ્થાન છે.

**સંદર્ભ ગ્રંથ :**


૧. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, સોલંકીકાલીન ગ્રંથ-૪, ૧૯૭૬
૨. જૈનતીર્થ સર્વસંગ્રહ. ભાગ-૧, ૧૯૫૩
૩. અણહિલવાડ પાટણની વિદ્યાકીય પ્રવૃત્તિ, શોધનિબંધ, ૧૯૮૮


તા. ૨૬-૨૭ ડિસેમ્બર ૨૦૦૯ દરમ્યાન અંબાજી મુકામે મળનાર ગુજરાત ઈતિહાસ પરિષદના ૧૮માં જ્ઞાનસત્રમાં રજૂ કરેલી શોધ નિબંધ.

સંપાદક, ડો. રસિકલાલ છોટાલાલ પરીખ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી

પ્રકાશક-શેઠ આણંદજી કલ્યાણજી

ગોવિંદ મકવાણા.

●●●

## ગ્રાહકોને અગત્યની સૂચના

**૧. દર મહિનાની - પહેલી તારીખે અંક નિયમિત પોસ્ટથી આપવામાં આવે છે.**

**૨. અમારી પાસે વધારાની નકલ ન હોવાથી ફરીથી અંક મોકલી શકતા નથી. જેની નોંધ લેવી.**

**૩. એક કરતા વધુ મહિના સુધી અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં ફરિયાદ કરવી.**

**૪. જૂના અંકો સ્ટોકમાં હાજર નથી.**

**૫. એમ. ઓ.થી મોકલનારે પત્રવ્યવહારનું સરનામું અચૂક લખવું.**

**૬. બહારગામના ચેકો સ્વીકારવામાં આવતા નથી.**

# કચ્છ પ્રવાસની નૂતન કેડીઓ

– સૂર્યકાન્ત ભટ્ટ

**ભૂ**સ્તરશાસ્ત્રીઓના મત મુજબ હજારો વર્ષ પૂર્વે કચ્છની ધરતી સમુદ્રતળમાં હતી. પૃથ્વીની ભીતરમાં થતી ઉથલપાથલથી ધરતીનો આ પ્રદેશ બહાર ઉપસી આવ્યો છે. કચ્છ શબ્દનો અર્થ સંસ્કૃતમાં કાચબો થાય છે. અગત્યની બીના એ છે કે, કચ્છનો ઇતિહાસ ભૂસ્તરીય હકીકતોની સાક્ષી પૂરે છે. એક ગ્રીક પ્રવાસીએ કચ્છનું નામ 'આભીર' હોવાનું નોંધ્યું છે. રણ, ડુંગરા અને દરિયો ધરાવતા કચ્છની એક આગવી ઓળખ છે. કચ્છી માડુઓ ખમીરવંતા કહેવાય છે, કારણ કે નિસર્ગદત્ત આપત્તિઓનો સામનો કરતા જ રહે છે.

કચ્છની ભૂમિનું જૂનું વૈવિધ્ય : કચ્છનો વિસ્તાર ૪૫,૬૯૨ ચો. કિ.મી. છે. વિસ્તારની રીતે ગુજરાત રાજ્યનો સૌથી મોટો જિલ્લો કચ્છ છે. કચ્છમાં ત્રેવીસ હજાર ચો. કિ.મી. રણ વિસ્તાર છે. માત્ર બાવીસ હજાર ચો.કિ.મી. ઉપયોગી જમીન છે. અત્યાર સુધીમાં દર પાંચ વર્ષે બે વર્ષ દુષ્કાળ રહિત રહેતા. સરેરાશ દસથી બાર ઇંચ વરસાદ પડતો રહે છે. કચ્છમાં બારમાસી નદીઓનો અભાવ છે. કચ્છમાં કચ્છી બોલીનું પણ વૈવિધ્ય તથા કચ્છમાં રહેતી ચારણ, જત, આહિર, રબારી, માલધારી આદિના પહેરવેશ કે સ્ત્રી-પુરુષોના પોષાક તથા ઘરેણા આભૂષણોમાં પણ વિવિધતા જોવા મળે છે. કચ્છ જિલ્લામાં દસ તાલુકાઓ ૯૪૯ ગામો છે. અંદાજે ૧૫ લાખની વસતિ છે. કચ્છનો ઉલ્લેખ વાયુપુરાણ, શ્રીમદ્ ભાગવત, મહાભારત, જૈન ગ્રંથો ભગવતી સૂત્રમાં પણ છે.

**ભીષણ ભૂકંપ બાદ કચ્છનું નવસર્જન :**

વિનાશ એ તો નવસર્જનનું પ્રથમ ચરણ છે એમ કહેવાય છે. તા. ૨૬-૧-૨૦૦૧માં તારાજ થયેલું કચ્છ, કચ્છની ખમીરવંતી અને મહેનત કશ, પ્રજાને કારણે વિકાસના ક્ષેત્રે સુખદા, શુભદા અને સર્વદા બની રહ્યું છે. કચ્છમાં ભૂકંપ બાદ નર્મદાનાનીર, વાહન અને સંદેશા વ્યવહારની વિસ્તરતી ક્ષિતિજો, વૈશ્વીકરણ, ઔદ્યોગીકરણ, બંદરીય વિકાસ, ચેક ડેમો, સહકારી પ્રવૃત્તિ, શૈક્ષણિક વધતા વ્યાપ કચ્છની આગવી યુનિવર્સિટી, ખેત બિયારણ, ખેત સુધારણા, નવા સાધ્ય જમીનો, વિદ્યુતીકરણ, પવન ઉર્જા, ગોબર ગેસ પ્લાન્ટ, આદિએ કચ્છને આર્થિક વિકાસના નકશામાં સ્થાન આપ્યું છે.

**કચ્છમાં પ્રવાસન ક્ષેત્ર :**

કચ્છમાં માટીકામ, ચર્મકામ, ભરતગૂંથણ કે આભલાભરત, આરતી ભરતની રમ્ય કારીગરી દ્વારા કચ્છી કારીગરોને સ્વરોજગારી ક્ષેત્રે સદ્ધર બનાવવા તથા કચ્છની બેનમૂન કળાઓ, સફેદ રણ અને ડુંગરો પરના પ્રાકૃતિક સ્થળોની મુલાકાત અર્થે કચ્છમાં ટુરીઝમને વિકસાવવા રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રણોત્સવ તથા કચ્છ કાર્નિવલ જેવા આકર્ષક કાર્યક્રમોની લોકોને ભેટ ધરી છે. તેઓ તો જણાવે છે કે, 'મારે તો કચ્છને સિંગાપુર બનાવવું છે.'

**કચ્છ રણોત્સવ :**

ગુજરાતના રાજ્યના વિકાસમાં કચ્છ સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજે એ માટે મુખ્યમંત્રીશ્રીએ કચ્છમાં રણોત્સવ અને કચ્છકાર્નિવલ જેવા ખાસ ફેસ્ટિવલોની રચના કરી. છેલ્લા પાંચ વર્ષથી સહેલાણીઓ દેશ-વિદેશથી પધારીને માણી રહ્યા છે. ભુજ શહેરમાં હમીરસર તળાવના કિનારા પર યોજાતા આ કાર્યક્રમમાં કચ્છની સંસ્કૃતિના દર્શન થાય છે. તો કચ્છના બન્ની વિસ્તારમાં 'ધોરડો' ગામે રણ વિસ્તારમાં પૂનમની ચાંદનીના શીતળ પ્રકાશમાં સફેદ રણનું અનુપમ સૌંદર્ય પ્રવાસીઓ માણે છે.

**કતલા કસબનો પ્રદેશ બન્ની :**

કચ્છની રણકંધીએ આવેલા અંદાજે ૩૮૪૭ ચો.કિ.મી. વિસ્તારને સદીઓથી 'બન્ની' વિસ્તાર કહેવાય છે. આ બન્ની

(લેખક ભુજ, કચ્છમાં જર્નાલીસ્ટ અને સોશીયલ વર્કર છે.)

એટલે વાસ્તવમાં કચ્છની ઓળખ. ગાંડા બાવળના ઝૂંડ એટલે બન્ની, પશુઓ માટે વિવિધ પ્રકારના ઊંચા ઘાસના મેદાનો એટલે બન્ની. વિશ્વના નકશામાં ખાસ તો ૨૩° થી ૧૯° તથા ૨૩° થી ૫૨° ઉત્તર અક્ષાંશ અને ૬૮° થી ૫૬°, ૭૦° થી ૩૨° પૂર્વરેખાંશ વચ્ચે આવેલું લગભગ સપાટ મેદાન એટલે બન્ની. જે સમુદ્ર સપાટીથી માત્ર ૨.૫ મીટરથી ૪.૫ મીટર ઊંચાઈ ધરાવે છે. આ વિસ્તારમાં ગાયો, ભેંસો, ઘેંટાં-બકરાં ઊંટ આદિ પશુઓ ધરાવતા માલધારીઓ વસે છે. સારા વરસાદમાં આ વિસ્તાર છલોછલ ભરાઈ જાય અને ઊંચા ઘાસમાં ભૂતકાળમાં ઘોડેસવારો પણ ગુમ થઈ જતા. અહિં માલધારી બહેનો જાતજાતના અને ભાતભાતના ભરતગૂંથણ કરી કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરે છે. મોરચંગ અને જોડિયાપાવા તથા કચ્છી કાફીનું સુમધુર સંગીત અહિં સાંભળવા મળે છે. ઢોરની ડોકમાં બાંધેલી રકીઓના મધમીઠા અવાજો મનને હરી લે છે. રોટલા, માખણ, ઘી, ગોળ, મીઠો માવો, આદિ દેશીભોજન સૌને આકર્ષે છે. ઊગમણી બન્ની અને આથમણી બન્ની એવા બે વિભાગમાં બન્ની વહેંચાયેલું છે. અહિં મૂળ રહેવાસીઓમાં મુતવા, જત, રાયથી, કુરાર, હિંગોરજા, ભુણેજા, ખંભાવગેરે માલધારીઓ છે. અહિં ગામોને 'વાંઢ' તળાવોને 'ઠઠુ' કહે છે. સૂકા દુષ્કાળમાં માલધારી હિજરત કરી જાય છે. વરસાદ થતાં પાછો આવી જાય છે. અહીં દલિતોની પણ સારી વસ્તી છે. તેઓ ચામડા પર ભરતગૂંથણ કરે છે. બન્નીના લોકો બન્નીયાર કહેવાય છે. અહિં ૪૦ પ્રકારના ઘાસો ઊગી નીકળે છે. માલધારીઓ 'ભૂંગા'માં જ રહે છે. ગાર માટીના આ ભૂંગા પર વરોણવંજી અને ઢળતું ઘાસ પથરાયેલું હોય છે. ઉનાળામાં ઠંડક આપે છે. તો શિયાળામાં ઠંડી પ્રવેશતી નથી. તેમ જ વરસાદમાં પણ ભૂંગામાં પાણી પ્રવેશતું નથી.

**કચ્છના ડુંગરાળ પંથક પ્રાકૃતિક પેયજળ**

કચ્છના કેટલાક ડુંગરાળ વિસ્તારોમાં કુદરતી પાણીની વીડી આવેલી છે. જ્યાં કાળમીંઢ ખડકો છે.ત્યાં લીલા નાળિયેરના જળ જેવા મીઠા જળની વીડીઓ છે. કચ્છના પાવરપટ્ટી વિસ્તારમાં 'ભગતવીડી' જાણીતી છે. બીજી મોરવડી જાણીતી છે. કચ્છમાં થાનની ઉત્તમ પશ્ચિમે ડુંગરાળ પંથકમાં 'સિદ્ધવીડી' તથા 'ધોકાવીડી' પણ જાણીતી છે. ધોકાવીડી પાસે 'કવસ' નામની વનસ્પતિ ઊગે છે. જે શ્વાસ તથા દમના રોગીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. ભૂસ્તરશાસ્ત્રીઓ જણાવે છે કે, જે ડુંગરો પર 'સાગ પથ્થર' હોય તેના નીચે અચુક મીઠું હોય છે. પર્યટકો માટે આ રમણીય સ્થળે જવા-આવવા, રહેવા-જમવાની સુવિધાઓ થવી જોઈએ.

**પ્રવાસન ક્ષેત્રે કચ્છનું નાનું રણ :**

સુરખાબ પક્ષીઓના પ્રજનન સ્થળ તરીકે જાણીતું તથા વિશ્વભરની ગધેડાઓની આઠ ઉપજાતિમાંથી બે ઉપજાતિ એશિયામાં છે. જેમાં એક કચ્છના નાના રણમાં પણ છે. જેને ઘુડખર કહે છે. આછા બદામી કલરના, શરીર પર આછા બદામી ધાબા, ચાર ફૂટ ઊંચાઈ વાળું આ પ્રાણી છે. ૪૦-૫૦ કિ.મી. ની ઝડપે દોડી શકે છે. ગુજરાત સરકારે કચ્છના નાના રણનો વિસ્તાર અભયારણ્ય તરીકે જાહેર કર્યો છે. પશ્ચિમ ભારતનું એકમાત્ર કન્ઝર્વેશન રિઝર્વ કચ્છના બન્ની પ્રદેશ મધ્યે એંશી કિ.મી. પથરાયેલું એક જળાશય છે. જેને 'છારીઢંઢ' કહે છે. ભુજ શહેરથી આશરે ૮૦ કિ.મી. દૂર આવેલું છે. જ્યાં ૨૨૫ જાતના પક્ષીઓ જોવા મળે છે. કૂંજ, સુરખાબ, સફેદ ઢાંક, બતક, જળમૂર્ગી, ડેઝર્ટ કાશર, ગડેશ, અબીલી વગેરે શિકારી પક્ષીઓ ઘુવડ, રણ, ચીબરી, સમળી, ગરુડ તથા ગીધ મુખ્ય છે. અહિં વન્ય પ્રાણીઓમાં ખાસ કરીને શિયાળ વરુ, હરણ, લોંકડી જોવા મળે છે.

**કચ્છ પ્રવાસનની નૂતન ક્ષિતિજો :**

કચ્છનું પ્રવાસનક્ષેત્ર બારેમાસ ધમધમતું રહે તેવું આયોજન થાય તો ટુરિઝમ દ્વારા કચ્છના ગૃહઉદ્યોગો કે હસ્તકળા કારીગરોને સ્વરોજગારીનું વ્યાપક ક્ષેત્ર મળવા પામશે. કચ્છનો દરિયાકાંઠો ૩૫૨ કિ.મી.નો છે. કંડલા, માંડવી, મુન્દ્રા, કોટેશ્વર, જખૌ આદિ બંદરોને આવરી લેતો પ્રવાસન રૂટ પણ પર્યટકો માટે ગોઠવવો જોઈએ. કચ્છ દર્શન માટેની બસો ભુજથી દરરોજ રવાના થવી જોઈએ. પાંચથી દસ રૂટ નવા રૂટો ગોઠવી શકાય તેમ છે. જેમાં હિન્દુ, મુસ્લિમ, જૈનોના યાત્રાધામો જે કચ્છમાં છે તેમનો સમાવેશ કરી શકાય. નવા પર્યટન ધામોમાં ધ્રુબઋષિનું ધ્રુબડી, કોઠારાના તપસ્વી પઠાપીર, એકલ વાંઢના એકલમાતા, રૂપારેલ નદી કાંઠાનું ભુવડ, મકેમર્ડોની સમાધિનું સ્થાન વરણુ વરણેશ્વર, રાવલપીરનું નવનિર્મિક મંદિર માંડવી, કચ્છના નાના રણના દ્વિપો, કંપકોટ આદિને સમાવી શકાય. પરિણામે કચ્છની ભાતીગળ સંસ્કૃતિ ઉજાગર થશે. કચ્છી કસબ કચ્છી કારીગરોને સ્વરોજગારી બક્ષસે. કચ્છની આ લોકકલાની સુગંધ વિશ્વમાં ચોમેર પ્રસરી જશે. કચ્છની આગવી સંસ્કૃતિનું જરૂર જતન થશે.

●●●

# ઈકો ટુરિઝમ અને ગુજરાત

– ડૉ. લલીત ચૌહાણ

***ગુજરાત રાજ્યમાં હાલ ૪ નેશનલ પાર્ક અને ૨૨ અભયારણ્યો આવેલા છે. આ અભયારણ્યોમાં આંતરમાળખાકીય સુવિધા ઉપરાંત ઈકો-ટુરિસ્ટોને ખાવા-પીવાની સવલત મળી રહે તે માટે વનવિભાગે આ યોજના તૈયાર કરી છે. જેસોર તથા રતનમહાલ રીંછ અભ્યારણ્યો, જાંબુઘોડા, બાલારામ, શૂલપાણેશ્વર, પૂર્ણા, થ્રોલ, વેળાવદર, મિતિયાળા, બરડા ડુંગર, ખીજડિયા, રામપરા, હિંગોળગઢ જેવી અનેક સાઈટો ઈકો-ટુરિઝમમમાં રસ ધરાવતા પ્રવાસીઓને આકર્ષી શકે તેમ છે.***

વર્તમાનમાં વૈશ્વિક સ્તરે હવામાનમાં બદલાવ, જૈવિક વૈવિધ્યતાની જાળવણી, તાજાં જળસ્ત્રોતો, પર્યાવરણીય પ્રવાસન, સાંસ્કૃતિક વારસો વગેરે પ્રશ્નોની અસર અસ્તિત્વમાં આવી છે. આધુનિક સમયમાં પ્રવાસન ઉદ્યોગના વિવિધ પાસા અનેક પ્રકારે વિકસી રહ્યા છે. જેમાંથી મહત્ત્વનો પ્રકાર 'ઈકો ટુરિઝમ'નું નામ ઉપસી આવ્યું છે. આજે વિશ્વના મોટાભાગના રાષ્ટ્રો પ્રવાસન ઉદ્યોગના – 'ઈકો ટુરિઝમ', 'મેડિકલ ટુરિઝમ', પ્રકારને વર્તમાન પરિસ્થિતિ 'ગ્લોબલ વોર્મિંગ' અસર હેઠલ ખૂબ જ મહત્ત્વ આપી રહ્યા છે. જેમના માધ્યમથી વિદેશી હૂંડિયામણ કમાણી, રોજગારી, કુદરતી અને સાંસ્કૃતિક સ્રોતને ગુણવત્તાયુક્ત વધારી રહ્યા છે.

'ઈકો ટુરિઝમ' શબ્દમાં બે ખ્યાલો સંકળાયેલા છે. પર્યાવરણ અને પ્રવાસન. આ શબ્દમાં પર્યાવરણની જાળવણી અને પ્રાવસનનો વિકાસ ને મહત્ત્વ આપવાનો પ્રયાસ છે. 'ઈકો ટુરિઝમ એટલે પ્રકૃતિને વિક્ષેપ કર્યા વગર, તેના મહત્તમ લાભો મળે તે રીતે પ્રવાસન પ્રવૃત્તિનો વિકાસ કરવો તે.' હેરલ્ડ ગુડ્વિને ૧૯૯૫માં ઈકો ટુરિઝમની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કે, 'સ્થાનિક લોકોને જોડે રાખીને પર્યાવરણને સમજવા કે તેના અભ્યાસ માટે પ્રાકૃતિક સંશોધનોને નુકસાન પહોંચાડ્યા વિના કરવામાં આવે તો હેતુલક્ષી પ્રવાસ એટલે ઈકો ટુરિઝમ.

વિશ્વ પ્રવાસન સંગઠન (ડબલ્યુ.ટી.ઓ) એ ઈકો ટુરિઝમની આપેલી વ્યાખ્યા સ્પષ્ટ અને સર્વગ્રાહી છે. આ એવી પ્રવાસન પ્રવૃત્તિ છે, જેમાં પ્રમાણમાં ઓછો વિક્ષેપ થયો છે. તેવા પ્રાકૃતિક વિસ્તારો, તેના વૃક્ષો-વનસ્પતિ, પ્રાણીઓ અને તેની સંસ્કૃતિનો અભ્યાસ કરવાની, તેને સમજવાની તેમ જ તેમાંથી આનંદ પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

**ઈકો પ્રવાસનની પ્રવૃત્તિઓ :**

ઈકો-ટુરિઝમનો પાયો પ્રકૃતિ અને પર્યાવરણ સાથે એકાત્મકતા કેળવવાનો છે. આથી ઈકો-ટુરિઝમ અંતર્ગત પ્રવૃત્તિઓમાં ટ્રેકિંગ, પર્વતારોહણ (માઉન્ટેનિયરીંગ), પગપાળા ભ્રમણ (હાઈકિંગ), સાયકલિંગ, પક્ષીદર્શન, નૌકાવિહાર, બરફમાં લસરવું (સ્કીઈંગ), તરાપામાં બેસીને તરવું (રાફટીંગ) અને કેઈકિંગ (ઢાળામાં લાકડાની પટ્ટીઓ વડે લસરવું), યોટિંગ, સ્કિઈંગ, વૉટર સ્પોર્ટસ, રણ-વનવિહાર, વરસાદમાં ભીંજાવું, પહાડો-ઝરણાં કે સરોવરો-નદી-દરિયાકિનારે ફરવા જવું, અભ્યારણ્યોની મુલાકાત વગેરે પ્રકારની હોય છે.

ઈકો ટુરિઝમ પ્રવૃત્તિઓમાં રોમાંચ અને પ્રકૃતિ પર જ પ્રવાસીનું ધ્યાન રહે છે. ઈકો ટુરિઝમમાં પ્રૌઢ અને પરિપક્વ યાત્રીઓને પણ ધ્યાનમાં રાખે છે. ઈકો-ટુરિઝમ એ ટોળાબંધ નીકળતા પ્રવાસીઓ

( લેખકશ્રી શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કૉમર્સ કૉલેજ, વ્યારા, જિ. સુરતમાં અધ્યાપક છે.)



કરતાં અલગ પ્રકારના પ્રવાસીઓનું ભ્રમણ છે. સામાન્ય પ્રકારના પ્રવાસીઓ રોજિંદી દિનચર્યાથી મુક્ત થઈ, રજાનો સમય આનંદથી પસાર કરવા માટે ઐતિહાસિક કે પ્રવાસન સ્થળે હરેફરે છે અને પાછો ફરે છે. તેમાંના મોટા ભાગના પ્રવાસીઓ, જે વિસ્તારમાં ફર્યા છે ત્યાંની પ્રકૃતિ કે સંસ્કૃતિમાંથી જ કોઈ પ્રેરણા મેળવે છે. ઇકો-ટુરિઝમની દૃષ્ટિએ તરાપામાં બેસીને નદી પાર કરતો સાહસિક પ્રવાસી નદી વિશે બહુ ઓછું જાણતો હોય છે. યા બિલકુલ જાણતો હોતો નથી, પરંતુ ઇકો-ટુરિઝમનો પ્રવાસી નદી તેના મહત્ત્વ અને તેની જાળવણી વિષે સભાન હોય છે. આમ, બન્ને પ્રવાસીઓના મનોવ્યાપારમાં તફાવત રહેલો છે.

**ઈકો - ટુરિઝમ પ્રવૃત્તિની જૂથવાર વહેંચણી :**

(૧) વન્યપ્રાણી વિસ્તાર કે પક્ષીઓ ધરાવતાં સ્થાન અથવા નેશનલ પાર્કની મુલાકાત.

(૨) એકસમાન રસ ધરાવતા લોકો માટે ટ્રેકિંગ, હાઈકિંગ કે સાયકલિંગ અથવા રેફટિંગ પ્રવાસ કરવાની પ્રવૃત્તિઓ.

(૩) જંગલો કે અન્ય પવિત્ર સ્થળોના પર્યટન જેમાં સ્થાનિક લોકોના ધર્મ અને સંસ્કૃતિ સમજવાનો હેતુ ધ્યાનમાં રાખવામાં આવ્યો હોય.

(૪) આ વિસ્તારના લોકોની વચ્ચે અથવા પ્રાચીન સ્થળે જઈ આસપાસના લોકોના રીતરિવાજો અને સંસ્કૃતિનું અવલોકન-દર્શન.

(૫) જળાશયો, ખીણો કે હિમાચ્છાદિત શિખરોની મુલાકાત.

**ગુજરાતમાં ઈકો-ટુરિઝમ :**

ગુજરાત રાજ્યમાં હાલ ૪ નેશનલ પાર્ક અને ૨૨ અભયારણ્યો આવેલા છે. આ અભયારણ્યોમાં આંતરમાળખાકીય સુવિધા ઉપરાંત ઈકો-ટુરિસ્ટોને ખાવા-પીવાની સવલત મળી રહે તે માટે વનવિભાગે આ યોજના તૈયાર કરી છે. જેસોર તથા રતનમહાલ રીંછ અભ્યારણ્યો, જાંબુઘોડા, બાલારામ, શૂલપાણેશ્વર, પૂર્ણા, થ્રોલ, વેળાવદર, મિતિયાળા, બરડા ડુંગર, ખીજડિયા, રામપરા, હિંગોળગઢ જેવી અનેક સાઈટો ઈકો-ટુરિઝમમમાં રસ ધરાવતા પ્રવાસીઓને આકર્ષી શકે તેમ છે.

વિશેષમાં રાજ્યની મુલાકાતે આવતા પ્રવાસીઓ માટે નવી અલગ જ 'ઈકો-ટુરિઝમ પોલિસી' બનાવવાનું પણ સરકારે નક્કી કર્યું છે. રાજ્યના પ્રવાસન વિભાગે આ પર્યાવરણીય પ્રવાસન નીતિ માટે જરૂરી વિગતો સાથેની દરખાસ્ત વન વિભાગને સુપ્રત કરી દીધી છે.

તાજેતરમાં ગુજરાતના પ્રવાસન મંત્રીના નિર્દેશાનુસાર રાજ્યની ઈકો-ટુરિઝમ સહિતની સમગ્ર નવી પ્રવાસન નીતિ તૈયાર થઈ રહી છે. ઈકો-ટુરિઝમના ભાગરૂપે સરકારે અત્યારે ૧૫ મહત્ત્વનાં પર્યટન સ્થળો અલગ તારવ્યાં છે અને તેના વિકાસની દિશામાં કામગીરી પણ શરૂ કરી છે. ગુજરાતમાં પણ ઈકો-ટુરિઝમનો નવોદય થઈ રહ્યો છે. ગુજરાતના રાજ્યમાં ઈકો ટુરિઝમ વિકાસની શક્યતા ખૂબ જ સારી છે. તે બાબતને ધ્યાનમાં રાખીને એક ઈકો ટુરિઝમ સેન્ટર 'કચ્છ - હોડકો ગામ'ની ચર્ચા કરીએ.

**કચ્છ હોડકોગામ ઈકો-ટુરિઝમ સેન્ટર**

જે સ્થળે લોકો રાહતકાર્ય માટે ગયા હતા, ત્યાં હવે પ્રવાસે આવે તે માટે નવો પ્રોજેક્ટ મિનીસ્ટ્રી ઓફ ટુરિઝમ, ભારત સરકાર અને યુ.એન.ડી.પી. ના સંયુક્ત સહકારથી હાથ ધરવામાં આવ્યો છે. વર્તમાનમાં ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાંથી કુલ ૩૧ ગામોને ઈકો-ટુરિઝમ માટે પસંદ કરવામાં આવ્યા છે.

જેમાં ગુજરાત રાજ્યમાં કચ્છનાં બન્ની વિસ્તારના હોડકો ગામને 'ઈકો-ટુરિઝમ' સ્પોટ તરીકે પસંદ કરવામાં આવ્યું છે.

**હોડકો ગામની લાક્ષણિતાઓ**

(૧) આ હોડકો ગામ ભૌગોલિક રીતે પણ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. જે ભૂજથી ૬૨ કિ.મી. દૂર મોટા રણમાં આવેલું છે. આ વિસ્તાર તેના ગ્રાસલેન્ડ માટે જાણીતો છે.

(૨) હોડકો ગામના મકાનોમાં ક્યાંય સિમેન્ટનો ઉપયોગ થયો નથી. પરંતુ પ્રવાસીઓ માટે પરંપરાગત 'ભુંગા' તૈયાર કરવામાં આવ્યા છે.

(૩) આ ગામની નજીક કચ્છનો કાળો ડુંગર, ઈન્ડિયા બ્રીજ અને કચ્છનું મોટું રણ આવેલું છે.

(૪) ગ્રાસલેન્ડને લીધે ફલેમિંગો, સાઈબેરિયન ક્રેન, સારસ ક્રેન જેવા માઈગ્રેટરી બર્ડ પણ આ વિસ્તારના મહેમાન બને છે.

(૫) ટુરિસ્ટ આ હોડકો ગામમાં રહીને આસપાસના વિસ્તારમાં ફરી શકે તે માટે વાહન વ્યવહારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

(૬) સ્થાનિક હસ્તકલાની બનાવટો પણ અહીંથી જ ટુરિસ્ટને મળી શકશે.

(૭) રાત્રિ રોકાણ સમયે ટુરિસ્ટ લુપ્ત થતી કચ્છની સંગીત પરંપરાનો આસ્વાદ પણ માણી શકશે.



**શા માટે હોડકો ગામને જ પસંદગી ? :**

ગુજરાત રાજ્યમાં કચ્છના દરેક ગામને પોતાની આગવી ઓળખ છે. છતાં પણ કચ્છનાં મોટા રણમાં આવેલું નાનકડું - 'હોડકો ગામ' ઈકો-ટુરિઝમના સેન્ટર તરીકે કેમ પસંદ કરવામાં આવ્યું ?

આ અંગે આ કાર્ય સાથે સંકળાયેલા લતાબેન સચદે કહે છે કે, 'ઈકો-ટુરિઝમ માટે હોડકો ગામ પસંદ કરવા માટેનું મુખ્ય કારણ તેની ભૌગોલિક સ્થિતિ છે. આ ગામ બન્ની વિસ્તારમાં આવેલું છે. આ વિસ્તાર તેના 'ગ્રાસલેન્ડ' માટે જાણીતો છે. ઉપરાંત હોડકો ગામની લાક્ષણિકતાઓ વગેરે આ તમામ વસ્તુઓ ટુરિસ્ટને એક જ સ્થળે એકસાથે મળી રહે છે.'

વિશેષમાં, સમગ્ર ટુરિસ્ટો સેન્ટર સ્થાનિક લોકો જ સંભાળી શકે તે માટે તેમને ટ્રેનિંગ આપવામાં આવી છે. આ યુવાનો ટુરિસ્ટ્સ માટે ગાઈડનું કામ કરશે. અત્યાર સુધી બહારથી આવતા પ્રવાસીઓ, સંશોધકોને જો અંતરિયાળ ગામડામાં જવું હોય તો ત્યાં કોઈ રહેવાની સગવડ મળતી નથી. જેથી કોઈપણ વ્યક્તિએ રાત્રીએ ભૂજમાં જ આવી જવું પડતું. હવે પ્રવાસીઓ આ તૈયાર કરેલા હોડકો ગામમાં જ રોકાઈ શકે તેવી તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમ કે, કચ્છમાં લોકો જે વિશિષ્ટ પ્રકારના ગોળ 'ભુંગા' બનાવીને રહે છે તેવા જ લીંપણવાળા ઘરોને સ્થાનિક ભરતકામથી શણગારવામાં આવે છે તેવા પ્રવાસીઓ માટે બનાવવામાં આવ્યા છે. તેમ જ કચ્છમાં એવા ઘણા કલાકારો અને ગાયકી છે જે હવે લુપ્ત થવાને આરે છે. તે તમામ કલાકારો અને ભજન મંડળીઓ પણ રોજ પ્રવાસીઓને સંભળાવશે. બહારથી આવતા પ્રવાસીઓને હસ્તકલાની બનાવટો જે બન્ની વિસ્તારની આસપાસની બહેનોએ તૈયાર કરેલી વસ્તુઓ લેધર, ક્લે, મેટલ, મડવર્ક, વુડ વગેરે મળી શકે છે. હોડકા ગામમાં રહીને ટુરિસ્ટ કચ્છનાં અન્ય જોવાલાયક સ્થળે ફરી શકે તે માટે વાહન-વ્યવહારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

●●●

# પ્રત્યક્ષ કરવેરાની આચારસંહિતા

– ડૉ. એન. મુનશી

***દર વર્ષે આવકવેરાના દર, કરમુક્ત આવકની મર્યાદા અને આવકના સ્લેબમાં ફેરફારો થતા જ રહે છે. આવકવેરાની જોગવાઈઓ વધુ પડતી પરિવર્તનશીલ બની જતી હોય છે. કરદાતાઓમાં ભય, શંકા અને અવિશ્વાસની લાગણીઓ ઉદ્‌ભવે છે, દેશની વધતી જતી જનસંખ્યા, બદલાતી જતી જીવનશૈલી તથા કાળા અને સફેદ નાણાંના સમાંતર અર્થતંત્રના વધતા જતા વ્યાપના કારણે, દેશના અર્થતંત્રને પર્યાપ્ત પ્રમાણમાં નાણાં ભંડોળ પૂરા પાડવામાં સરકાર મુશ્કેલીઓ અનુભવે છે.***

**સી**ધા કરવેરાની આવકમાં સરકાર અપેક્ષિત લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકતી નથી તેના અનેક કારણો જવાબદાર હોય છે. કરવેરા માળખાની પરિવર્તનશીલતા, કોર્પોરેટ ક્ષેત્રમાં તથા વ્યક્તિગત આવકવેરાના ક્ષેત્રમાં આપવામાં આવતા ટેક્ષબચતના પ્રોત્સાહનો મહત્ત્વનો ભાગ ભજવે છે. સી.બી.ડી.ટી. એ અને નાણા મંત્રાલયોએ આ અને આવા અનેક પરિબળોનો સંપૂર્ણ અભ્યાસ કર્યા બાદ પ્રત્યક્ષ કરવેરાની આચારસંહિતામાં તેના સચોટ નિદાન, સંપૂર્ણ વિશ્લેષણ સાથે રજૂ કર્યા છે.

આવકવેરા ધારાની જોગવાઈઓ સંપૂર્ણ તર્કબદ્ધ અને દેશના અર્થતંત્રની જરૂરિયાતોના પરિધમાં વણાયેલી હોય છે, પરંતુ તેના અમલીકરણની કાર્યવાહીઓ એટલી દ્વિધાજનક હોય છે. પરિણામે જોગવાઈઓનું પાલન કરનાર કરદાતા તેમાંથી છટકબારીઓ શોધવાનો સતત પ્રયાસ કરે છે. આવકવેરા ધારાની જોગવાઈઓની ભાષા, નિયમો-પેટા નિયમો, તેના પ્રત્યક્ષ અને પરોક્ષ પૂર્વાપદ સંબંધો તેના અર્થઘટનોના સંદર્ભમાં અદાલતી ચૂકાદાઓના સંદર્ભો, અધિકારીઓ, એકાઉન્ટન્ટસ અને અનુભવી સલાહકારોને સતત તણાવની પરિસ્થિતિમાં રાખે છે અને સમયબદ્ધતાનું પરિબળ તેમને હંમેશા દોડતા જ રાખે છે.

દર વર્ષે આવકવેરાના દર, કરમુક્ત આવકની મર્યાદા અને આવકના સ્લેબમાં ફેરફારો થતા જ રહે છે. આવકવેરાની જોગવાઈઓ વધુ પડતી પરિવર્તનશીલ બની જતી હોય છે. કરદાતાઓમાં ભય, શંકા અને અવિશ્વાસની લાગણીઓ ઉદ્‌ભવે છે, દેશની વધતી જતી જનસંખ્યા, બદલાતી જતી જીવનશૈલી તથા કાળા અને સફેદ નાણાંના સમાંતર અર્થતંત્રના વધતા જતા વ્યાપના કારણે, દેશના અર્થતંત્રને પર્યાપ્ત પ્રમાણમાં નાણાં ભંડોળ પૂરા પાડવામાં સરકાર મુશ્કેલીઓ અનુભવે છે.

આવકવેરા ધારાની જોગવાઈઓ સ્વયંમ વ્યૂહાત્મક આયોજન છે. પરિણામે જોગવાઈઓ, વધુ તર્કબદ્ધ, ગતિશીલ, સ્થિર છતાં પરિવર્નતશીલ, એકસૂત્રતાવાળી અને અસરકારક વસૂલાતના ખ્યાલને અનુસરતી હોવી જોઈએ. આયોજનના આ અભિગમને અનુલક્ષીને સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્ષીસના સંચાલકોએ આવકવેરા ધારાની જોગવાઈઓના પુનર્મૂલ્યાંકનો હાથ ધર્યા છે અને તેને પ્રજા સમક્ષ રજૂ કરી પ્રજાને સુશિક્ષિત કરવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે.

## કુલ કરપાત્ર આવક :

કરદાતાની ચાલુ નાણાંકીય વર્ષની કુલ આવક ગણવામાટે નીચે મુજબ સમીકરણ આપવામાં આવ્યું છે.

કુલ કરપાત્ર આવક = (A - B) + C

A = ઓર્ડિનરી સ્ત્રોતની કુલ આવક

B = બચત પ્રોત્સાહન સ્વરૂપે મળતી કપાતની રકમ વધુમાં વધુ ત્રણ લાખ, બાળકોની ટ્યુશન ફી સહિત.

C = વિશિષ્ટ કુલ આવક

(લેખક ભાવનગર યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર અને એક્સ ડીન ઑફ ફેકલ્ટી છે.)

### (C) બચત પ્રોત્સાહનો અને (Tax Incentives and EET)

ડી.ટી.સી.-૨૦૦૯માં કરદાતાના હિતમાં સંપૂર્ણ કરમુક્ત, અંશતઃ કરમુક્ત આવકો, સામાજિક ખર્ચ અને બચત સ્વરૂપ પ્રોત્સાહકોની ભલામણ કરે છે. આ જોગવાઈઓ મુજબ કુલ કરપાત્ર આવકમાંથી મળી શકતી કપાતો બેપ્રકારની છે.

(અ) સામાજિક ખર્ચ સ્વરૂપની કપાત

(બ) બચતને પ્રોત્સાહન સ્વરૂપની કપાત (Tax Incentives)

### (અ) સામાજિક ખર્ચ સ્વરૂપની કપાત :

(૧) બાળકોની ટ્યુશન ફી

(૨) દાક્તરી સારવારની રકમ

(૩) આશ્રિત અપંગ વ્યક્તિને મળતી રકમ

(૪) ઉચ્ચ અભ્યાસ માટે લીધેલી લોનનું વ્યાજ

(૫) ફેમિલી વેલફેર માટે કર્મચારી માટે ચૂકવેલ ખર્ચ

(૬) સ્વરોજગાર ધરાવતી વ્યક્તિ જે ભાડાના મકાનમાં રહે છે. તેનું ભાડું.

(૭) નોન-પ્રોફિટ એસોશિયેશનને આપવામાં આવેલ દાન

### (બ) બચત પ્રોત્સાહન સ્વરૂપની કપાત અને EET :

બચતને ઉત્તેજન મળે તથા ટેક્ષની ચૂકવણીમાં કામચલાઉ આંશિક રાહત મળે તે હેતુથી, કુલ કરપાત્ર આવકમાંથી વિશિષ્ટ બચત યોજનાઓમાં ભરવામાં આવેલી રકમ વધુમાં વધુ ત્રણ લાખ સુધી કપાત તરીકે આપવાની ભલામણ કરવામાં આવી છે.

આ માટે આચારસંહિતામાં EET ની પદ્ધતિની ભલામણ કરવામાં આવી છે. તેનું વિશ્લેષણ નીચે મુજબ છે.

(1) Exempt : વિશિષ્ટ બચત યોજનાઓમાં નાણાંકીય વર્ષ દરમ્યાન જમા કરાવેલી રકમ ઓર્ડિનરી સોર્સની કુલ કરપાત્ર આવકમાંથી બાદ કરી શકાશે. (Exempt) કાઢી નાખી Deduct શબ્દ મૂકવો જોઈએ.

(2) Exept : આ વિશિષ્ટ બચત યોજનાઓમાં જમા થયેલ રકમ તથા તેની ઉપર જમા કરવામાં આવેલ વ્યાજ, એલટે કે કુલ રકમ જ્યાં સુધી ઉપાડવામાં આવે નહિ ત્યાં સુધી વેરાની ગણતરીમાંથી મુક્ત રાખવામાં આવશે.

(3) Taxation : આ બચતના કુલ ભંડોળમાંથી જ્યારે રકમ ઉપાડવામાં આવશે ત્યારે, તે ઉપાડવામાં આવેલી રકમ, તે નાણાકીય વર્ષમાં 'અન્ય બાકી રહી જતા સ્ત્રોતની આવક'ના મથાળા હેઠળ દર્શાવવામાં આવશે અને કુલ કરપાત્ર આવકમાં તેનો સમાવેશ થતા કરદાતા જે વેરાના દર અને આવકના પગથિયે હશે તે દરે વેરો વસૂલ કરવામાં આવશે.

(4) આચારસંહિતામાં ખૂબ જ મહત્ત્વની અને સ્પષ્ટ જોગવાઈની ભલામણ કરવામાં આવી છે કે, તા. ૩૧મી માર્ચ ૨૦૧૧ સુધીમાં આ બચત ભંડોળમાં જમા થયેલી રકમ ઉપાડવામાં આવશે તો તેની ઉપર વેરો વસૂલ કરવામાં આવશે નહિ.

(૫) બચત યોજનાઓ :

તા. ૧ લી એપ્રિલ-૨૦૧૧ પછી EETની ભલામણો અનુસાર નીચે દર્શાવેલ તમામ બચત યોજનાના ભંડોળમાં નાણાકીય વર્ષ દરમ્યાન જમા કરવામાં આવેલી રકમો કપાત તરીકે મેળવી શકાશે.

(૧) કર્મચારીનો અને માલિકોનો ફંડમાં ફાળો... CPF

(૨) તમામ માન્ય પ્રોવિડંડ ફંડ

(૩) સુપર એન્યુ એશન ફંડ

(૪) જીવનવિમાની પોલીસીનું પ્રિમિયમ

(૫) નવી પેન્શન યોજનાઓના ટ્રસ્ટમાં ભરવામાં આવેલી રકમ

(૬) વહીવટી : ભંડોળોમાં જમા થયેલી તેમ જ ઉપાડવામાં આવેલી તમામ રકમોની સંપૂર્ણ માહિતીઓના વહીવટ માટે, મધ્યસ્થ સંગ્રાહક પદ્ધતિનું આયોજન કરવામાં આવશે અને તેના વહીવટ માટે એક 'સ્વતંત્ર એજન્સી' ડિપોઝીટર તરીકે પોતાની સેવાઓ આપશે.

### (D) સમીક્ષા અને સૂચનો :

ડી.ટી.સી. ૨૦૦૯ ની ભલામણો, અન્ય દેશોના અનુભવો-સંશોધનો અને ચર્ચા-વિચારણા બાદ રજૂ કરવામાં આવી છે. તેમાં આવકવેરા ધારાની કેટલીક જોગવાઈઓમાં આમૂલ પરિવર્તનો સૂચવવામાં આવ્યા છે. વેરાની આવકમાં થતો ઘટાડાને નિયંત્રિત કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. 'ટેક્ષ ફ્રેન્ડલી'નો સંદેશો પહોંચાડવાનું આયોજન છે. કેટલીક મહત્ત્વની જોગવાઈઓની સમીક્ષા નીચે મુજબ ટૂંકાણમાં રજૂ કરી છે.

આમ છતાં આ જોગવાઈઓ સરકારની વેરાની આવકમાં કોઈ ધરખમ વધારો મેળવી શકે તેમ નથી. કારણ કે કરમાળખાની જે મૂળભૂત નબળાઈ છે તે આ જોગવાઈઓમાં ચાલુ રાખવામાં આવી છે.

બચત પ્રોત્સાહનોના કારણે અન્ય પ્રોત્સાહનોને કારણે દા.ત. MAT સરકારને વેરાની આવકનું મોટું નુકસાન થાય છે. તે બ્રહ્મજ્ઞાન નાણાં મંત્રાલયને થયું છે. પરિણામે આચારસંહિતામાં EET અને MAT ની જોગવાઈઓ સુધારા સ્વરૂપે મૂકવામાં આવી છે.

આમ છતાં EET ના કારણે સરકારને વેરાની વાર્ષિક આવકમાં કોઈ વધારો થતો જ નથી. કારણ કે રકમ ૧૦-૧૨ વર્ષ પછી ઉપાડવામાં આવે ત્યારે ઘણા લાંબા સમયે વેરો વસૂલ કરવામાં આવશે.

હકીકતમાં બચત, કરપાત્ર આવક જ છે તેથી તેના ઉપર વેરો તો ભરવો જ પડે, કારણ કે આવકવેરા ધારાની જોગવાઈઓ આવક ઉપર કરની આકારણી કરે છે, બચત ઉપર નહિ. આમ બચાવેલી રકમ કરપાત્ર આવકનો જ ભાગ હોવાથી તે કરપાત્ર આવક જ છે. દા.ત. કરદાતા ૧,૦૦,૦૦૦ બચાવે છે અને તેને ૨૦ ટકાના વેરાના દરમાં આવે છે તો તે નાણાંકીય વર્ષે તે ૨૦,૦૦૦ વેરાની ચૂકવણી કરતો નથી. માટે ૧,૦૦,૦૦૦ માંથી ૨૦,૦૦૦ સરકારની આવક છે અને ૮૦,૦૦૦ તેની કરપાત્ર આવક છે. તેથી ઉપાડીને તે રકમ ઉપર વેરો ભરવાની જવાબદારી કરદાતાની છે જ છે, તે ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન વેરો ભરે અથવા લાંબા સમયગાળા પછી ભરે, તે વેરાની જવાબદારીમાંથી કાયમ માટે છટકી જઈ શકે નહિ.

બચતની કપાતનો લાભ લેવો કે નહિ, તે કરદાતા માટે વૈકલ્પિક જોગવાઈ છે. તેથી EET ની પદ્ધતિ સંપૂર્ણપણે વૈકલ્પિક વેરા આયોજનની પદ્ધતિ છે.

જે કરદાતા આવકનું આયોજન (ટેક્ષનુ નહિ) કરી શકતા હોય તેઓ માટે EET ની જોગવાઈઓનો ખ્યાલ મહત્ત્વનો ધરાવતો નથી.

આપણે એ બાબત સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે બચત કપાત તરીકે મેળવેલી રકમ કરપાત્ર આવકમાંથી જ ભરવામાં આવેલી હોવી જોઈએ, એટલે કે ચોપડે નોંધાયેલી હોવી જોઈએ. કાળા નાણાં દ્વારા બચત ખાતાનું સંચાલન કરવામાં આવે તો તે રકમ કપાત તરીકે મજરે મેળવી શકાય નહિ. કાળા નાણાં દ્વારા બચતના ખ્યાલને નિયંત્રણમાં રાખવા માટે જ ઉપાડની રકમ ઉપર વેરો લેવાની જોગવાઈ કરવામાં આવી છે. તે તદ્દન તર્કબદ્ધ જોગવાઈ છે. બચત યોજનાઓ કાળાનાણાંને સફેદનાણામાં ફેરવવાનું માધ્યમ નથી.

## સૂચનો :

(૧) આવકની ગણતરી માટે આવકવેરા ધારાની કેટલીક જોગવાઈઓ વધુ પડતી આદર્શવાદી છે. દા.ત. FBT ની જોગવાઈઓ કર્મચારીઓને મળતા લાભ જેવા કે, રહેઠાણ, ગાડીની સવલત, સ્વીપર, માળી કે ડ્રાઈવરની સવલત. આ જોગવાઈઓ એવી ગૂંચવણ ભરી છે કે, અધિકારીઓ અને કરદાતાઓ પણ ભવા ઊંચા ચડાવે છે. આવી જોગવાઈઓની અવળી અસર કર્મચારીને રોકડમાં મળતા પગાર ઉપર થાય છે. કારમ કે, આ સવલતોના મૂલ્યાંકનો માની લીધેલી છે. આવક ગણાય છે. જેના પરનો વેરો રોકડ પગારની આવકમાંથી કાપવામાં આવે છે.

(૨) કોર્પોરેટ સેક્ટરમાં કંપનીઓએ બહાર પાડેલા આઈ. પી. ઓ.ના શેર પ્રિમીયમ ઉપર વેરો આકારવો જોઈએ. કારણ કે કંપનીને તો આ આવક તદ્દન મફત પ્રાપ્ત થાય છે. તેની ઉપર કોઈ વેરો, વ્યાજ કે ડિવિડન્ડ ચૂકવવું પડતું નથી. જો શેર પરનું ડિસ્કાઉન્ટ ખર્ચ તરીકે મજરે મેળવી શકાતું હોય તો શેર પ્રિમીયમ ઉપર વેરો શા માટે નહિ ?

(૩) **કરમાળખાના સંદર્ભમાં સૂચનો**
આવકવેરાના માળખામાં લઘુત્તમ કરમુક્ત આવક, આવકવેરાના દર અને આવકના વિભાગીયકરણ (સ્લેબ્સ)માં એવી કઈ નબળી કડી છે જેના પરિણામે દર વર્ષે આ ધોરણોમાં ફેરફાર કરવા છતાં આવકવેરાની આવકમાં અપેક્ષિત વધારો થઈ શકતો નથી. તથા વેરા વસૂલતાનો અસરકારક દર ઘણો નીચે આવે છે. ઉપરાંત કરદાતાના અસંતોષનું પ્રમાણ વધતું જાય છે.

તમામ પરિબળોનો અભ્યાસ કર્યા પછી એવા તારણ ઉપર આવી શકાય છે કે,

(૧) લઘુત્તમ કરમુક્ત આવકનું પરિબળ કરમાળખાની નબળામાં નબળી કડી છે.
(૨) આવકવેરાના દર વચ્ચેના તફાવતો ઘણા મોટા છે અને ગતિશીલ છે.
(૩) આવકના સ્લેબમાં એકસૂત્રતા જળવાતી નથી.
(૪) આવકવેરાની ગણતરીની પદ્ધતિ ખામી ભરેલી છે.

ડી.ટી.સી.-૨૦૦૯ ની ભલામણનો સંદર્ભમાં ઉપરોક્ત પરિબળોનું મૂલ્યાંકન, વિશ્લેષણ તથા તુલનાત્મક અભ્યાસ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આવકવેરા ધારાની જોગવાઈઓ એવી હોવી જોઈએ કે

કરમાળખું સ્વયં ગતિશીલ બને અને ક્રમશઃ વધતી જતી આવકની સાથે તેના સમાંતર ધોરણે ક્રમશઃ વેરાના પ્રમાણસર દર પણ વધતા જાય.

આવકવેરા ધારામાં સ્વરબદ્ધ કરવા માટે નીચે મુજબ સૂચનો રજુ કરું છું.

(૧) કરમાળખું સ્વયંમ ગતિશીલ બને તે માટે કરમાળખામાં લઘુત્તમ કરમુક્ત આવકની જોગવાઈ કરવી જોઈએ નહિ.

(૨) કુલ કરપાત્ર આવકમાંથી પ્રથમ પગથિયે (સ્લેબ) આપવામાં આવતી કપાત અભિપ્રેરણા સ્વરૂપની હોવી જોઈએ એટલે કે આવી કપાત, કુલ કરપાત્ર આવક સાથે રૈખિક સંબંધો ધરાવતી હોવી જોઈએ. જેમ કુલ કરપાત્ર આવક વધે તેમ આ કપાતનો લાભ પણ વધવો જોઈએ.

(૩) આવકવેરાની વસુલાત માટે આવકના સ્લેબ અને સ્લેબના સંદર્ભમાં દર્શાવેલ વેરાના દર ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ બન્ને પરિબળોમાં વેરાની વસુલાતની વિશ્વનિયતાને શંકાસ્પદ બનાવે છે. એટલું જ નહિ વેરાની વસુલાતને પણ બીનઅસરકાર બનાવે છે. પરિણામે આવકના સ્લેબ વેરાના દર વચ્ચે એવા રૈખિક સંબંધો હોવા જોઈએ કે પ્રમાણમાં આવકમાં ક્રમશઃ વધારો થાય તે જ પ્રમાણમાં સમાન્તર ધોરણે વેરાના દરમાં પણ ક્રમશઃ વધારો થાય.

(૪) વેરાની વસૂલાત માટેની ગણતરીઓ ફક્ત એરેથમેટીકલ પ્રોસેસ નથી, પરંતુ વેરાની અસરકારક વસૂલાત થઈ શકે તે માટેની ગંભીર ગણતરીઓ છે. વર્તમાન આવકવેરાની ગણતરીઓ ફક્ત એરેથમેટીકલ પ્રોસેસ બની ગઈ છે. પરિણામે કરદાતાને આવકના બે સ્લેબનો લાભ મળતા તે વેરાના દરનો પણ લાભ થાય છે તે જ પ્રમાણે કરદાતાને લઘુતમ કરમુક્ત આવકની રકમ બાદ કરવાનો પણ લાભ મળે છે. આ સાદી ગણિતની પદ્ધતિ રદ કરી કરની વસૂલાત અસરકારક બને તેવી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ.

ઓછી આવક ઉપર સરકાર વેરો વસુલ કરવાની અપેક્ષા રાખતી નથી. ધારો કે આવકનો સ્લેબ ૨ લાખથી વધુ પરંતુ ૬ લાખથી ઓછી હોય અને વેરાનોદર ૧૦ ટકા હોય તો વેરો ૧૦ ટકા લેખે ૫૦,૦૦૦ થશે. આ આવકનો સ્લેબ વેરાની વસૂલાતમાં કરદાતાને લાભ મળે તે માટે આપવામાં આવેલા હોય છે. દરેક સ્લેબ પ્રમાણે વેરાના દર બદલાય છે તે મુજબ જ વેરો વસૂલ કરવો જોઈએ.

આવકવેરાની વસૂલાત માટે નીચે મુજબનું સમીકરણ અમલમાં મૂકવું જરૂરી છે.

વેરાની વસૂલાત = આવકવેરાનો દર(કુલ કરપાત્ર આવક - (કુલ કરપાત્ર આવક X પ્રમાણિત કપાતનો દર)

ઉપરોક્ત ભલામણોના અમલીકરણને વધુ સ્પષ્ટ બનાવવા માટે અને કાયમી સ્વરૂપના કરમાળખાને સમજાવવા માટે તેની અસરો સમજાવવા તથા તુલનાત્મક અભ્યાસ માટે નીચે મુજબ કોઠા અને તેની સમજૂતીઓ આપવામાં આવી છે.

## ટેબલ A

## આવકવેરા નું સૂચિત માળખુ

| અભ્યાસ લેખનું સૂચીત માળખુ | | | Direct Tax code – 2009 ની ભલામણો | | | |
|---|---|---|---|---|---|---|
| | આવકનો સ્લેબ | વેરાનો દર | | આવકનો સ્લેબ | વેરાનો દર | સમીકરણ |
| 1 | Rs.2,00,000 – Rs.6,00,000 | 10% | 1 | < Rs.1,60,000 ............ | શૂન્ય | - |
| 2 | Rs.6,00,000 – Rs.12,00,000 | 15% | 2 | > Rs.1,60,000 < Rs.10,00,000 | 10% | (TI-1,60,000) |
| 3 | Rs.12,00,000 – Rs.18,00,000 | 20% | 3 | > Rs.10,00,000 < Rs.25,00,000 | 20% | 84000 + 20% (TI-10,00,000) |
| 4 | Rs.18,00,000 – Rs.24,00,000 | 25% | 4 | > Rs.25,00,000 ........... | 30% | 3,84,000 + 30% (TI-25,00,000) |
| 5 | Rs.24,00,000 – Rs.30,00,000 | 30% | | -- | -- | -- |
| 6 | Rs.30,00,000 થી વધુ | 35% | | -- | -- | -- |

અન્ય ભલામણો:-

(૧) પ્રમાણિત કપાત .............

કુલ કરપાત્ર આવકના ....... 10%

(૨) ટેક્ષ ઈન્સેન્ટીવ........... DTC 2009 મુજબ

અન્ય ભલામણો:-

(૧) સ્લેબ સ્ત્રી કરદાતા જોગવાઈ મુજબ

સીનીયર સીટીઝન " "

(૨) ટેક્ષ ઈન્સેન્ટીવ ........ જોગવાઈ મુજબ

**વેરાની વસૂલાત માટેની માર્ગદર્શક ગણતરીઓ :**

(અ) ટેબલ-A માં દર્શાવેલ વેરાના દર અને આવકના સ્લેબ પાયાની વેરાની ગણતરીઓ માટે છે. માટે સ્લેબ મુજબકુલ આવકનું વિભાગીકરણ કરવું નહિ.

(૧) દા.ત. કુલકરપાત્ર આવક રૂ. 6,50,000 હોય તો .... વેરાનો દર ૧૫% લાગુ પડે લાગુ પડશે.

વેરાની વસૂલાત = 15% {(6,50,000 — SD ) = Rs. 87,750

65000

(૨) ટેબલ-A માં કરપાત્ર આવક 2,00,000 થી શરૂ થાય છે. પરિણામે તેના કરતાં ઓછી આવક ઉપર વેરો વસૂલ કરવો નહિ તેવી વ્યૂહરચના અપનાવી છે. પરંતુ તેના કરતાં ઓછી આવક લઘુત્તમ કરમુક્ત આવક છે. તેમ ગણવું નહિ. પરિણામે 2,00,000 કુલ કરપાત્ર આવકમાંથી બાદ કરવા નહિ.

દા.ત. કુલ કરપાત્ર આવક 5,00,000 હોય તોવેરાનો દર 10 ટકા લાગુ પડે.

વેરાની વસૂલાત = 10% (5,00,000 — SD ) = Rs. 45,000

50000

(૩) કરદાતાને આવકના બે સ્લેબના બે વેરાના લાભ મળી શકે નહિ. કારણ કે કરદાતાએ એની કુલ કરપાત્ર આવક ઉપર વેરો ભરવાનો હોય છે. તેથી જેમ આવક વધે તેમ વેરો વધુ ભરવો જોઈએ તે વસુલાતનું સાચુ રહસ્ય છે અને તે જ કુદરતી ન્યાય છે.

દા.ત. કરદાતાની આવક 6,10,000........ વેરાનો દર 15 ટકા લાગુ પડે.

વેરાની વસૂલાત = 15 % (6,10,000-61,000) = 82350

જો વેરાની વસૂલાત જુની પદ્ધતિ મુજબ ગણવામાં આવી હશે તો તે ગણતરી ખોટી ગણવામાં આવશે. કારણ કે 2,00,000 લઘુત્તમ કરમુક્ત આવકનો અલગ સ્લેબ નથી. લઘુત્તમ કરમુક્ત આવકનું કોઈ આયોજન નથી. જૂની પદ્ધતી મુજબ વેરાની ગણતરી,

કુલ કરપાત્ર આવક = 6,10,000 બાદ પ્રમાણિત કપાત 61000 = 5,79,000

| | | |
|---|---|---|
| વેરાની વસૂલાત = કુલ કરપાત્ર આવક | 5,79,000 | |
| બાદ પ્રથમ સ્લેબ | 2,00,000 ના 10 ટકા = | 20,000 |
| બાકી આવક | 3,49,000 ના 15 ટકા = | 52,350 |
| | કુલ વેરો | 72,350 |

કરદાતાએ નવી પદ્ધતિ મુજબ 82,350 નો વેરો ભરવો પડશે. કારણ કે પ્રમાણિત કપાતનો લાભ તેને મળી ચૂક્યો છે અને 2,00,000 લઘુત્તમ કરપાત્ર આવક નથી.

(૪) કરદાતાએ ટેક્ષ ઈન્સેન્ટીવ જોગવાઈનો લાભ લીધો હોય તો તેની વેરાની વસુલાત નીચે મુજબ કરવી.

દા.ત. કુલ કરપાત્ર આવક Rs. 12,00,000

પી.પી.એફ. માં ભરેલ રકમ Rs. 1,00,000

ઈન્સેન્ટીવ

વેરાની વસુલાત = 15% (12,00,000 — SD — Rs. 1,00,00)
1,20,000
= 15% (10.80.000 — 1,00,000)
= Rs. 1,47,000

## ટેબલ A ની વિશિષ્ટતા :

(૧) આવકના સ્લેબમાં તેમ જ વેરાના દરમાં થતો વધારો એકસૂત્રતા જાળવી રાખે છે. Rs. ૨,૦૦,૦૦૦ થી વધુ પરંતુ Rs. ૬,૦૦,૦૦૦ થી ઓછી આવકનો સ્લેબ એમ સૂચવે છે કે કરદાતાની માસિક આવક ૧૬,૦૦૦ થી ૫૦,૦૦૦ની વચ્ચે છે. Rs. ૬,૦૦,૦૦૦થી વધુ પરંતુ Rs. ૧૨,૦૦,૦૦૦ થી ઓછી આવકનો સ્લેબ એમ સૂચવે છે કે કરદાતાની માસિક આવક Rs. ૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ ની વચ્ચે છે.

આમ આવકના દરેક સ્લેબમાં કરદાતાની માસિક આવકમાં ક્રમશઃ સમાંતર ધોરણે વધારો થાય છે એટલું જ નહિ, આવકમાં માસિક ૫૦,૦૦૦ નો વધારો થાય તો પણ વેરાનો દર ફક્ત ૫ % જ વધે છે. આમ આવકના દૃષ્ટિ બિંદુથી તેમજ વેરાના દૃષ્ટિબિંદુથી કરમાળખુ વધુ ગતિશીલ છતાં સ્ટેબલ બની શક્યું છે.

(૨) કરવેરાનું નવું માળખું વેરાની વસૂલાતને વધુ અસરકારક બનાવે છે. પરિણામે આવકવેરાની મહેસૂલી આવક અપેક્ષિત સપાટીએ પ્રાપ્ત થઈ શકે છે. દા.ત. ૧૦ % ના વેરાના દરમાંથી ૧ % પ્રમાણિત કપાત બાદ કરતાં ૯ % લેખે, ૧૫ % માંથી ૧૩.૫૦ % લેખે, ૨૦ % માંથી ૧૮ % લેખે ૨૫ % માંથી ૨૨.૫૦ % લેખે તથા ૩૦ % માંથી ૨૭ % લેખે વેરો વસુલ થઈ શકે છે.

(૩) પ્રમાણિત કપાત અને કુલ કરપાત્ર આવક વચ્ચે રૈખિક સંબંધો છે. એટલે કે જેમ જેમ આવક વધે તેમ તેમ પ્રમાણિત કપાતની રકમ પણ વધતી જાય છે. જે કરદાતા માટે માનસિક સંતોષનું અભિપ્રેરક બળ સાબિત થાય તેમ છે.

(૪) અભ્યાસલેખમાં ભલામણ કરવામાં આવેલ કરમાળખાની સૌથી વધુ ધ્યાનાકર્ષક બાબત એ છે કે, માળખું કરદાતાને સંતોષ થાય તેવી જોગવાઈ છે. અમલીકરણ અધિકારીને સરળતાનો અનુભવ થાય અને સરકારને કાયમી ધોરણનું કરમાળખું પ્રાપ્ત થાય તેમ છે. છતાં સરકારની કરની વસૂલાતમાં ૫૦ % જેટલો ધરખમ વધારો થઈ શકે તેમ છે. આ સત્ય નીચે દર્શાવેલ ટેબલ B ઉપરથી જાણી શકાય છે.

### ટેબલ B

### આવકવેરાની ગણત્રીઓ (કાલ્પનીક) દર્શાવતુ ટેબલ

| અભ્યાસ લેખની ભલામણો | | | | | | | | | 2009 ની ભલામણો DTC | DTC | વેરાની વસુલાત ના તફાવતો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અસરકારક વસુલાત વેરાનો દર | | | કુલ કરપાત્ર આવક | પ્રમાણિત કપાત10% | કરપાત્ર આવક | વેરાનો દર A | વેરાની વસુલાત (a) | | વેરાનો દર B | વેરાની વસુલાત (b) | (a – b) |
| | A | B DTC | | | | | | | | | |
| 1 | 9.00% | 2.00% | 2,00,000 | 20,000 | 1,80,000 | 10% | 18,000 | | 10% | 4,000 | + 14,000 |
| 2 | 9.00% | 7.33% | 6,00,000 | 60,000 | 5,40,000 | 10% | 54,000 | | 10% | 44,000 | + 10,000 |
| 3 | 13.50% | 10.33% | 12,00,000 | 1,20,000 | 10,80,000 | 15% | 1,62,000 | | 20% | 1,24,000 | + 38,000 |
| 4 | 18.00% | 13.55% | 18,00,000 | 1,80,000 | 16,20,000 | 20% | 3,24,000 | | 20% | 2,44,000 | + 80,000 |
| 5 | 22.50% | 15.61% | 24,00,000 | 2,40,000 | 21,60,000 | 25% | 5,40,000 | | 20% | 3,64,000 | + 1,76,000 |
| 6 | 27.00% | 17.80% | 30,00,000 | 3,00,000 | 27,00,000 | 30% | 8,10,000 | | 30% | 5,34,000 | + 2,76,000 |
| 7 | 31.50% | 19.83% | 36,00,000 | 3,60,000 | 32,40,000 | 35% | 11,34,000 | | 30% | 7,14,000 | + 4,20,000 |

# ફરજિયાત અને વિના મૂલ્યે શિક્ષણ, એક ક્રાંતિકારી પહેલ

- રાજેશ શર્મા

***યુ.પી.એ. સરકારે છેલ્લાં છ વર્ષમાં આ દેશમાં ઘણાં મહત્વપૂર્ણ કદમો ઉઠાવ્યાં છે પણ રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ એટલે કે માહિતીના અધિકારના કાયદાની જેમ રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે શિક્ષણના અધિકારનો કાયદો પણ એક ક્રાંતિકારી કાયદો છે કેમ કે આ કાયદા દ્વારા સરકાર પોતાની એક મહત્ત્વપૂર્ણ સામાજિક જવાબદારીનો બંધારણીય રીતે સ્વીકાર કરે છે.***

**૧** એપ્રિલ ૨૦૧૦ના રોજ સવારે ૮-૦૦ કલાકે આપણા વડાપ્રધાન મનમોહનસિંહજી દૂરદર્શન પર રાષ્ટ્રજોગ સંબોધન માટે હાજર થયા અને તેમણે રાષ્ટ્રને સંબોધન શરૂ કર્યું એ સાથે જ આઝાદ ભારતના ઈતિહાસમાં એક નવું પ્રકરણ આલેખાઈ ગયું. વડાપ્રધાને દેશમાં ૬થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકોને વિના મૂલ્યે અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર આપતો કાયદો ૧લી એપ્રિલ ૨૦૧૦થી અમલમાં આવે છે તેવી જાહેરાત કરી આ દેશનાં બાળકોને એક યાદગાર ભેટ આપી. આજથી બરાબર ૧૦૦ વર્ષ પહેલાં ગાંધીજી જેમને પોતાના રાજકીય ગુરૂ માનતા તે ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજોએ બનાવેલી ઈમ્પિરિયલ એસેમ્બ્લીમાં ભારતીયોને શિક્ષણનો મૂળભૂત અધિકાર આપવાની માગણી કરી હતી. વડાપ્રધાને આ વાતની યાદ અપાવીને બરાબર ૯૦ વર્ષ પછી ગોખલેજીનું સપનું સાકાર થયું તેનો આનંદ વ્યક્ત કર્યો અને હવે આ દેશનું કોઈ બાળક પ્રાથમિક શિક્ષણથી વંચિત નહીં રહે તેવી શ્રદ્ધા પણ વ્યક્ત કરી. યુ.પી.એ. સરકારે છેલ્લાં છ વર્ષમાં આ દેશમાં ઘણાં મહત્વપૂર્ણ કદમો ઉઠાવ્યાં છે પણ રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટ એટલે કે માહિતીના અધિકારના કાયદાની જેમ રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે શિક્ષણના અધિકારનો કાયદો પણ એક ક્રાંતિકારી કાયદો છે કેમ કે આ કાયદા દ્વારા સરકાર પોતાની એક મહત્ત્વપૂર્ણ સામાજિક જવાબદારીનો બંધારણીય રીતે સ્વીકાર કરે છે. આ કાયદાથી ભારતમાં જે બાળકો આર્થિક અથવા બીજાં કોઈ કારણસર શિક્ષણથી વંચિત રહે છે તેમને શિક્ષણનો અધિકાર મળશે અને તેમના શિક્ષણની જવાબદારી સરકાર ઉઠાવશે અને આ બાળકો માટે ઉજ્જવળ ભવિષ્યની દિશામાં આ પહેલું કદમ હશે.

મફત અને ફરજિયાત શિક્ષણના આ કાયદાની આ દેશ પર બહુ વ્યાપક અસરો પડશે પણ એ અસરોની વાત કરતાં પહેલાં આ કાયદાની મુખ્ય જોગવાઈઓ પર એક નજર નાંખી લઈએ કે જેથી આ અસરોને વધારે સારી રીતે સમજી શકાય.

આપણે જેને ટૂંકમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ કહીએ છીએ તે એક્ટનું આખું નામ રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ છે અને આમ તો તેના નામ પરથી જ તેનો ઉદ્દેશ શું છે તે ખબર પડી જાય. રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશનનો મતલબ જ છે બાળકોનો વિના મૂલ્યે અને ફરજિયાત શિક્ષણ મેળવવાનો અધિકાર. આ કાયદાનો હેતુ દેશમાં ૬થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકોને વિના મૂલ્યે અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર આપવાનો છે. શિક્ષણના અધિકારના કાયદાની મહત્વની જોગવાઈ એ છે કે તેમાં દેશમાં

(લેખક જાણિતા પત્રકાર અને કોલમીસ્ટ છે.)

૬થી ૧૪ વર્ષની વય કોઈપણ બાળકે પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે કોઈ ફી ભરવાની નથી અને તેના ભણતરનો તમામ ખર્ચ સરકાર ઉઠાવશે. દેશમાં ૬થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકો પોતાનું પ્રાથમિક શિક્ષણ પૂરૂં કરે ત્યાં સુધીનું તમામ શિક્ષણ સરકાર તેને વિના મૂલ્યે પૂરૂં પાડશે. કેન્દ્ર સરકારે કરેલી જોગવાઈ પ્રમાણે ફીના સીધા ખર્ચ ઉપરાંત ગણવેશ, પુસ્તકો, મધ્યાહ્ન ભોજન, આવવા-જવાનો ખર્ચ વગેરે પરોક્ષ ખર્ચનો બોજ પણ વિદ્યાર્થી પર નહીં પડે. આ ઉપરાંત કોઈપણ બાળકે પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે દૂર દૂર જવું ના પડે તેવી પણ જોગવાઈ આ કાયદામાં છે. આ જોગવાઈ પ્રમાણે કોઈ પણ બાળકને તેના ઘરથી એક કિલોમીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રાથમિક શિક્ષણ મળવું જોઈએ અને તે જોવાની જવાબદારી સરકારી તંત્રની રહેશે. જો કે આ કાયદાની સૌથી મહત્વની જોગવાઈ એ છે કે આ કાયદા હેઠળ ખાનગી શાળાઓને પણ આવરી લેવાઈ છે અને ખાની શાળાઓએ પણ પોતાની શાળામાં ૨૫ ટકા બેઠકો આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવી પડશે. અને જે ખાનગી શાળા આ જોગવાઈનો અમલ નહીં કરે તેની સામે પગલાં લેવાશે અને આ પગલાં શાળાની માન્યતા રદ કરવા સુધીનાં પણ હોઈ શકે છે. દરેક ખાનગી શાળાએ પોતે આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગના કયા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો તેની યાદી ફરજિયાત પણે આપવાની રહેશે. આ કાયદાની અન્ય જોગવાઈ અનુસાર દરેક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું પ્રમાણ સુધારવું પડશે. અત્યારે ઘણી શાળાઓમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ દીઠ એક શિક્ષક હોય છે પણ કાયદાને કારણે હવે એ સ્થિતિ નહીં ચલાવી લેવાય અને ૪૦ વિદ્યાર્થીદીઠ ફરજિયાતપણે એક શિક્ષકની નિમણૂંક કરવી જ પડશે. કોઠારી પંચે કરેલી ભલામણ પ્રમાણે તો ૩૦ વિદ્યાર્થીદીઠ એક શિક્ષકનું પ્રમાણ જળવાવું જોઈએ પણ અત્યારે દેશમાં જે સ્થિતિ છે તેમાં આ શક્ય નથી તેથી સરકારે તેમાં થોડીક વ્યવહારૂ છૂટ રાખી છે. જો કે દરેક શાળાએ ઓછોમાં ઓછા બે તાલીમબદ્ધ એટલે કે બી.એડ. કે સમકક્ષ લાયકાત ધરાવતા બે શિક્ષકો તો ૬૦ વિદ્યાર્થીદીઠ રાખવા જ પડશે તેથી ગુણવત્તામાં કોઈ બાંધછોડ ના થાય તેનું બરાબર ધ્યાન આ કાયદામાં રખાયું છે. શિક્ષકોની ભરતી માટે પણ ચોક્કસ ધારાધોરણ ઘડાયાં છે. આ ઉપરાંત અત્યારે જૂનમાં જ વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ મળે છે તેને બદલે વિદ્યાર્થી ગમે ત્યારે પ્રવેશ મેળવી શકશે અને શાળા તેનો ઇન્કાર નહીં કરી શકે. સત્રમાં વચ્ચે પ્રવેશ માટે આવનારા વિદ્યાર્થીને પ્રવેશ નહીં આપનારી શાળા સામે આકરાં પગલાં લેવાશે. આ તો રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ટ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ની કેટલીક મુખ્ય જોગવાઈઓની વાત થઈ. હવે આ કાયદાના કડક અમલ માટે કેન્દ્ર સરકારે કરેલી વ્યવસ્થાની વાત. કેન્દ્ર સરકાર માત્ર રાઈટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ ઘડીને બેસી ગઈ છે તેવું નથી. સરકારે આ કાયદાનો બરાબર અમલ થાય તે માટે ચોક્કસ માળખું ગોઠવ્યું છે અને રાજ્ય સરકારો તેમ જ કેન્દ્ર સરકારોની જવાબદારીઓ પણ નક્કી કરી છે. શિક્ષણ રાજ્ય સરકારોનો વિષય છે તેથી રાજ્ય સરકારો પર વિશેષ જવાબદારી છે. આ કાયદાની જોગવાઈ પ્રમાણે બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપવા માટેની સગવડો પૂરી પાડવાની જવાબદારી રાજ્ય સરકારોની રહેશે. અર્થાત્ રાજ્ય સરકારે શાળા માટેનું મકાન, પુસ્તકાલય, રમતનું મેદાન જેવી સગવડો પૂરી પાડવાની રહેશે. કેન્દ્ર સરકાર આ કાર્યક્રમની મોટા ભાગની આર્થિક જવાબદારી વહન કરવાની છે તેથી રાજ્ય સરકારે બીજી જવાબદારીઓ વહન કરવી પડે તે સ્વાભાવિક છે. શિક્ષણ રાજ્ય સરકારોનો વિષય છે તેથી પણ રાજ્ય સરકારો પર વિશેષ જવાબદારી છે. જો કે કેન્દ્ર સરકાર આ કાયદો ઘડીને કે રાજ્ય સરકારો પર જવાબદારી નાંખીને બેસી ગઈ છે એવું પણ નથી. આ કાયદાનો બરાબર અમલ થાય અને દેશનાં ૬થી ૧૪ વર્ષની વયનાં તમામ બાળકોને વિના મૂલ્યે અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મેળવવા માટે જરૂરી સગવડો મળે છે કે નહીં તેના પર નજર રાખવા માટે એટલે કે મોનિટરિંગ માટે પણ ચોક્કસ ધારધોરણો ઘડાયાં જ છે. આ જોગવાઈ પ્રમાણે દરેક શાળા સંચાલન સમિતિ બનાવવાની રહેશે અને આ સમિતીમાં સ્થાનિક સરકારી અધિકારીઓ, વાલીઓ તેમ જ શિક્ષકો હશે. આ સમિતિમાં ૫૦ ટકા સભ્યો તરીકે મહિલાઓ અને સમાજના કચડાયેલા વર્ગનાં બાળકોનાં વાલીઓ ફરજિયાત પણે હોવા જોઈએ કે જેથી ખરેખર જેમને આ કાયદાનો લાભ આપવાનો છે તેમના સુધી લાભ પહોંચે છે કે નહીં તેનો ખ્યાલ આવે. આ સમિતિની કામગીરી બાળકોને શિક્ષણ મેળવવા માટે જરૂરી સગવડો મળે છે કે નહીં તેના પર નજર રાખવા ઉપરાંત શાળામાં યોગ્ય વાતાવરણ છે કે નહીં અને સરકાર દ્વારા મળતી ગ્રાન્ટનો

યોગ્ય ઉપયોગ થાય છે કે નહીં તે જોવાની પણ રહેશે. દરેક ખાનગી શાળાએ પોતે આર્થિક અને સામાજિક રીતે નબળા વર્ગના કયા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો તેની યાદી ફરજીયાતપણે આપવાની છે અને તેની ચકાસણી કરવાની કામગીરી પણ સમિતિ જ બજાવશે. આ યોજના સમગ્ર સમાજના લાભાર્થે છે ત્યારે લોકો તેની સાથે સંકળાય તે જરૂરી છે. આ ઉદ્દેશ પાર પાડવા માટે જ આ જોગવાઈ કરાઈ છે.

અત્યારે દેશમાં પ્રાથમિક શિક્ષણ રાજ્ય સરકારોનો વિષય છે અને સર્વ શિક્ષા અભિયાન હેઠળ બાળકને સરકારી પ્રાથમિક શાળાઓમાં શિક્ષણ અને મધ્યાહ્ન ભોજન સહિતની સગવડો મળે જ છે. ત્યારે આ નવા કાયદાની જરૂર શું છે અને તેનાથી ખરેખર શું ફરક પડશે તેવો સવાલ ઘણાંને થાય છે અને તે સ્વાભાવિક પણ છે. ગુજરાત દેશનાં સૌથી સમૃદ્ધ રાજ્યો પૈકી એક છે અને ગુજરાતમાં શિક્ષણની જે સગવડો છે તે બહુ ઓછાં રાજ્યોમાં છે તેથી તમામ બાળકોને શિક્ષણ મળે જ તેવી વ્યવસ્થા ગુજરાતમાં છે જ. આ સંજોગોમાં આપણને આ કાયદો થોડોક અજુગતો લાગે પણ દેશનાં બીજાં રાજ્યોમાં આ સ્થિતિ નથી. દેશનાં ઘણાં રાજ્યોમાં રાજ્ય સરકારો પ્રાથમિક શિક્ષણ અંગે ઉદાસ જ છે અને પ્રાથમિક શિક્ષણ માટે જે સગવડો આપવી જોઈએ તે આપતી નથી. પરિણામે લાખો બાળકો પ્રાથમિક શિક્ષણ મેળવાની ઈચ્છા હોવા છતાં વંચિત રહી જાય છે અને છતાં રાજ્ય સરકારનો જવાબ માંગી શકતાં નથી. એક અંદાજ પ્રમાણે અત્યારે દેશભરમાં ૯૨ લાખ બાળકો એવાં છે કે જેમને પ્રાથમિક શિક્ષણ જ મળતું નથી. આ કાયદો તમામ બાળકોને ફરજિયાત શિક્ષણ આપવાની જવાબદારી સરાકાર પર નાંખે છે, તે માટે સગવડ કરવાની જવાબદારી સરકાર પર નાંખે છે અને સરકાર તે ફરજ નિભાવવામાં નિષ્ફળ જાય તો તે સામે કોર્ટમાં જઈને પોતાનો અધિકાર મેળવવાનો અધિકાર આ દેશમાં તમામ બાળકોને આપે છે. સર્વ શિક્ષા અભિયાન પણ છે તો પ્રાથમિક શિક્ષણ આપવાની જ યોજના પણ તેનો અમલ કઈ રીતે કરવો તે રાજ્ય સરકારો પર નિર્ભર હતું. હવે રાજ્ય સરકારોએ ચોક્કસ નિતિનિયમો અને ધારધોરણોને પાલન કરીને બાળકોને વિના મૂલ્યે શિક્ષણ આપવું પડશે અને એ તેમની જવાબદારી છે, કામીગીરી નહીં.

આ યોજના વિશાળ છે અને તેના અમલ માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૧.૭૧ લાખ કરોડની જંગી રકમ ખર્ચાશે. આ યોજનાના અમલ માટે નાણાં પંચે રાજ્ય સરકારોને રૂ. ૨૫૦૦૦ કરોડની જોગવાઈ પણ કરી આપી છે. જો કે નાણાંની જોગવાઈ કરતાં બીજા પડકારો મોટા છે અને તેમાં સૌથી મોટો પડકાર તાલીમબદ્ધ શિક્ષકોની અછત છે. આ કાયદા પ્રમાણે દરેક શાળાએ ઓછામાં ઓછા બે તાલીમબદ્ધ એટલે કે બી.એડ. કે સમકક્ષ લાયકાત ધરાવતા બે શિક્ષકો તો ૬૦ વિદ્યાર્થીદીઠ રાખવા જ પડશે અને સૌથી મોટી મુશ્કેલી આ શિક્ષકોનું પ્રમાણ જાળવવાની છે. હાલમાં દેશમાં પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે કુલ ૫૭ લાખ શિક્ષકોની જરૂર છે અને તેમાંથી ૫.૨૩ લાખ શિક્ષકોની જગાઓ ખાલી છે. દરેક શાળાએ ઓછામાં ઓછા બે તાલીમબદ્ધ એટલે કે બી.એડ. કે સમકક્ષ લાયકાત ધરાવતા બે શિક્ષકો તો ૬૦ વિદ્યાર્થીદીઠ રાખવા જ પડશે તે જોગવાઈનો અમલ કરવો હોય તો બીજા ૫.૧ લાખી શિક્ષકો જોઈએ. અર્થાત કુલ ૧૦.૩૩ લાખ તાલીમબદ્ધ નવા શિક્ષકોની ભરતી કરવી પડે. આ ઉપરાંત અત્યારે જે શિક્ષકો કામ કરે છે તેમાંથી પણ ૭.૭૩ લાખ શિક્ષકો એવા છે કે આ કાયદાની જોગવાઈ પ્રમાણેની લાયકાત ધરાવતા નથી અને તેમણે પણ આગામી પાંચ વર્ષમાં જરૂરી લાયકાત મેળવવી ફરજિયાત છે. ગુજરાત જેવાં રાજ્યોમાં આ સમસ્યા નથી અને ગુજરાતમાં તાલીમબદ્ધ ના હોય તેવા શિક્ષકોનું પ્રમાણ પણ ઓછું છે તથા તાલીમ માટે કોલેજો પણ પૂરતા પ્રમાણમાં છે તેથી આ રાજ્યોને તકલીફ ના પડે પણ બિહાર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઝારખંડ જેવા મોટા રાજ્યોમાં જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકોનું પ્રમાણ ઊંચું છે તેથી આ રાજ્યોમાં તકલીફ ચોક્કસ પડે. બીજો પડકાર ખાનગી શાળાઓ પાસે અનામતના અમલનો છે. કેટલીક ખાનગી શાળાઓએ આ કાયદાને કોર્ટમાં પડકાર્યો પણ છે તે જોતાં તેનો ચુકાદો આવે તે પછી જ તે દિશામાં વિચારી શકાય.

જો કે આ બધા પડકારો અને મુશ્કેલીઓ વચ્ચે પણ યુ.પી.એ. સરકારે આ યોજનાનો અમલ શરૂ કરી દીધો છે અને આ યોજના પાછળનો હેતુ શુભ અને લોકકલ્યાણનો છે તે જોતાં આ યોજનાને અભૂતપૂર્વ સફળતા મળે અને આ દેશમાં કોઈ બાળક૦ પ્રાથમિક શિક્ષણથી વંચિત ના રહે તેવી આશા રાખીએ.

●●●

# ભારતીય અર્થતંત્ર અને કાળું નાણું

- પ્રો. ભારતી શાહ

*કાળા નાણાંને વહાર લાવવા છેક ૧૯૫૧થી શરૂ કરીને આજ સુધી અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ૨૦૦૨માં ચટોપાધ્યાય ચૌધરી અને ફેડરીક ટનીડરનાં અંદાજ મુજબ કુલ નાણાંમાં ૪૦% જેટલું કાળુંનાણું દેશમાં હતું. આજે પણ તેટલું પ્રમાણ છે. આશ્ચર્ય એ વાતનું છે કે સરકારે જાહેર કરેલી વિવિધ સ્કીમો જેવી કે (વોલેન્ટરી ડિસ્કલોઝેટ સ્કીમ, ફાઈનાન્સ એક્ટ, બેટર બોન્ડ,) ને અંતે પણ ધાર્યું પરિણામ મળ્યું નથી. પ્રજાનો સરકાર પ્રત્યેનો અવિશ્વાસ, કાયદાની છટકબારીઓ, રાજકીય પરિબળો આમાં અસરકારક બન્યાં છે.*

૧૯૪૭માં સ્વત્રંતા મેળવ્યા બાદ ભારતમાં સમગ્ર આયોજનગાળા દરમ્યાન અનેક આર્થિક સમસ્યાઓ સર્જાઈ છે. આમાં રાક્ષસની જેમ વકરતી સમસ્યા એ ''કાળું નાણું'' (બિનહિસાબી નાણાંની) છે. એક સમાંતર અર્થતંત્ર ભારતમાં કાળાનાણાંનું ફૂલ્યું ફાલ્યું છે. જેણે આર્થિક વિકાસના માર્ગોમાં મોટા અવરોધો સજર્યા છે. એક યા બીજી રીતે કાળનાણાંનું સર્જન એ માનવ મસ્તિષ્ક દ્વારા સર્જાયેલી સમસ્યા છે.

એમ માનવામાં આવે છે કે આજે ભારતના અર્થતંત્રમાં કાળાનાણાંનું પ્રમાણ તેની જી.ડી.પી (G. D. P)ના પ્રમાણ કરતાં ત્રણ થી ચાર ગણું વધારે છે. આ કાળાનાણાંના સર્જન માટે જવાબદાર પરિબળો જેવાં કે કરવેરાનું માળખું અને પ્રમાણ, મોંઘવારીને કારણે ઘસાતો જતો રૂપિયો, જાહેરખર્ચમાં મોટો વધારો, રાજકીય પરિબળો. ભ્રષ્ટાચાર વગેરેને માનવામાં આવે છે.

કમનસીબી આપણી એ છે કે કારણો જાણવા છતાં પ્રશ્નનો હલ લાવી શકતા નથી. વર્તમાનમાં ભારત જ્યારે વિશ્વએ નોંધ લેવી પડે તેવા આર્થિક વિકાસ તરફ જઈ રહ્યું છે ત્યારે આંતરિક અર્થતંત્રને સાવ ખોખલું ન બનવા દેવા માટે કાળાનાણાંના પ્રશ્નને ગંભીરતાપૂર્વક વિચારવાની અનિવાર્યતા છે.

દેશમાં કાળુંનાણું સર્જનાર મશીનો (સ્ત્રોતો) મુખત્વે નીચે મુજબ છે.

(૧) આયાતો :

એમ માલૂમ પડ્યું છે કે આયાતકારો આયાતોનું ઈન્વોઈસ ૧૦% થી ૨૦% વધારી દે છે. પરિણામે વાર્ષિક ૨૦૦૦ કરોડ રૂા. ની કરચોરી થાય છે.

(૨) સાર્વજનિક પરિયોજનાઓ :

આવી યોજનાઓમાં રોકાતાં કુલ નાણાંના ૨૦% સમાંતર અર્થતંત્રમાં જાય છે. વાર્ષિક ૬૦૦૦૦ કરોડ રૂા. કાળું નાણું સર્જાય છે.

(૩) રહેઠાણો તથા સેવાઓ :

વ્યવસાયિકો જેવાકે વકીલો, ડોક્ટરો, શિક્ષકોમાં ૩૦%થી વધારે લોકો કર ભરતા નથી. અને વાર્ષિક ૩૫૦૦૦ કરોડ રૂા. નું કાળું નાણું સર્જાય છે.

(૪) સબસિડીઓ :

દેશમાં વાર્ષિક ૧૫૦૦૦ કરોડ રૂા.ની સબસિડીઓનો ખર્ચ છે. જેમાં લોકો પાસે રૂપિયે ૧૫ પૈસા જ પહોંચે અને બાકીના કાળાનાણાં તરીકે જાય છે. જે ૬૦૦૦૦ કરોડ રૂા. જેટલું અંદાજિત છે.

(૫) ઔદ્યોગિક ક્ષેત્ર :

દેશમાં ઉદ્યોગો નો જી.ડી.પી. માં જે ફાળો છે તેના લગભગ ૧૨% ઉત્પાદનનો હિસાબ જ નથી હોતો. અને ૭૫૦૦૦ કરોડ રૂા. કાળું નાણું સર્જાય છે.

આમ વર્ષોવર્ષ દેશમાં કાળાનાણાંનું રોકાણ મહદ્અંશે જમીનોની લે-વેચમાં, હવાલા દ્વારા નાણાં સ્થાળાંતરમાં, સંપત્તિના સ્વરૂપે રોકાણમાં, સોના, ચાંદી,

( લેખકા મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, મહેસાણામાં અર્થશાસ્ત્ર વિભાગમાં અધ્યક્ષા છે.)



ઝવેરાત વગેરેમાં કરવામાં આવે છે. આજની તારીખમાં જમીનો કે રીયલ એસ્ટેટમાં મોટા પ્રમાણમાં કાણુંનાણું હોય છે. અમેરિકન લેખક માર્ક ટ્વેઇને પણ જમીનોમાં રોકાણની હિમાયત કરી હતી. સોનું તેની તરલતાને કારણે આજે સારો વિકલ્પ બન્યો છે. આ ઉપરાંત અદશ્ય મિલક્તો (શેર, મ્યુચ્યુઅલ ફંડ અને અન્ય)માં પણ બેનામી સોદાઓ જ્યાં કાળુંનાણું મોટું પ્રમાણ રોકાય છે. રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ, ફિલ્મી હસ્તીઓ જ્યાં ભાઈ-લોગ આ બધાંની મિલીભગત દેશમાં કાળાનાણાંના પ્રમાણને વધારે છે. ચૂંટણીઓ લડવા માટે, વીજચોરી કરીને, કરવેરાની ચોટી કરીને, રાજકીય વર્ગ દ્વારા મોટા કૌંભાંડો કરીને પરિસ્થિતિ વધારે ભયજનક બનાવી દેવાય છે.

કાળા નાણાંને વહાર લાવવા છેક ૧૯૫૧થી શરૂ કરીને આજ સુધી અનેક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ૨૦૦૨માં ચટોપાધ્યાય ચૌધરી અને ફેડરીક ટનીડરનાં અંદાજ મુજબ કુલ નાણાંમાં ૪૦% જેટલું કાળુંનાણું દેશમાં હતું. આજે પણ તેટલું પ્રમાણ છે. આશ્ચર્ય એ વાતનું છે કે સરકારે જાહેર કરેલી વિવિધ સ્કીમો જેવી કે (વોલેન્ટરી ડિસ્કલોઝેટ સ્કીમ, ફાઈનાન્સ એક્ટ, બેટર બોન્ડ,) ને અંતે પણ ધાર્યું પરિણામ મળ્યું નથી. પ્રજાનો સરકાર પ્રત્યેનો અવિશ્વાસ, કાયદાની છટકબારીઓ, રાજકીય પરિબળો આમાં અસરકારક બન્યાં છે. સરકારના જાહેર ખર્ચા નાણાંનો અયોગ્ય ઉપયોગ વગેરે એ લોકોને કરચોરી માટે કારણ પૂરાં પાડ્યાં છે. આપણા દેશના કાયદાઓના અમલની એ ખાસિયત છે કે સૌથી વધુ કરચોરી કરવાના રસ્તાઓ પણ કાયદાના નિષ્ણાતો જ શોધી આપે છે. પરિણામે કરોડો રૂપિયાનું બિનહિસાબી નાણું વધતું જાય છે.

કાળાનાણાંની સમસ્યાને ઉકેલવામાં આજદિન સુધીના પ્રયાસો કારગત નીવડ્યા નથી ત્યારે હવે શું કરવું ? અર્થાશાસ્ત્ર અને નીતિશાસ્ત્રનો સંબંધ, તત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિચારધારા અહીં સૂચક બને છે. નાણાં મેળવવા માટે સાધનશુદ્ધિનો આગ્રહ, નૈતિક રસ્તાઓ મહત્ત્વના છે. ગાંધીજી પણ નૈતિક મૂલ્યોના સમર્થક રહીને સાચા માર્ગે ધન મેળવવાનું કહે છે.

(Pure money rconomics) પવિત્ર ધર્મનું અર્થશાસ્ત્ર, કે ત્યાગ, તપસ્યાના પાયા પર રચાયું છે અને તેના આધારે ઇચ્છાશક્તિ નૈતિક્તા, કેળવણી, વિચારશુદ્ધિ જરૂરી બને છે.

આજના સમયની માંગ એ છે કે, આધ્યાત્મિક અને વૈચારિક ક્રાંતિ કરવી જ્યા લોકોને ઊંચાં મૂલ્યોની જાળવણી માટે સજ્જ બનાવવા. લોક માસાને આ રસ્તે લઈ જવામાં સમાજના અગ્રણીઓ, ધર્મગુરુઓ જ્યાં બુદ્ધિજીવીઓ પોતાનો ફાળો આપે તે ધર્મ અને ધર્મસ્થાનો જ કાળાનાણાં પર નભતાં હોય તો ખરેખર ધાર્મિકતા ક્યાંથી આવે ? તેને બદલે નૈતિક અને માનવીય મૂલ્યો ધન કે પૈસા કરતાં વધારે શ્રેષ્ઠ છે તેવું વિચારતો સમાજ એ પાયાની આવશ્યક્તા છે.

આમ દેશ પ્રત્યેની નિષ્ઠાથી વિચારીને, માણસ મનથી અને વિચારોથી બદલાશે તો જ આ અને બીજા અનેક પ્રશ્નો ઉકેલી શકાશે. નહિ તો ભવિષ્યમાં વધારે ચિંતાજનક પરિસ્થિતિ સર્જાશે. કાળાનાણાંની સમસ્યા જ્યા અન્ય આર્થિક સમસ્યાઓને હલ કરવા માટેનો આવો ક્રાંતિકારી માર્ગ અપનાવાનો સમય હવે પાકી ગયો છે અને તે માટેની સામૂહિક જનક્રાંતિ અપેક્ષિત બની છે.

# આર્થિક મૂલ્યોનું શિક્ષણ અને શિક્ષક

ડૉ. ભાવેશ રાવલ

**મા**નવીએ કેટલો વિકાસ સાધ્યો તેનો ખ્યાલ તેના આર્થિક વિકાસ પરથી આવે છે. વાસ્તવમાં માનવી જ્યારથી પરસ્પરાવલંબી બન્યો તેના બધા જ વ્યવહારોનું માધ્યમ નાણું જ રહ્યું છે. હર્ન નામના અર્થશાસ્ત્રીએ અર્થશાસ્ત્રની ઓળખ 'ધનના વિજ્ઞાન' તરીકે આપી છે. કાળક્રમે મનુષ્ય પૈસાને જ સર્વસ્વ માનતો આવ્યો છે. ધન મૂલ્યવાન છે. તેથી તેને આધારે જ માનવીનું સામાજિક મૂલ્ય નક્કી થાય છે. ગુજરાતીમાં કહેવત છે કે, 'નાણાં વગરનો નાથિયો, નાણે નાથાલાલ' જે દર્શાવે છે. ને કે નાણાં વગરના માનવીનું મૂલ્ય કોડીનું છે.

શ્રમિકોથી નિયોજકો, ઘરથી શરૂ કરી દેશના અર્થતંત્ર સુધી, અર્થતંત્રમાં કૃષિ, ઉદ્યોગ અને સેવાઓ અરે ખુદ સરકારના ચક્રોને ગતિમાન રાખે છે, નાણું. આ રીતે પૈસાની પાછળ દોડનારા પોતાની આખી જિંદગી ખર્ચી નાંખે છે. આવા અર્થપરાયણ લોકો માટે 'પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ'ની સ્થિતિ હોય છે. તેઓના જીવનનું ધ્યેય છે માત્ર ધન કમાવવું. આવી સામાજિક સ્થિતિમાં શિક્ષણ પાસેની અપેક્ષાઓ વધી જાય છે. અરે ! આજે તો શિક્ષણ પણ વેપાર બની ગયું છે. જેમાં લેવડ-દેવડ મહત્ત્વની બનતા શિક્ષણને અંતે સારો વ્યવસાય અને ઊંચી આવક મેળવવી એ જ એકમાત્ર લક્ષ્ય હોય છે.

વાસ્તવમાં વર્તમાન સમયમાં સેવાક્ષેત્ર પોતાની પાંખો પ્રસરાવી ચોમેર છવાઈ રહ્યું છે. સામાન્ય માણસ પણ શિક્ષણાભિમુખ બન્યો છે. આવા સંજોગોમાં શિક્ષણ મેળવનાર ભણતરની સાથે ગણતર પણ શીખે અને વિવિધ મૂલ્યો ધારણ કરે એવી અપેક્ષા કુટુંબ, સમાજ અને રાષ્ટ્ર દ્વારા રાખવામાં આવે તે અસ્થાને નથી જ. જો શિક્ષકમાં મૂલ્યો હોય તો જ વિદ્યાર્થીઓમાં તેનું સિંચન, સંવર્ધન શક્ય બને છે. શાળાએ શિક્ષણ દરમ્યાન 'મૂલ્ય શિક્ષણ' પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. વિદ્યાર્થીઓને શીખવવામાં આવતા વિજ્ઞાન વાણિજ્ય, ગણિત, ભાષા, અર્થશાસ્ત્ર જેવા પ્રત્યેક વિષયને પોતીકા મૂલ્યો હોય છે. ઉચ્ચર માધ્યમિક કક્ષાએ અર્થશાસ્ત્ર જેવા પ્રત્યેક વિષયને પોતીકા મૂલ્યો હોય છે. ઉચ્ચતર માધ્યમિક અર્થશાસ્ત્ર વિષે શિક્ષણ પાછળનો એક મહત્ત્વનો આશય વિદ્યાર્થીઓમાં પ્રવૃત્તિઓ સાથે સંબંધિત છે. આથી શિક્ષકોએ શિક્ષણકાર્ય વખતે અધ્યાપનના મુદ્દાઓની સાથે દૈનિક ઘટનાઓ, પ્રવૃત્તિઓ અને પ્રસંગો દ્વારા મૂલ્યોનું નિદર્શન, આરોપણ અને સંવર્ધન કરવાનું હોય છે. આમ, મૂલ્ય ઘડતરની સમગ્ર પ્રક્રિયામાં શિક્ષક કેન્દ્ર સ્થાને હોય છે.

અર્થશાસ્ત્રના મૂલ્ય શિક્ષણની વાત થાય ત્યારે એક પ્રશ્ન સહજ ઉદ્ભવે કે 'આર્થિક મૂલ્યો' છે શું ? આર્થિક મૂલ્યોને સરળ શબ્દોમાં વ્યાખ્યાયિત કરવા હોય તો કહી શકાય કે, 'અર્થશાસ્ત્ર સંબંધિત મૂલ્યો કે જેની સાથે આર્થિક બાબતો સંકળાયેલી હોય તેવો વ્યવહાર, સ્થિતિ કે ઘટનાસંદર્ભે અભિપ્રાયનું સંગઠિત સ્વરૂપ.' શિક્ષક પોતાના શિક્ષણકાર્ય દરમ્યાન આ બાબતોને ચકાસી જે તે સમયે વિનીત મૂલ્ય, બૌદ્ધિક મૂલ્ય, સામાજિક મૂલ્ય, સાંસ્કૃતિક મૂલ્ય અને

( લેખક શ્રી સરસ્વતી શિક્ષણ મહાવિદ્યાલય પાંડેસરા-સુરતમાં ઈ. આચાર્ય છે.)

નૈતિક મૂલ્યને સમજાવી શકે છે. જે લાંબેગાળે વિદ્યાર્થીઓમાં કાયમી જોવા મળે છે.

વિનીત મૂલ્ય દર્શાવે છે કે આર્થિક બાબતોનું વ્યવહારમાં બનેલી ઘટના, કોઈ બાબત કે વ્યક્તિના વ્યવહારને સમજવા માટે, ઊભા થતા પ્રશ્નોને ઉકેલવામાં મદદરૂપ બની શકે છે. જેમ કે વસ્તુની ખરીદી કેટલી કરવી ? લોકો સીઝનમાં અનાજ, તેલ અને મસાલા ખરીદવાનો આગ્રહ શા માટે રાખતા હશે ? આવકની સામે ખર્ચનું આયોજન કરવાથી શો લાભ થાય? રોજિંદા ખર્ચાઓની નોંધ રાખવાની ટેવથી થતાં લાભ? મહિનાના અંતે ખર્ચાઓનું વિશ્લેષણ અને બિનજરૂરી ખર્ચાઓમાં કાપ મૂકતાં આર્થિક ટેવથી થતાં લાભ ? અને બિનજરૂરી ખર્ચાઓમાં કાપ મૂકતા આર્થિક તંદુરસ્તી પર થતી અસર. કુશળ ગ્રાહક બનવા કિંમતના પ્રમાણમાં વસ્તુની ગુણવત્તા, બ્રાન્ડ અને તેમાંથી મળતાં સંતોષને પણ મૂલવે તે જરૂરી છે. વર્તમાન સમયમાં ક્રેડિટકાર્ડ, મોલ કલ્ચર, મોબાઈલ અને મોજશોખના પ્રભાવ અને જાહેરાતોના પ્રકાશથી લલચાઈને ફેશન અને પશનમાં અટવાઈ ન જાય તે માટે આ જ્ઞાન જરૂરી છે. સમજદાર નાગરિક જ કરકસર, કુશળતા અને સુટેવો થકી ઉત્પાદક કાર્યો હાથ ધરી રાષ્ટ્રનાં વિકાસમાં યોગદાન આપી શકે.

બૌદ્ધિક મૂલ્ય વિદ્યાર્થીઓમાં આર્થિક ઘટનાઓ, વ્યવહારો અને બાબતો અંગે બુદ્ધિજન્ય વર્તન અસરકારક બનાવે છે. શિક્ષક પોતાના પહેરવેશ, પદશની સ્વચ્છતા અને સુઘડતાથી મોંઘાદાટ કપડાં પગરખાં સામે સ્વચ્છતા-સુઘડતાનો પ્રભાવ સમજાવી શકે. આર્થિક ઘટનાઓનું વિશ્લેષણ, વૈશ્વિક બાબતોની અર્થતંત્ર પર પડનારી અસરો, વિવિધ કરારો, સરકારની નીતિ, બજારનો રૂખ વગેરે સંબંધી અપાતી સૂક્ષ્મ જાણકારી બૌદ્ધિક મૂલ્ય ઘડે છે. સેલની જાહેરાતો, હપ્તેથી મોજશોખની વસ્તુઓ માટે પૂરું પડાતું પ્રોત્સાહન વિદ્યાર્થીના બૌદ્ધિક વિકાસને લીધે તેને દૂર રાખશે. આમ, વિદ્યાર્થીઓમાં લાંબાગાળે આર્થિક ડહાપણ વિકસે છે.

અર્થતંત્રમાં ગતિશીલતા લાવવા સરકાર દ્વારા અમલમાં મૂકાયેલ સુધારાલક્ષી પગલાં સાંસ્કૃતિક મૂલ્યોના પરિવર્તનનું કારણ બન્યા છે. આજે ઉદારીકરણ, વૈશ્વિકીકરણને લીધે ભારતીય તહેવારોમાં વિદેશી બનાવટ વિશેષતઃ ચાઈનીઝ વસ્તુઓ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. મુક્ત અર્થતંત્રને લીધે રોજગારી અને સુખાકારી વધી છે. તો સાથોસાથ બહુરાષ્ટ્રીય કંપનીઓની નફાખોરી પણ વધી છે. આ બાબતો શિક્ષક ઉદાહરણો દ્વારા પ્રસ્તુત કરી શકે છે. રોજગારી અર્થે મોટી સંખ્યામાં થતું વિદેશગમન, કોલ સેન્ટરોમાં નોકરીની પ્રાપ્તિ, સમાજમાં સ્ત્રી સ્વાતંત્ર્ય અને સમાનતાની ચળવળ પણ સાંસ્કૃતિક મૂલ્યોની સંક્રમણતા સૂચવે છે. જેના પ્રભાવ અને સંભવતઃ ભયસ્થાનોનો ઉલ્લેખ શિક્ષક કરે તે ઈચ્છનીય છે. જાહેરાત નિર્ણાયક હોવા છતાં મધ્યમવર્ગીય પરિવારો વિદેશી બ્રાન્ડને જ મહત્ત્વ ન આપતાં સુવિધા અને ઉપયોગિતાને લક્ષમાં લે છે. તે વ્યક્તિમાં રહેલ વિવેકશક્તિ સૂચવે છે.

અર્થશાસ્ત્ર શિક્ષણમાં વ્યક્તિ, સમાજ અને સરકારની નીતિઓની ચર્ચા કરતાં શિક્ષક વસ્તી, ગરીબી, બેકારી, આર્થિક અસમાનતાના મૂળમાં રહેલા કારણો સમજાવે તેની સાથે ભાવિ નાગરિક તરીકે ભૂમિકા સ્પષ્ટ કરે તો સામાજિક મૂલ્યનું પ્રસ્થાપન થાય છે. શિક્ષકે વિવિધ મુદ્દાઓના અધ્યાપનકાર્ય વેળાંએ સામાજિક પાસાંને વધુ સ્પષ્ટ રીતે મૂકવું જોઈએ. વિદ્યાર્થી વર્તમાન સ્થિતિથી જેટલો માહિતગાર થાય તેટલો જ ભાવિ ભૂમિકામાં સ્પષ્ટ થઈ સામાજિક જવાબદારી અદા કરવા તત્પર બની શકે.

અર્થશાસ્ત્ર શિક્ષણ થકી કેટલીક નીતિમત્તા વિદ્યાર્થીઓને સૂચવી તેનું પાલન કરવા અનુરોધ કરી શકાય. વ્યવહારમાં ખાદ્યાન્યમાં પણ ફયુચર ટ્રેડીંગનું વધતું પ્રમાણ વ્યક્તિઓને વેપારી મનોવૃત્તિવાળા બનાવ્યા છે. ભાવિ નાગરિક તરીકે વિદ્યાર્થીને અછતમાં સંગ્રહ ન કરવો પોતાનો ખર્ચ જાતે કમાણી દ્વારા કાઢવો, જાહેર મિલકતો, સેવાઓના વપરાશ બદલ શુલ્ક ચૂકવવું જ જોઈએ. કમાણી કરનારે કરદાન કરવું, દહેજ આપવું કે લેવું નહિ, પહેરવેશ, સરકારની યોજનાને સફળ બનાવવા સક્રિય બનવું જેવી બાબતોનું વ્યવહારુ માર્ગદર્શન વિદ્યાર્થીમાં નૈતિક મૂલ્યોનું ઘડતર કરે છે.

અર્થશાસ્ત્ર વિષય જીવંત ત્યારે જ બની શકે જ્યારે શિક્ષક શાળામાં વિદ્યાર્થીઓ માટે અર્થશાસ્ત્ર વિષયનું અધ્યયન સહજ બનાવે. મૂલ્ય સિંચનમાં માત્ર પાઠ્યપુસ્તક અસરકારક સાધન કદીય ન બની શકે. આ પ્રક્રિયામાં શિક્ષકની આવડત, દીર્ઘદૃષ્ટિ અને ક્ષમતાઓથી જ વિદ્યાર્થીઓમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આર્થિક મૂલ્યોનું સિંચન શક્ય બને. આવું કાર્ય થાય તો અર્થશાસ્ત્ર શિક્ષણ વાસ્તવમાં અર્થપૂર્ણ બની શકે. સાંપ્રત સમયમાં આવા સક્રિય શિક્ષણની અનિવાર્ય જરૂરિયાત છે.

●●●

# સાંપ્રત પ્રવાહોમાં મેનેજમેન્ટના પડકારો

- પ્રા. એમ.એસ. પરમાર

***આજના જમાનામાં જ્ઞાન એ શક્તિ છે. પરંપરાગત જ્ઞાન અને કૌશલ્ય આ પરિવર્તન યુગમાં ચીલ શકે તેમ નથી. કંપનીએ પોતાને ટકાવી રાખવા માટે સતત શીખતા રહેવું પડશે. પહેલાં કંપનીઓ જ્ઞાન વૃદ્ધિમાં ઝાઝો રસ દાખવતી ન હતી, પરંતુ હવે જ્ઞાન સંપાદન કરવા વધુ પ્રયત્નશીલ બની છે. બુદ્ધિશાળી વ્યક્તિઓ દ્વારા ઉદ્‌ભવતા નવા વિચારો - ખ્યાલોનું ઝડપથી આદાન - પ્રદાન થાય અને તેનું વ્યાપારી કરણ થાય તે પ્રમાણે વ્યવસ્થાતંત્રની ગોઠવણી કરવી પડશે.***

વૈશ્વિકરણના પરિણામે વિશ્વના મોટાભાગના દેશોમાં આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક અને રાજકીય ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તનો શરૂ થયાં રશિયાના પતન બાદ વૈશ્વિકરણની પ્રક્રિયાને નવો વેગ મળ્યો છે. વિશ્વના મૂડીવાદ દેશોએ પોતાની વ્યૂહરચનામાં ફેરફારો કરી નવીન ટેક્નોલોજી અને તેના વિકાસ પર વિશેષ ભાર મૂક્યો છે. અત્યાર સુધી અમેરિકા, યુરોપ અને જાપાન જેવા વિકાસશીલ દેશો જ સમગ્ર વિશ્વ પર આધિપત્ય ધરાવતા હતા, પરંતુ હવે તેમાં બદલાવ શરૂ થયો છે. ૨૧ મી સદીમાં ભારત, ચીન અને કોરિયા જેવા દેશોએ વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પ્રગતિ સાધી છે. હાલમાં સેવા ક્ષેત્રો- બેંકિંગ, વીમા કંપનીઓ, મનોરંજન, પર્યટન-પ્રવાસ, તબીબી ક્ષેત્ર વગેરેનો ફાળો વધવા માંડ્યો છે. આર્થિક, રાજકિય, ટેકનોલોજીકલ , વગેરે પરબિળોએ વ્યવસ્થાતંત્ર સફળતા અને નિષ્ફળતા પર ખૂબ મોટી અસર કરી છે.

૨૧ મી સદીમાં સંચાલને ફક્ત ચીલાચાલુ કે રૂઢિગત શૈલીમાં કાર્ય કરવાનું નથી, પરંતુ સતત રીતે બદલાતા જતા નવા વાતાવરણ સાથે તાલમેલ મેળવવાનો છે. " Management is the practice of conciously shaping organization " સાંપ્રત પ્રવાહોમાં નીચેનાં કેટલાંક ક્ષેત્રોમાં ક્રાંતિકારી ફેરફાર થયા છે.

૧. માહિતી ટેકનોલોજી
૨. જ્ઞાનવર્ધક સંચાલન
૩. સંશોધક અને વિકાસ
૪. ગ્રાહક સેવા વગેરે

૧. માહિતી ટેકનોલોજી :

કોઇપણ પ્રકારના વ્યવસ્થાતંત્રમાં દા.ત. સેવા ક્ષેત્ર, સરકારી કે સ્થાનિકક્ષેત્ર, શૈક્ષણિક-સંસ્થાઓ વગેરેમાં અદ્યતન ટેકનોલોજી અને કોમ્પ્યુટરનો વપરાશ દિનપ્રતિદિન વધતો રહ્યો છે. શરૂઆતમાં બેંકો અને વીમા કંપનીઓના કર્મચારીઓમાં વિરોધનો વંટોળ ઉભો થયો હતો, પરંતુ વર્તમાન સમય સાથે તાલમેલ મેળવવા માટે તેની ઉપયોગિતા અનિવાર્ય બની ગઇ છે. ઇ-કોમર્સ, ઇ-ટ્રેઇનીંગ, ઇ-રીક્રુઇટમેન્ટ વગેરે ઓન-લાઇન થવાથી સેવાઓ ઝડપી, સરળ અને ચોક્કસ બની છે. મોટાભાગની વ્યવસ્થાઓમાં કોમ્પ્યુટર ટેકનોલોજીના વપરાશથી નાણાંકીય વ્યવહારો અને ગ્રાહક સુવિધાઓ, પારદર્શક બની છે. બેંકોમાં ડેબિટકાર્ડ, ક્રેડિટકાર્ડ, કોરબેંકિંગ, ઇન્ટરનેટ બેંકિંગ, એનીવેર બેંકિંગ વગેરે સેવાઓ ઝડપી બની છે. મેનેજમેન્ટને માહિતી અને ટેકનોલોજી પાછળ મોત પ્રમાણમાં નાણાંકીય બજેટની અનિવાર્યતા ઉભી થઇ છે. તદ્‌ઉપરાંત કર્મચારીઓને યોગ્ય તાલીમ અને સુવિધાઓ પૂરી પાડવા માટે માનવસંપત્તિ પાછળ અલગ રોકાણ જરૂરી બન્યું છે.

વર્તમાન સમયમાં નાની નાની કંપનીઓએ માહિતી અને ટેકનોલોજીના ક્ષેત્રે નવીન શોધખોળો કરી, મોટી કંપનીઓની હરીફ બની છે. દા.ત. અમેરિકાની મીની કોમ્પ્યુટર બનાવતી

( લેખક આર્ટ્સ કૉમર્સ કૉલેજ- સાવલી - જી. વડોદરામાં અધ્યાપક છે.)

ઈંઇખ કંપનીને નાની નાની કંપનીઓએ વ્યક્તિગત કોમ્પ્યુટર બનાવી હરીફાઇમાં હંફાવી છે. ૧૯૫૦ સુધી ઔધોગિક જગતમાં રેલવે મોટરકાર, ટેલિફોન, ટેલિગ્રાફ, વગેરેને કારણે મોટાં ઔધોગિક ગૃહો અસ્તિત્વમાં આવ્યાં હતાં. પરંતુ ૨૧ મી સદીમાં ઉત્પાદન અને વિતરણ માટે પર્સનલ કોમ્પ્યુટરે અલગ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જેને કારણે માહિતીની આપ લે ઝડપી અને ઓછી ખર્ચાળ બની છે. ૧૯૭૭માં અમેરિકાની એપલ કંપનીએ પર્સનલ કોમ્પ્યુટર વિકસાવ્યું હતું. ત્યારબાદ ૧૯૮૧ માં ઈંઇખ કંપનીએ બનાવવાનું શરૂ કર્યું. ૧૯૯૦ ના દાયકામાં ઇન્ટરનેટનો ઉપયોગ વિશાળ પાયા પર શરૂ થયો. વ્યવસ્થાતંત્ર એકમો કેન્દ્રિતને બદલે વિકેન્દ્રિત બન્યાં અને વ્યક્તિઓ સ્વતંત્ર રીતે કાર્ય કરતા થયા. મોટા ઉદ્યોગોની સાથે સાથે નાના ઉદ્યોગોનો પણ વિકાસ શક્ય બન્યો.

ભારતમાં પણ વિવિધ ક્ષેત્રોમાં માહિતી અને ટેકનોલોજી વ્યાપ વધવા માંડ્યો છે. જેથી ધંધાકીય એકમોમાં ખૂબ મોટા પ્રમાણમાં મૂડીરોકાણ જરૂરી બનશે, જે અંગે સંચાલકે યોગ્ય નાણાંકીય પ્રવાહનો વિચાર કરવો પડશે. ટેકનોલોજીકલ પરિવર્તનને કારણે ઉદ્યોગોએ ક્યા પ્રકારની વસ્તુનું ઉત્પાદન કરી બજારમાં મૂકવું, કેવાં પ્રકારનાં સાધનો વાપરવાં, કેવી રીતે ઉત્પાદન કરવું વગેરે બાબતો પર મેનેજમેન્ટે ધ્યાન આપવું પડશે. દા.ત. અમેરિકાના બાયો-ટેકનોલોજીકલ ઉત્પાદ્ન માં જાપાને કરેલા ફેરફારો પડકારરૂપ બન્યા છે. આમ માહિતી અને ટેકનોલોજીમાં થતાં પરિવર્તનો મેનેજમેન્ટ માટે મુશ્કેલીરૂપ બનશે. આજે છેક દૂરના નાનામાં નાના ગામડાનો સામાન્ય વ્યક્તિ કે ખેડૂત તથા મજૂર વર્ગ મોબાઇલ તેમજ ઇન્ટરનેટ સેવાનો ઉપયોગ કરતો થઇ ગયો છે. ટાટા, એરટેઇલ, રિલાયન્સ, BSNL વગેરે નેટવર્ક કંપનીઓએ સમગ્ર દેશમાં નેટવર્કમાં ઝડપી પ્રગતિ સાધી છે. આ વિકાસને પરિણામે ગ્રાહકના બજાર વિષેની જાણકારીમાં વધારો થયો છે. ગ્રાહકો હરીફ વસ્તુના ભાવો, ગુણવત્તા, વસ્તુનું ટકાઉપણું વગેરેની ચકાસણી કરી પસંદગીની ચીજવસ્તુઓ ખરીદી શકે છે. ઇન્ટરનેટના વિકાસને કારણે વિશ્વ બજાર સ્થાનિક બજારમાં પરિવર્તિર્ત થયું છે.

ભારતમાં ઇ-કોમર્સ અને ઇ-ગવર્નન્સને કાયદેસર સ્વરૂપ આપવા માટે ૭ મી જૂન ૨૦૦૦ ના રોજ ઇન્ફોરમેશન અને ટેકનોલોજી એક્ટ, ૨૦૦૦ પસાર કરવામાં આવ્યો છે.

૨. જ્ઞાન વર્ધક સંચાલન :

આજના જમાનામાં જ્ઞાન એ શકિત છે. પરંપરાગત જ્ઞાન અને કૌશલ્ય આ પરિવર્તન યુગમાં ચીલ શકે તેમ નથી. કંપનીએ પોતાને ટકાવી રાખવા માટે સતત શીખતા રહેવું પડશે. પહેલાં કંપનીઓ જ્ઞાન વૃધ્ધિમાં ઝાઝો રસ દાખવતી ન હતી, પરંતુ હવે જ્ઞાન સંપાદન કરવા વધુ પ્રયત્નશીલ બની છે. બુધ્ધિશાળી વ્યક્તિઓ દ્વારા ઉદ્ ભવતા નવા વિચારો - ખ્યાલોનું ઝડપથી આદાન - પ્રદાન થાય અને તેનું વ્યાપારી કરણ થાય તે પ્રમાણે વ્યવસ્થાતંત્રની ગોઠવણી કરવી પડશે. નોલેજ મેનેજમેન્ટનો સૌ પ્રથમ ખ્યાલ મેનેજમેન્ટના ગુરુઓના ગુરુ પીટર એફ - ડ્રક્કરે આપ્યો હતો. ૧૯૯૨ માં ઇગ્લેંન્ડ મેનેજમેન્ટ નિષ્ણાત ચાર્લ્સ હેન્ડીએ જણાવ્યું કે '' આજનો ધંધો મુખ્યત્વે બૌધ્ધિક સંપત્તિ પર આધારિત છે અને આ બૌધ્ધિક સંપતિ વ્યક્તિઓના મગજ અને હૃદયમાં રહેલી છે.

અગાઉ મેનેજમેન્ટનો નફો માનવશક્તિ અને કંપનીની મિલકતો પર આધારિત હતો. પરંતુ હવે કંપનીના નફાનું સ્થાન બુધ્ધિશક્તિએ ખૂંચવી લીધું છે. જ્ઞાનવર્ધક સંચાલનમાં જ્ઞાન પ્રાપ્ત કરવું, સંગ્રહ કરવો, નવા વિચારો ઉત્પન્ન કરવા, માહિતીનું યોગ્ય વિતરણ કરવું વગેરે બાબતો અનિવાર્ય બની છે. વ્યવસ્થાતંત્ર કે ધંધાની સમૃધ્ધિનો આધાર ધંધાના ટ્રેડમાર્ક, કોપીરાઇટ્સ, પેટન્ટ્સ અને તેમાં કાર્ય કરતા કર્મચારીઓની બુધ્ધિ કૌશલ્ય પર નિર્ભર છે ફક્ત માહિતી ભેગી કરવી એ જ્ઞાન નથી પરંતુ આ જ્ઞાનનો ઉપયોગ નિર્ણય પ્રક્રિયામાં યોગ્ય રીતે કરી શકાય તો જ તે મહત્વનું છે. સેવા આપતાં એકમોનું સંચાલન વ્યવસાયી એકમો કરે છે. અમેરિકાની જનરલ મોટર્સ કંપનીએ જંગી રોકાણ ફેક્ટરી, યંત્રો જેવી મિલકતોમાં કર્યું છે. જ્યારે ફોર્ડ કંપનીએ જ્ઞાન કે બુધ્ધિ કૌશલ્ય પાછળ વધુ રોકાણ કરેલ છે. આજના જમાનામાં ધંધાની કિંમતી મિલકતોની જેમ માનવ સંપત્તિ પણ ધંધાની કિમતી મિલકતો ગણવામાં આવે છે. જાપાનની કંપનીઓ તેના છેલ્લામાં છેલ્લા કારીગરને ઉત્પાદન ઉપરાંત ગુણવત્તાની જાળવણી કરવાની જવાબદારી સોંપે છે. અમેરિકાએ વિચાર અને કાર્યને અલગ પાડ્યા છે, જ્યારે જાપાને વિચાર અને કાર્યને કામદારોમાં કેન્દ્રિત કર્યા છે, જેના પરિણામે ચીજવસ્તુઓમાં વૈવિધ્ય વધ્યું છે.

અમેરિકા, યુરોપ, અને જાપાનની અનેક કંપનીઓ પોતાના કર્મચારીઓને સેમીનારો, વર્કશોપ વગેરેમાં ભાગ લેવા મોકલે છે. વિશ્વની કેટલીક કંપનીઓએ જુદી જુદી યુનિવર્સિટીઓ સાથે પોતાના સંબંધો પ્રસ્થાપિત કર્યા છે. વિદેશની ઘણી જાણીતી કંપનીઓએ પોતાના કર્મચારીઓને તાલીમ આપવા માટે પોતાની યુનિવર્સિટીઓ ઉભી કરી છે. દા.ત. મેકડોનાલ્ડ કંપનીએ શિકાગોમાં મેકડોનાલ્ડ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. આ યુનિવર્સિટીમાં પોતાના કર્મચારીઓને નિયમિત તાલીમ

આપવામાં આવે છે. ભારતમાં પણ જ્ઞાનવર્ધક સંચાલનની ધીમે ધીમે મક્કમ શરૂઆત થઇ છે. દા.ત ઇંઇંખ જેવી સંસ્થાઓમાંથી ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને નોકરીની ઉજ્જવલ તકો માટે કેમ્પસ ઇન્ટરવ્યુ રાખે છે. મોટાભાગની બિઝનેસ સ્કૂલ વિદ્યાર્થીઓને જોબ ટ્રેઇનીંગ માટે કંપનીઓમાં મોકલે છે. જોબ માટે પોતાની સંસ્થાઓમાં જ ભરતીની પ્રક્રિયા કરે છે. દા.ત. ત્રિવેન્દ્રમ ખાતે આતરરાષ્ટ્રીય સામાજીક ઉદ્યોગ સાહસિક સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. આ સંસ્થા અંધ વ્યક્તિઓને ઉદ્યોગ સાહસિક બનવા માટે તાલીમ આવે છે. પીટર એફ ડ્રેક્કર ભવિષ્ય ભાખ્યું છે કે ૨૧ મી સદી જ્ઞાન આધારિત હરીફાઇવાળી હશે. માઇક્રોસોફ્ટ કંપનીનો માલિક બિલગેટ્સ બુધ્ધિચાતુર્ય વડે વિશ્વના સૌથી વધુ ધનિક વ્યક્તિ બન્યા છે.

જ્ઞાન સંચાલન પ્રક્રિયાની કંપની પર કેવી અસર થઇ છે. તેનું મૂલ્યાંકન અને માપણી કરવી એ સંચાલન માટે સૌથી મોટા પડકાર છે.

૩. શંશોધન અને વિકાસ :

દુનિયાના આગળ પડતા સમૃધ્ધ દેશોએ નવીન ટેક્નોલોજી વિકસાવવા માટે શંશોધન અને વિકાસ ક્ષેત્રે ખુબ મોટા પ્રમાણમાં રોકાણ કરેલ છે. જાપાનની સોની, હોન્ડા, કોનાન્યુ વગેરે કંપનીઓએ આ ક્ષેત્રમાં ભારે રોકાણ કર્યુ છે. જ્યારે ભારતમાં દવાની કંપનીઓ સિવાયની અન્ય કંપનીઓએ શંશોધન ક્ષેત્રે ઘણું ઓછું રોકાણ કરેલ છે. અમેરિકાની સેલીકોન વેલીએ હાર્ડવેર અને સોફ્ટવેરમાં સૌથી વધારે મૂડીરોકાણ કરેલ છે. આ કાર્ય માટે સાહસિક મૂડીની જરૂરીયાત ઊભી થાય છે. ઉદ્યોગ સાહસિકો, નવીન શોધો, વિચારો અને ટેકેનોલોજી પાછળ પોતાની મૂડીનો સૌથી વધુ ઉપયોગ કરે છે. વિશ્વના આગળ પડતા દેશોમાં કર્મચારીઓને નવીન શોધખોળો માટે પ્રોત્સાહનો આપવામાં આવે છે. એક મોજણી પ્રમાણે ૨૦૦૬ ના વર્ષમાં સંશોધન અને વિકાસ પાછળ રૂ. ૪૭૮ અબજ ડોલર્સ ખર્ચવામાં આવ્યા હતા. બ્રિટિશ સરકારે તા. ૧૫ - ૧૧-૨૦૦૭ ના રોજ બહાર પાડેલ એક તારણ પ્રમાણે આ ક્ષેત્ર પાછળ વિશ્વની આગળ પડતી ૧૨૫૦ કંપનીઓમાં ભારતની ફક્ત સાત જ કંપનીઓનો સમાવેશ થાય છે. આ કંપનીઓનો વિશ્વમાં ક્રમાંક નીચે પ્રમાણે છે.

| **ક્રમનં** | **કંપનીનું નામ** | **વિશ્વક્રમાંક** |
|---|---|---|
| ૧ | ટાટા મોટર્સ | ૦૧ |
| ૨ | રેનબેક્સી | ૬૮૩ |
| ૩ | કેપિટ્કમિન્સ ઇન્ફો | ૮૬૧ |
| ૪ | ડૉ. રેડ્ડીઝ લેબલ | ૭૧ |
| ૫ | માઇન્ડ ફ્રી કન્સલ્ટિંગ | ૦૭૯ |
| ૬ | સનફાર્મા | ૧૦૨ |
| ૭ | મહિન્દ્ર અને મહિન્દ્ર | ૧૧૪૭ |

સંશોધન ક્ષેત્રમાં અમેરિકા, જાપાન, જર્મની, ફ્રાન્સ અને બ્રિટનની કંપનીઓએ કુલ ૮૧% જેટલી રકમનું રોકાણ કરેલ છે.

૪. ગ્રાહક સેવા :

આજના વિકાસશીલ અને હરીફાઇયુક્ત જમાનામાં ગ્રાહક સેવામાં બદલાવ આવ્યો છે. આજે સમગ્રલક્ષી બજાર અભિગમમાં દરેક ગ્રાહકને વ્યક્તિગત ગ્રાહક તરીકેના દ્રષ્ટિકાણથી જોવામાં આવે છે. વસ્તુના રૂપ, રંગ, આકાર, પેકિગ વગેરેમાં ફેરફાર કરી ગ્રાહકાને વધુમાં વધુ આકર્ષવા માટે પ્રયત્નો કરવામાં આવે છે. જ્યારે ગ્રાહકે પોતાની જરૂરીયાતો, અભિરૂચી, ટેવો, નાણાંકીય આવકો વગેરેને દયાનમાં રાખી યોગ્ય પસંદગીનો માલ ખરીદવાનો અભિગમ રાખે છે. પ્રવર્તમાન સમયમાં ગ્રાહકોને બજારમાં પોતાની પસંદગીની વસ્તુ ખરીદવા ઘણા વિકલ્પો મળે છે. માર્કેટીંગના નવા અભિગમમાં ગ્રાહકના સંતોષના સ્થાને ગ્રાહકે પોતે ખર્ચેલાં નાણાંના પ્રમાણમાં યોગ્ય પસંદગીની વસ્તુ મળે છે કે નહિ તેના પર વિશેષ ભાર મૂકે છે. આ ઉપરાંત ગ્રાહકોને વસ્તુની ખરીદી માટે બેંકો કે નાણાંકીય સંસ્થાઓ તરફથી સરળ હપ્તેથી લોનની પણ સવલત મળે છે. આમ સંચાલને ધંધામાં સફળતા મેળવવા તેમજ તેમાં ટકી રહેવા માટે ટૂંકાગાળા જ નહિ પરંતુ લાંબાગાળાના સંબંધો ગ્રાહકો સાથે બાંધવા પડશે.

વૈશ્વિકરણને કારણે આજે ભારતમાં છેક છેવાડાના નાનામાં નાના ગામડાઓમાં પણ કોકાકોલા, પેપ્સી થમ્સઅપ જેવાં પીણાંઓ મળતાં થયાં છે. મેકડોનાલ્ડ, પીઝાહટ, કોકાકોલા જેવી કંપનીઓએ ફ્રેન્ચાઇઝી પધ્ધતિ દ્વારા સમગ્ર વિશ્વમાં પોતાની ચીજવસ્તુઓની આગવી માંગ ઉભી કરી છે.

આમ સંચાલને વિશ્વના સ્પર્ધાત્મક બજારમાં ટકી રહેવા માટે માહિતી ટેક્નોલોજી, જ્ઞાનવર્ધક સંચાલન, શંશોધન અને વિકાસ તેમજ ગ્રાહક સેવા પરત્વે પૂરતું ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. પીટર એફ ડ્રકરે પોતાના નવા પુસ્તક 'Management challenges for the 21st century' માં ૨૧મી સદી માટે કેટલીક ધારણાઓ આપી છે. જેનફાકારક અને બિનફાયદાકારક વ્યવસ્થાતંત્રો તેમજ વ્યક્તિઓ માટે ઘણી માર્ગદર્શક છે. મેનેજમેન્ટની નવી રૂપરેખા, નવીન વ્યુહરચના, માહિતીના પડકારો, કુશળ કામદારોની ઉત્પાદકતા પોતાની જાતે સંચાલન કરવું વગેરે મેનેજમેન્ટ પડકારોમાં વહેંચાયેલ છે. સંચાલન વિશ્વના સતત બદલાતા પ્રવાહો સાથે તાલ મેળવતા રહેવું પડશે.

● ● ●

# એકવીસમી સદીનું ગ્રામીણ ગ્રંથાલય

– પ્રકાશ શાહ

*આપણા દેશનો ખેડૂત જાગ્રત થયો છે. તેની ખેતીવાડી ક્ષેત્રે આવેલ નવી નવી ટેકનિકોનો ઉપયોગ કરી કંઈક પ્રાપ્ત કરવું છે. ત્યારે જો ગ્રામીણ ગ્રંથાલયોમાં જાણકારી આપતી વેબસાઈટો પ્રાદેશિક ભાષામાં સુલભ કરાશે તો આપણો ખેડૂત સિદ્ધિઓ પામશે.*

ગ્રંથાલયની સીધીસાદી વ્યાખ્યા એ થાય , કે જ્યાં માનવ વિચારો, અનુભવો તથા તેની જે તે જરૂરિયાતો સંતોષતું સાહિત્ય પુસ્તકો, સામયિકો, સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ વિ. સ્વરૂપે સુલભ કરતું સ્થળ.

(૧) જે ગામમાં આ ગ્રંથાલય રચાય તેમાં તે ગામમાં પેદા થતી ખેતપેદાશમાં રોજબરોજના છેલ્લામાં છેલ્લા ભાવોની જાણકારી આપતી વેબસાઈટ હોય.

(૨) ગામમાં થતી ખેત પેદાશનું ઉત્તમ બિયારણ ક્યાં ને કઈ કિંમતે મળે છે. તેની જાણકારી આપતી વેબસાઈટ તે ગ્રંથાલયમાં હોય.

(૩) ગામમાં થતી ખેતપેદાશમાં થતા રોગો નિવારવાની દવા કઈ ને ક્યાં ઉપલબ્ધ છે ? તેની કિંમત કેટલી ? તે કઈ રીતે ખેતપેદાશ પર છાંટવી ? વિ. તમામ માહિતી આપતી વેબસાઈટ તે ગ્રંથાલયમાં સુલભ હોય.

(૪) ગામની ખેતીમાં વપરાતા સાધનો જેવા કે હળ, ટ્રેક્ટર વિ. ક્યાં સારા ને સસ્તા તથા ઉત્તમ ગુણવત્તાવાળા મળે તેની માહિતી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૫) ખેતીનાં સાધનો ખરીદવા બેંકલોન કઈ કઈ બેંકો આપે છે ? તેનો વ્યાજદર કેટલો ? લોન મેળવવા જરૂરી દસ્તાવેજો ક્યાં ? વિ. લોન મેળવવા જરૂરી તમામ વિગતોની જાણકારી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૬) ગામમાં થતી ખેતપેદાશ માટે ઉત્તમ ખાતરો કયા કયા ? તે ક્યાં ને કઈ કિંમતે મળે છે ? તેની જાણકારી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૭) સરકારશ્રી દ્વારા ટ્રેક્ટર વિ. સાધન ખરીદી/ખાતર વિ. ખરીદી, બિયારણ ખરીદીમાં અપાતી સબસિડીની માહિતી, તે માટે કરવામાં આવતી કાર્યવાહીઓની તમામ વિગતો પૂરી પાડતું સાહિત્યની વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૮) ખેતીની જમીન ખરીદવી કે વેચવી જે અંગે શું ને કઈ કાર્યવાહી કરવી ? ૮-અ નો ઊતારો વિ. મેળવવા શું ને ક્યાં ? કઈ કાર્યવાહી કરવી જે અંગેની સંપૂર્ણ જાણકારી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય. ઉપરાંત ૭-અ વત્તા ૭-૧૨ ના ઊતારાઓની માહિતી પણ તે આપતી હોય.

(૯) આપણા દેશની મોટા ભાગની ખેતી વરસાદ આધારિત છે. ત્યારે વરસાદ તથા અન્ય હવામાનની જાણકારી - આગાહી કરતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

( લેખકશ્રી શ્રીમતી આર.પી.ચૌહાણ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી જે.કે.શાહ અને શ્રી કે.ડી.શાહ કૉમર્સ કૉલેજ, વ્યારા, જિ. સુરતમાં અધ્યાપક છે.)

(૧૦) જ્યાં નહેર-સિંચાઈ સુવિધા હોય ત્યાં તેના ચાલુ-બંધ થવા અંગેની માહિતી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૧૧) શાકભાજી તથા ફળના બજારભાવો, તેનું સારું બિયારણ, તેમાં થતા રોગ નિવારણનાં ઉપાય તેની દવા તથા તે માટેના ખાતર વિ. ની તમામ જાણકારી ત્યાં સુલભ હોય.

(૧૨) આપણા દેશમાં મોટા ભાગની ખેતી પશુ દ્વારા થતી હોય છે. ત્યારે પશુની ઉત્તમ ઔલાદ કંઈ ? તે ક્યાં કંઈ કિંમતે મળે છે ? જો તે માંદા પડે તો જિલ્લા કે તાલુકાના ગામે આવેલ પશુ દવાખાનાનો ફોન-ફેક્સ નંબર વિ. ની માહિતી તથા તેઓની દવા ક્યાં મળે ? વિ. તમામ માહિતી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૧૩) જમીન મહેસૂલનાં દરોની જાણકારી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૧૪) ગામડામાં ચાલતી મરઘા ઉછેર, પ્રવૃત્તિ માટે જરૂરી મરઘાની ઉત્તમ ઔલાદ, તેમનો ખોરાક, તેમને થતા રોગોનાં ઉપચાર, ઈંડા વિગેરેના બજાર, તેના ભાવો વિ. સંબંધી છેલ્લામાં છેલ્લી માહિતી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

(૧૫) પોતાની ખેત પેદાશનો ભાવ સારો આવે તે માટે ખેડૂતો હવે પોતાનો માલ વેપારીઓની માફક કોલ્ડ સ્ટોરેજમાં મૂકતા હોય છે. પોતાના જિલ્લામાં આવેલ કોલ્ડ સ્ટોરેજોની માહિતી, ભાડુ, માલ મૂકવા લેવાનો સમય વગેરે જરૂરી ફોન-ફેક્સ નંબર સહિતની તમામ જાણકારી આપતી વેબસાઈટ ત્યાં સુલભ હોય.

આજનો ભારતીય ગ્રામીણ ખેડૂત વરસાદ પર નિર્ભર ન રહેતાં બાગ-બગીચા, મરઘીપાલન, માછલીપાલન જેવી વૈકલ્પિક આવકનાં નવા સ્ત્રોતો પેદા કરી રહ્યો છે. નવી ખેતી તથા નવી નવી ટેકનિક દ્વારા આજનો ખેડૂત સારી કમાણી કરી રહ્યો છે.

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના નાનકડા ગામ નાયગાંવમાં રહેતો સુનિલ કરકડે પહેલા વરસાદ આધારિત ખેતી કરતો ત્યારે પોતાના પરિવારનું ગુજરાન મહામુસીબતે કરી શકતો પરંતુ છેલ્લા ચાર વર્ષોથી માઈક્રો સ્પ્રિંકલર સિંચાઈ પદ્ધતિએ શાકભાજીની ખેતી શરૂ કરતા તેની વાર્ષિક આવક છ લાખ રૂપિયા પર પહોંચી.

એ જ રીતે તેલંગણના મુરથડના ૩૨ વર્ષીય યલાલા શ્રીનિવાસ પાસે ફક્ત ચાર એકરનું જ ખેતર છે, પરંતુ હવે તેઓ ડ્રિપ સિંચાઈ અને માઈક્રો સિંચાઈ ટેકનિક પોતાની આસપાસના ખેડૂતોને વેચી રહ્યા છે. જેથી તેની આવક વધી.

પશ્ચિમ બંગાળનો વર્ધમાન જિલ્લો દેશનો એકમાત્ર એવો જિલ્લો છે, જે સંપૂર્ણપણે ઈન્ટરનેટથી જોડાયેલો છે. ત્યાંની પંચાયત આખાયે જિલ્લામાં વિડિયો કોન્ફરન્સ યોજે છે.

મદુરાઈ નજીક વલ્લિયમલપુરમના નવા મુરુગને પરંપરાગત ખેતી છોડીનવી ખેતી કરતા ધાર્યા કરતા વધુ સારા પરિણામો મેળવ્યા. પહેલા તેઓ ચા, કોફી, કાળા મરી અને શેરડી ઉગાડતા હતા. હવે તેઓ બી વગરની થૉમસન દ્વારા ઉગાડી રહ્યા છે. જેનું વાર્ષિક ઉત્પાદન ૧૦,૦૦૦ ટન જેટલું થાય છે.

આ અને આવા અનેક દૃષ્ટાંતો જોતાં ખ્યાલ આવે છે કે, આપણા દેશનો ખેડૂત જાગ્રત થયો છે. તેની ખેતીવાડી ક્ષેત્રે આવેલ નવી નવી ટેકનિકોનો ઉપયોગ કરી કંઈક પ્રાપ્ત કરવું છે. ત્યારે જો ગ્રામીણ ગ્રંથાલયોમાં ઉપરોક્ત જાણકારી આપતી વેબસાઈટો પ્રાદેશિક ભાષામાં સુલભ કરાશે તો આપણો ખેડૂત ઉપર જોઈ તેવી સિદ્ધિઓ પામશે.

**સંદર્ભ નોંધ :**

૧. ગામડાઓ હાઈટેક બની રહ્યા છે. 'ગુજરાત મિત્ર' દૈનિક રવિવાર પૂર્તિ તા. ૨૮-૦૨-૨૦૧૦

## ગ્રામ્ય ગ્રંથાલય માટે ઉપયોગી વેબસાઈટો

**Organizations Websites**

1. Central Plantation Crops Research Institute http://www.cpcri.nic.in
2. Council for Tribal and Rural Development http://www.ctrclorissa.org.
3. District Rural Development Agency http://clrdalatur.india.com
4. Food And Agricultural Organization http://www.fag.org.
5. Rural Development http://www.ruraldevelopment. org
6. Friends of Tribal Society http://www.fts.india.org
7. Indian Council of Agricultural Resarch http://www.in/icar
8. Ministry of Agricultural http://ndmindia.nic.in
9. Ministry of Tribal Affairs http://www.nic.in
10. National Bank for Agriculture and Rural Development http://www.nabard.org
11. National Institute or Rural Development http://www.nird.org

●●●

# ચાલો સશક્ત અને વિચારવંત અભિગમ કેળવીએ

- ડૉ. હરપાલ રાણા

*રાષ્ટ્રની સાથે રાષ્ટ્રહિત અને રાષ્ટ્રમાં વસનાર દરેક પ્રજાઓનું પ્રજાહિત તેમાં સંકળાયેલું હોય છે. પ્રજાને સાચો રાહ દર્શાવી તેને યોગ્ય દિશા તરફ વિકાસોન્મુખ કરાવવાની ફરજ આપણી સૌની છે. આપણે ભલે કોઈપણ ધર્મ કે સંપ્રદાયમાં માનનારા હોઈએ પણ જ્યારે-જ્યારે રાષ્ટ્રની વાત આવે ત્યારે-ત્યારે આપણે આપણા મતભેદો, વિખવાદો ને એકબાજુ મૂકી રાષ્ટ્રહિત તરફ જ આપણું ધ્યાન કેળવાવું જોઈએ અને એ તરફનો અભિગમ આપણે સૌએ કેળવવો જ જોઈએ.*

સાંપ્રત સમયમાં આપણે સૌ ભારતવાસીઓએ એક સશક્ત, સબળ, સકારાત્મક અને વિચારવંત અભિગમ કેળવવાની અગ્રિમ જરૂરિયાત છે. સકારાત્મક અભિગમમાં રાગદ્વેષ, પક્ષાપક્ષી, ઊંચ-નીચ જેવી બાબતોને કોઈ સ્થાન ન જ હોઈ શકે. બલકે તેના સ્થાને સમાનભાવ, સમતાવાદી વિચારો, ભાઈચારો, કોમી એખલાસ અને શાંતિ તથા સમાન અધિકારો જ હોઈ શકે. આ માટે આજે જરૂર છે સ્વસ્થ અને દ્વેષરહિત વિચારો અને આદર્શોની. તે વિચારો, આદર્શોને સમજી, વિચારી તેનું સાચા અર્થમાં સંવર્ધન કરવું અતિ આવશ્યક છે. રાષ્ટ્રને સમર્પિત અને રાષ્ટ્રોત્થાનને વિકસિત કરી સમાજ અને રાષ્ટ્રમાં રાષ્ટ્રીય એકતા, સામાજિક સમભાવ અને આર્થિક સમાનતા લાવનાર અભિગમ કેળવવાની આજના સમયની તાતી માંગ છે. આજે પ્રામાણિકપણે અને વફાદારીપૂર્વક આપણે સૌએ એક સહિયારો, સર્વનું કલ્યાણ કરનારો એક ઉમદા અભિગમ કેળવીશું તો જ આપણે સૌ ટકી શકીશું, નહિંતર આવનાર દિવસોમાં આપણા સૌના અસ્તિત્વ સામે જ અનેક પડકારો ઊભા થશે.

આજના સમયમાં કહેવાતા બુદ્ધિજીવીઓ, કહેવાતા રાષ્ટ્રવાદીઓ, કહેવાતા સામાજિક - રાજકીય કાર્યકરો, નેતાઓ, તથા કહેવાતા સાધુઓ જ્યાં સુધી પોતીકા સ્વાર્થો ત્યજશે નહિં અને જ્યાં સુધી અન્યાયને અન્યાય તરીકે રજૂ કરશે નહિં ત્યાં સુધી વર્તમાનમાં સાચી રાજકીય, સામાજિક, આર્થિક કે ધાર્મિક સમાનતા લાવી શકાશે નહિં. એકબાજુ, આપણે રાષ્ટ્રના વિકાસની વાત કરતા હોઈએ અને બીજીબાજુ, રાષ્ટ્રને અધોગતિ તરફ લઈ જઈ રહેલા તત્વો સાથે હાથ મિલાવીએ; એકબાજુ, સગાંવાદ, ભ્રષ્ટાચાર જેવી બદીઓ સામે જુંબેશ ઉપાડવાની વાત કરીએ તો બીજીબાજુ, પોતાનાં જ સગાંવહાલાંઓને ઠેરઠેર ગોઠવી દઈએ; એકબાજુ, નૈતિક આચરણની વાતો કરીએ તો બીજી બાજુ, પોતે જ અનૈતિક અને ન છાજે તેવા કાર્યો કરીએ એ શોભનીય નથી.

જ્યાં સુધી આપણે સૌ આવા દંભી, ઢોંગી-ધુતારા અને સમાજને અંદરથી કોરી ખાનારા તકવાદીઓ, રૂઢિવાદીઓની પોલ ખોલશું નહિં ત્યાં સુધી સમાજ કે રાષ્ટ્ર સાચી દિશામાં કેળવાશે નહિં. સમાજ-રાષ્ટ્રમાં રહેલા આવા દ્વિમુખી વ્યક્તિત્વ ધરાવનારાઓને ઓળખી લેવાની ખૂબ જ આવશ્યક્તા છે. કહેવાતા આવા પાખંડી અને દંભી વ્યક્તિઓ પરથી પડદો હટાવવાની આપણી સૌની પ્રથમ ફરજ છે. ભલે આપણે કોઈપણ સમાજ કે ધર્મ કે સંપ્રદાયના હોઈએ પણ જ્યારે-જ્યારે તેમાં ભ્રષ્ટતા, અધમતા અને ગંદકી જોઈએ ત્યારે-ત્યારે તેની સામે વિરોધ નોંધાવવાનું સાહસ કરીશું તો જ સમાજ-રાષ્ટ્રમાં એક સાચી પારદર્શિતા, ગતિશીલતા, પ્રામાણિકપણું, સમાનતા અને સાચી પ્રગતિ તરફના મંડાણ થશે.

રાષ્ટ્રની સાથે રાષ્ટ્રહિત અને રાષ્ટ્રમાં વસનાર દરેક પ્રજાઓનું પ્રજાહિત તેમાં સંકળાયેલું હોય છે. પ્રજાને સાચો રાહ દર્શાવી તેને યોગ્ય દિશા તરફ વિકાસોન્મુખ કરાવવાની ફરજ આપણી સૌની છે. આપણે ભલે કોઈપણ ધર્મ કે સંપ્રદાયમાં માનનારા હોઈએ પણ જ્યારે-જ્યારે રાષ્ટ્રની વાત આવે ત્યારે-ત્યારે આપણે આપણા મતભેદો, વિખવાદો ને એકબાજુ મૂકી રાષ્ટ્રહિત તરફ જ આપણું ધ્યાન કેળવાવું જોઈએ અને એ તરફનો અભિગમ આપણે સૌએ કેળવવો જ

(લેખકશ્રી શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગરમાં ઇતિહાસના પ્રાધ્યાપક છે.)

જોઈએ. રાષ્ટ્ર કે સમાજ સામે કોઈપણ આફત કે સંકટ આવી પડે ત્યારે આપણે સૌએ સાથે મળી તેનો ઉકેલ લાવવો જોઈએ તથા આપણામાંની સાચી એકતાને પ્રસ્થાપિત કરવા ખુલ્લા મને બહાર આવવું જોઈએ. સંપ અને સહિયારા પ્રયાસોથી જ રાષ્ટ્ર પ્રગતિ કરી શકે છે. અંદરોઅંદરની લડાઈઓ, કોમી વિસંવાદિતાઓ, કોમી ઝગડાઓ, પ્રાદેશિક લડાઈઓ, ભાષાકીય શ્રેષ્ઠતા માટેના પૂર્વગ્રહો વગેરે રાષ્ટ્ર અને સમાજને ખતમ કરી નાંખશે અને રાષ્ટ્ર અધોગતિની એવી ગર્તામાં ચાલી જશે કે તેને બહાર લાવવામાં અનેક વર્ષોની તપશ્ચર્યા કરવી પડશે. કોમી એકતા, સંવાદિતા અને કોમી એખલાસ સ્થાપવા એક સહિયારો અભિગમ કેળવવો તથા સકારાત્મક પગલાંઓ દ્વારા સહઅસ્તિત્વનું વાતાવરણ ઊભું કરવું એ વર્તમાનમાં રાષ્ટ્રહિત માટે એક આવશ્યક જરૂરિયાત છે.

ભારતીય સમાજમાં અનેકવિધ પ્રજાઓનો સમાવેશ થાય છે. આ પ્રજા અનુવેદકાળ પછી તે આજે ૨૧મી સદી સુધીની યાત્રામાં ક્યારેય પણ એક સામાજિક, આર્થિક અને ધાર્મિક સમાનતા લાવવા બુદ્ધ, મહાવીર, કબીર, નાનક, રોહિદાસ, રામમોહન રોય, જ્યોતિબા ફૂલે, મહાત્મા ગાંધીજી, ડૉ. આંબેડકર જેવા અનેક મહાન સુધારકોએ ઘણા જ પ્રયાસો કર્યા હતા. પરંતુ આજેપણ આપણા સમાજમાં અસ્પૃશ્યો પ્રત્યે સમાનભાવ તથા ભાઈચારાની ભાવના જોઈએ તેટલા પ્રમાણમાં વિકાસ પામી શકી નથી.

સાંપ્રદાયિક સદ્‌ભાવ અને કોમી એખલાસ શાંતિમય સહઅસ્તિત્વ માટે જરૂરી છે, તેટલાં જ પ્રમાણમાં ધાર્મિક સહિષ્ણુતા, ઔદાર્ય, પરસ્પર ઉપયોગી બનવાની ભાવના પણ જરૂરી છે. પરંતુ તેથી પણ વધુ જરૂરિયાત છે હૃદયમાં રહેલી મલિનતા, શંકા-કુશંકા અને બીજાને હાનિ પહોંચાડવાની ભાવના ત્યજવાની. જ્યાં સુધી ભારતીય પ્રજામાં એકબીજા પ્રત્યે ભાઈચારાની ભાવના સાચા મનથી - હૃદયથી ખિલશે નહિં ત્યાં સુધી સાચી રાષ્ટ્રીય એકતા સ્થાપવી લગભગ અશક્ય જ છે. આ માટે જરૂર છે એવા નિઃસ્વાર્થી અને ઉમદા માણસોની કે જેઓ બધા જ ધર્મો-સંપ્રદાયો તથા વિવિધ સમાજોને એક સૂતરના તાંતણે બાંધી શકે. ભલે આપણો ધર્મ, કે સમાજ અલગ હોય પણ એક ઈન્સાન તરીકેની ઈન્સાનિયત આપણે પ્રથમ નિભાવવી જોઈએ. જો કોઈ શ્રેષ્ઠ ધર્મ હોય તો તે ''માનવધર્મ'' જ છે અને પરસ્પર મતભેદોને કોરાણે મૂકી શાંતિથી રહેવું એ જ ધર્મ હોઈ શકે. પણ આજે તો ધર્મો જ વિખવાદ અને ઝઘડાઓના કારણ બન્યા છે. આજના આતંકી યુગમાં સાચો ધર્મ વિસરાઈ ગયો છે અને તેના સ્થાને ધાર્મિક જનૂન, ઝઘડાઓ, ઘાતકી હત્યાઓ તથા રાજકીય હુંસાતુંસીએ ચારે તરફ માનવ સમૂહને એવો તો ઘેરી લીધો છે કે વિશ્વ મૃત્યુના કગાર પર આવીને બેઠું છે. આજે વિશ્વને એક યોગ્ય અને સુમેળભર્યા રાહે લઈ જઈ શકે એવો સહિયારો અભિગમ કેળવવો ખૂબ જ જરૂરી બન્યો છે. આ દિશામાં સ્પષ્ટવક્તા બુદ્ધિજીવીઓ, સમાજસેવીઓ અને નિઃસ્વાર્થી રાજકારણીઓ આગળ આવશે તો કાંઈક સાર્થક અભિગમ કેળવાશે તથા પ્રજાએ પણ હવે જાગૃત બની ગેરમાર્ગે દોરાયા વિના સાચી વસ્તુસ્થિતિનો અભ્યાસ કરી ખુદ નિર્ણય લેવાની ભાવના કેળવવી પડશે.

આજે રાષ્ટ્ર એક વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે ત્યારે આપણા સૌની ફરજ એકસમાન અને સૌનું કલ્યાણ કરનાર રાષ્ટ્રીય નીતિને અનુસરવાની પરમ આવશ્યક્તા છે. પરંતુ આ માટે આપણે સૌએ પોતાના મતમતાંતરો, પૂર્વગ્રહો, જડ વલણ વગેરે ત્યજવા જરૂરી છે. પક્ષીય રાજકારણ, પક્ષીય નીતિ, પક્ષીય હિતોને કોરાણે મૂકી આજે સૌનું સહિયારું કલ્યાણ થાય, સૌનું હિત સચવાય અને એકતા જળવાય એવી એક રાષ્ટ્રીય નીતિને આપણે કેળવવી પડશે તથા કોઈપણ ભોગે એને જાળવવી પડશે, નહિંતર દિવસે-દિવસે રાષ્ટ્ર અને સમાજ નબળો પડતો જશે અને તેની સામે અનેક પડકારો ઊભા થશે.

રાષ્ટ્રનું હિત એ આપણા સૌનું નિજ હિત છે. રાષ્ટ્રનું કામ એ આપણું કામ છે. રાષ્ટ્રની પ્રગતિ એ આપણી પ્રગતિ છે. રાષ્ટ્રમાં વસનાર સૌ આપણા જ ભાઈઓ છે. વર્ષોથી હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ, પારસી જન સમુદાય એકસાથે રહેતો આવ્યો છે તથા તેમના સહિયારા પ્રયાસો અને કાર્યો થકી જ હિન્દુસ્તાન ઉમદા રાષ્ટ્ર તરીકે બહાર આવી શક્યું છે. આજે વિવિધ ધર્મો, પંથો પોતાના વાડા વધારવા અને ઘેંટાં ભેગાં કરવામાં પડ્યા છે. માનવીય મૂલ્યો અને નૈતિકતા કોરાણે મૂકાઈ ગયા છે. પરંતુ આપણે સંકુચિતતા, રૂઢિવાદિતા, પોકળ ખ્યાલોને બાજુએ મૂકી સમભાવ, સંવાદિતા, સુમેળ અને કોમી એખલાસના અભિગમને વિકસાવવા સહિયારું યોગદાન આપવા તૈયાર થવું પડશે. આ દૃષ્ટિ, અભિગમ આપણે વિકસાવીશું તો જ આપણા સૌનું ભલું થવાનું છે.

●●●

# ભારતીય અર્થતંત્ર

– જે. આર. રૈયાણી

***રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનો ટકાવારી હિસ્સો ઘટતો જાય અને તેની સામે ઉદ્યોગક્ષેત્રનો હિસ્સો વધતો જાય તો તે વિકસિત અર્થતંત્ર તરફની ગતિનું સૂચન કરે છે, પરંતુ ભારતીય અર્થતંત્રના વિશિષ્ટ સંદર્ભમાં આને શુભ સંકેત ગણવાની ભૂલ કરવા જેવી નથી. રાષ્ટ્રીય આવકમાં ખેતી ક્ષેત્રનો હિસ્સો ઘટવાનું સાચું કારણ એ છે કે દેશના ખેત ઉત્પાદનના વૃદ્ધિદરમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે.***

વર્ષ ૨૦૦૯ની વિદાય સાથે વર્ષ ૨૦૧૦નું આગમન થઈ ચૂક્યું છે. વીતેલો વર્ષ દરમ્યાન ભારતીય અર્થતંત્રે અનેક ચઢાવ-ઉતારમાંથી પસાર થયું છે. તો ચાલો જાણીએ ભારતીય અર્થતંત્રનું વીતેલા વર્ષનું આર્થિક સરવૈયું.

૨૦૦૬ અને ૨૦૦૭ના વર્ષો દરમિયાન ભારતીય અર્થતંત્રનો વિકાસદર ૮ થી ૯ ટકા જેટલો પ્રોત્સાહક રહ્યો હતો, પરંતુ ૨૦૦૮ના વર્ષની વૈશ્વિક મંદીની અસરને કારણે તે ૬.૫ ટકાની સપાટીએ નીચે ગબડી પડ્યો હતો. ફરીથી ૨૦૦૯ દરમિયાન અર્થતંત્ર મંદીની અસરોમાંથી ધીમે ધીમે બહાર આવતું દેખાયું છે અને જાન્યુ.-ડિસેમ્બર-૨૦૦૯ના સમયગાળા માટેનો આર્થિક વિકાસદર ફરીથી ૭.૫ ટકાની આસપાસનો જોવા મળી રહ્યો છે. ૨૦૦૯-૧૦ના નાણાકીય વર્ષ માટે હવે ૯ ટકાના વિકાસદરનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

ઔદ્યોગિક વિકાસ ઉપર દૃષ્ટિપાત કરીએ તો ૨૦૦૭ના વર્ષના ૮ ટકાના વિકાસ દરની સામે ૨૦૦૮ના વર્ષમાં ઔદ્યોગિક વિકાસદર તેનાથી અડધો એટલે કે માત્ર ૪ ટકાનો જોવા મળ્યો હતો. ફરીથી ૨૦૦૯ના વર્ષમાં તે ૮.૫ ટકાની ઊંચી સપાટીએ પહોંચેલો જોવા મળ્યો છે. તેમાં પણ ૨૦૦૯ના જુલાઈ-સપ્ટેમ્બરના ત્રણ માસ દરમિયાન ઉપરોક્ત માલ સમાનના ક્ષેત્રમાં તો ૯.૪ ટકા જેટલો ઊંચો વૃદ્ધિદર નોંધાયો છે. ઔદ્યોગિક ક્ષેત્રમાં રોજગારી વૃદ્ધિની દૃષ્ટિએ તેમ જ વપરાશી તથા મૂડીગત વસ્તુઓના ઉત્પાદનની દૃષ્ટિએ ઉત્પાદિ માલસામાનનું ક્ષેત્ર સૌથી વધુ મહત્ત્વનું ગણાય છે. એ સંદર્ભમાં જોઈએ તો આ ક્ષેત્રમાં જોવા મળેલા ઊંચો વૃદ્ધિદર ભવિષ્યના ઊંચા આર્થિક વિકાસનો આશાસ્પદ સંકેત આપે છે. ઉત્પાદિત માલ સામાનના પણ મૂડીગત માલસામાનની સરખામણીમાં ઉપભોગ્ય વસ્તુઓના ઉત્પાદનનો વૃદ્ધિદર ઊંચો છે અને વસ્તુઓમાં પણ ટકાઉ પ્રકારની મોજશોખની વપરાશી વસ્તુઓના ઉત્પાદનનો વૃદ્ધિદર સૌથી ઊંચો રહ્યો છે. વપરાશી વસ્તુઓની અને તેમાં પણ વસ્તીના ટોચના ૨૦ ટકા શ્રીમંત-નવશ્રીમંત વર્ગમાંથી આવતી વપરાશી વસ્તુઓની માંગમાં થતાં રહેલા વધારાનું તે સૂચક છે. દેશના અર્થતંત્રની બદલાતી જતી તાસીરનું તેમાં પ્રતિબિંબ દેખાય છે. વીજળી અને ગેસના ઉત્પાદનમાં ૨૦૦૮ના માત્ર ૩.૫ ટકાના વૃદ્ધિદરની સામે ૨૦૦૯માં તેનાથી બમણઓ એટલે કે ૩ ટકાનો વૃદ્ધિદર નોંધાયો છે તો બાંધકામના ક્ષેત્રમાં ૨૦૦૮ના ૬.૭૫ ટકાના વૃદ્ધિદરની સામે ૨૦૦૯માં ૭.૫ટકાનો વૃદ્ધિદર નોંધાયો છે, જે ભારતીય અર્થતંત્રનો પાયો મજબૂત બની રહ્યો હોવાની પ્રતીતિ કરાવે છે.

સેવાક્ષેત્રના ઉત્પાદનનો ૨૦૦૮ના વર્ષનો ૯.૫ ટકાનો વૃદ્ધિદર ૨૦૦૯માં

(લેખકશ્રી ગીતાંજલી કૉલેજ, રાજકોટમાં પ્રાધ્યાપક છે.)

પણ જળવાઈ રહ્યો છે. વૈશ્વિક મંદીની ખાસ અસર પડી નથી.

૨૦૦૯ના અંતે દેશનું રાષ્ટ્રીય આવકનું બદલાયેલું બંધારણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. કુલ રાષ્ટ્રીય આવકમાં વિવિધ ક્ષેત્રોનો ટકાવારી હિસ્સો ૨૦૦૯ના વર્ષમાં નીચે પ્રમાણે રહ્યો છે.

| ક્ષેત્ર | રા.આ.માં ટકાવારી હિસ્સો |
|---|---|
| કૃષિક્ષેત્ર | ૧૭.૨૦ |
| ઉદ્યોગક્ષેત્ર | ૨૯.૧૦ |
| સેવાક્ષેત્ર | ૫૩.૭૦ |
| કુલ | ૧૦૦.૦૦ |

કુલ રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનું સતત ઘટતું જતું ટકાવારી પ્રદાન ભારતીય અર્થતંત્રના માળખામાં થઈ રહેલા મૂળભૂત પરિવર્તનનો નિર્દેશ આપે છે. ૧૯૫૧-૫૨માં કુલ રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનો ટકાવારી હિસ્સો ૫૬.૩ ટકાનો હતો તે ઘટતાં માત્ર ૧૭ ટકાનો થઈ ગયો છે. એમ માનવામાં આવે છે કે, રાષ્ટ્રીય આવકમાં ખેતીક્ષેત્રનો ટકાવારી હિસ્સો ઘટતો જાય અને તેની સામે ઉદ્યોગક્ષેત્રનો હિસ્સો વધતો જાય તો તે વિકસિત અર્થતંત્ર તરફની ગતિનું સૂચન કરે છે, પરંતુ ભારતીય અર્થતંત્રના વિશિષ્ટ સંદર્ભમાં આને શુભ સંકેત ગણવાની ભૂલ કરવા જેવી નથી. રાષ્ટ્રીય આવકમાં ખેતી ક્ષેત્રનો હિસ્સો ઘટવાનું સાચું કારણ એ છે કે દેશના ખેત ઉત્પાદનના વૃદ્ધિદરમાં ઉત્તરોત્તર ઘટાડો થઈ રહ્યો છે. તો બીજી બાજુએ ૨૦૦૯ના વર્ષની અધિકૃત માહિતી મુજબ જીવન નિર્વાહના આધાર તરીકે વસ્તીની ટકાવારી વહેંચણી નીચે પ્રમાણે જોવા મળી છે.

| ક્ષેત્ર | વસ્તીનું ટકાવારી પ્રમાણ |
|---|---|
| ખેતીક્ષેત્ર | ૬૦ |
| ઉદ્યોગક્ષેત્ર | ૧૨ |
| સેવાક્ષેત્ર | ૨૮ |
| કુલ | ૧૦૦ |

આ હકીકતનો સૂચિતાર્થ સમજવાની ખાસ જરૂર છે. દેશની ૪૦ ટકા વસ્તીના જીવન નિર્વાહના આધારરૂપ ઉદ્યોગ અને સેવા ક્ષેત્રમાં ઉત્પાદન વૃદ્ધિનો સરેરાશ દર ૮.૫ થી ૯.૫ ટકા રહ્યો છે, અને ૬૦ ટકા વસ્તીના જીવન નિર્વાહના આધારરૂપ કૃષિક્ષેત્રમાં ઉત્પાદન વૃદ્ધિનો દર માત્ર ૨ થી ૨.૫ ટકાની આસપાસનો જ રહ્યો છે. આનો સીધો અર્થ એ થયો કે ઉપલા શહેરી વર્ગની આવકમાં જ તોતિંગ વધારો થઈ રહ્યો છે. જ્યારે ખેતીક્ષેત્ર સાથે સંકલાયેલા ગ્રામીણ વર્ગની આવક તો ઠેરની ઠરે જ રહી છે. દેશમાં અબજોપતિ બહુ ઝડપથી વધતા જાય છે, પરંતુ ગરીબો ઘટતા નથી. આયોજન પંચે ગરીબીના વાસ્તવિક અંદાજો તૈયાર કરવા માટે નીમેલી નિષ્ણાંત સમિતિના તારણ પ્રમાણે વર્ષ ૨૦૦૪-૦૫માં શહેરી ગરીબીના ૨૫.૭ ટકાના પ્રમાણની સામે ગ્રામીણ ગરીબીનું પ્રમાણ ૪૧.૮ ટકાનું હતું. ૨૦૦૯ના વર્ષના વપરાશી ખર્ચનું ટકાવારી પ્રમાણ પણ આ જ હકીકતનો નિર્દેશ આપે છે. આ માહિતી પ્રમાણે ૨૦૦૯ના વર્ષમાં કુલ વપરાશી ખર્ચમાં ટોચના ૧૦ ટકાનું પ્રમાણ ૩૧ ટકા હતું. જ્યારે તળિયાના ૧૦ ટકા વર્ગનું પ્રમાણ માત્ર ૩.૬ ટકા જેટલું હતું.

આ બધા સંકેતો ૨૦૧૦ના વર્ષના આર્થિક વિકાસ માટે ખૂબ જ સાવધાનીભર્યા પગલા માંડવાની આવશ્યકતા સૂચવી રહ્યા છે.

•••

સ્પર્ધાત્મક પરીક્ષા માટે
યોજના
સચોટ માર્ગદર્શક

યોજના વાંચો
યોજના વંચાવો
યોજના વસાવો

# ગ્લોબલ વોર્મિંગ – સળગતી સમસ્યા

– રૂપેશ જોષી

*આપણું પર્યાવરણ ૦.૦૩ ટકા અંગારવાયુનું બનેલું છે અને આ વાયુની માત્રા છેલ્લી સદીમાં ૨૫ ટકા વધવા પામી છે. વાતાવરણનો અંગારવાયુએ ગ્રીનહાઉસના કાચ સમાન છે. સૂર્યની પ્રકાશરૂપી ઊર્જા અંગારવાયુમાંથી પસાર થઈ પૃથ્વી આવી પૃથ્વીને ગરમ રાખે છે. પરંતુ કેટલીક ગરમી નીલાતીત કિરણો અથવા ઉષ્ણતારૂપે આ અંગારવાયુના સ્તરની અંદર રોકાઈ જાય છે. વીસમી સદીમાં અંગારવાયુની માત્રામાં થયેલી વૃદ્ધિના કારણે વધારે પ્રમાણમાં નીલાતિત કિરણો અને ગરમી આ રીતે રોકાઈ ગયેલ છે અને પૃથ્વીનું તમાપન ૦.૫ સે જેટલું વધી જવા માપેલ છે. આ અંગારવાયુ પૈકીનો મોટાભાગનો કોલસાનું, તેલનું અને પેટ્રોલનું, કારખાના અને વાહનો દ્વારા થતા દહનના કારણે ઉત્પન્ન થયેલો છે.*

પર્યાવરણ એટલે પૃથ્વી પરના જીવન અને વિકાસને અસર કરતી તમામ બાહ્ય પરિસ્થિતિઓ અને અસરો, માનવે બુદ્ધિ અને વિજ્ઞાનના બળે પર્યાવરણનો ઉપયોગ કરી પોતાનું સાંસ્કૃતિક માળખું સર્જ્યું છે. જેમાં ખેતીવાડી, ઉદ્યોગ, વાહનવ્યવહાર, વ્યાપાર અને અન્ય આર્થિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ બધી આર્થિક પ્રવૃત્તિઓમાં પર્યાવરણ પાયામાં પડેલું છે. પર્યાવરણનો ઉપભોગ કરવા જતાં અને વિવિધ ઉદ્યોગોનો વિકાસ કરવા જતાં માનવે પ્રદૂષણને જન્મ આપ્યો છે. મિલ, કારખાનામાં ઝેરી-ધુમાડાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડની માત્રા વધી છે. પરિણામે હવા પ્રદૂષણ ફેલાયું છે. ઉદ્યોગ અને કારખાનામાં વપરાતાં દૂષિત થયેલાં પાણીએ જળપ્રદૂષણને જન્મ આપ્યો છે.

કોપન હેગન ખાતે યોજાયેલી ગ્લોબલ વોર્મિંગની બેઠકમાં દુનિયાના દરેક દેશને ચેતવણી આપી કે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા આપણી કમજોરી બને તે પહેલાં તેના કારણો દૂર કરવાના ઉપાયો કરવા પડશે છેલ્લા ૫૦ વર્ષમાં હવામાનના ઉષ્ણતામાનમાં ખૂબ વધારો થયો છે. ગરમીને લીધે ઉત્તર ધ્રુવની હિમાચ્છાદિત પર્વતમાળાઓ અને દક્ષિણ ધ્રુવના હિમાચ્છાદિત મેદાનો ઓગળી રહ્યા છે. તેથી આ ધ્રુવ પ્રદેશો ઠંડક ગુમાવી રહ્યા છે. બરફ ઓગળી દરિયામાં ઠલવાઈ રહ્યો છે. તેથી દરિયાની સપાટી વધવાથી કિનારાના શહેરો ડૂબવાની શક્યતા છે. ગરમીને કારણે મૃત્યુ આંક ઊંચો આવશે. શિયાળો-ઉનાળો અને ચોમાસાની ઋતુઓ અસ્થિર અને ઘાતક બની જશે. ધ્રુવ પ્રદેશોની ઠંડી ઘટવાથી અને હવાની તથા મહાસાગરોની ગરમી વધવાથી વિનાશક વાવાઝોડા સેંકડોની સંખ્યામાં નુકસાન કરશે. ભારતના ઉત્તરના રાજ્યોને આ બધાની વધુ અસર થશે. ઈ.સ. ૨૦૨૦ની આસપાસ દિલ્હીમાં જાન્યુઆરીમાં ઉનાળાની અસર જોવા મળશે. ગંગા, જમના, બ્રહ્મપુત્રા જેવી હિમાલયની નદીઓમાં હિમનદીઓ પીગળતા પુર આવતા નુકસાન થશે.

**ઓઝોન સ્તરમાં ગાબડુ :**

ગ્લોબલ વોર્મિંગની ઉપરોક્ત અસરોનું કારણ ઓઝોન સ્તરમાં ગાબડું છે. આપણી પૃથ્વીની ૧૫ થી ૫૦ કિ.મી. વચ્ચે આવેલ ઓઝોન (૦૩) વાયુના જાડા સ્તરમાં ફેરફાર થયો છે.જ્યારે સૂર્યનાં નીલાતીત કિરણો પ્રાણવાયુ (૦૨)ના અણુઓ ઉપર પડે છે. ત્યારે તેનું રૂપાંતર થઈ ૦૩ ઉત્પન્ન થાયછે.સૂર્યનાં નીલાતિત કિરણો કે જો સીધાં પૃથ્વી ઉપર પડે તો ઘણા જૈવિક અણુઓનો નાશ કરે એટલે કે સજીવોને હાનિ પહોંચાડે તેવા ૯૯ ટકા નીલાતિત કિરણોને પૃથ્વી ઉપર પડતાં અટકાવવાનું અગત્યનું કામ ઓઝોન વાયુનું સ્તર કરે છે.

આપણું પર્યાવરણ ૦.૦૩ ટકા અંગારવાયુનું બનેલું છે અને આ વાયુની માત્રા છેલ્લી સદીમાં ૨૫ ટકા વધવા પામી છે. વાતાવરણનો અંગારવાયુએ ગ્રીનહાઉસના કાચ સમાન છે. સૂર્યની પ્રકાશરૂપી ઊર્જા અંગારવાયુમાંથી પસાર થઈ પૃથ્વી આવી પૃથ્વીને ગરમ રાખે છે. પરંતુ કેટલીક ગરમી નીલાતીત કિરણો

( લેખક શ્રી કે. વી. એસ. હાઈસ્કૂલમાં શિક્ષક છે.)

અથવા ઉષ્ણતારૂપે આ અંગારવાયુના સ્તરની અંદર રોકાઈ જાય છે. વીસમી સદીમાં અંગારવાયુની માત્રામાં થયેલી વૃદ્ધિના કારણે વધારે પ્રમાણમાં નીલાતિત કિરણો અને ગરમી આ રીતે રોકાઈ ગયેલ છે અને પૃથ્વીનુ ંતમાપન ૦.૫ સે જેટલું વધી જવા માપેલ છે. આ અંગારવાયુ પૈકીનો મોટાભાગનો કોલસાનું, તેલનું અને પેટ્રોલનું, કારખાના અને વાહનો દ્વારા થતા દહનના કારણે ઉત્પન્ન થયેલો છે. અન્ય પ્રદુષણકર્તા તત્ત્વો જેવા કે, મીથેન, નાઈટ્રસ્ ઓક્સાઈડ અને કેટલાંક સલ્ફર સંયોજનો પણ ગ્રીનહાઉસ ઈફેક્ટમાં ભાગ ભજવે છે.

વૈજ્ઞાનિકો એવું અનુમાન કરે છે કે વર્ષ ૨૦૨૫ થી ૨૦૭૫ ની વચ્ચેના સમયગાળામાં અંગારવાયુનું પ્રમાણ ઔદ્યોગિક ક્રાંતિ પહેલા જેટલું હતું. તેનાથી બમણું થઈ જવા પામશે. આ રીતે અંગારવાયુની જમાવટથી વધારે માત્રામાં ઉષ્ણતા પૃથ્વી ઉપર રોકશે અને વૈશ્વિક તાપમાન ૧.૫ સે થી ૫.૫ સે સુધી વધી જવા પામશે. તેને લીધે બંને ધ્રુવો ઉપરનો બરફ પીગળવા માંડશે અને સમુદ્રોની સપાટીઓ ૧ મી. થી ૩ મી. જેટલી ઊંચી આવશે અને તેના પરિણામે વિશ્વના નીચાણવાળા ભાગો જેવા કે ન્યુયોર્ક, લંડન, ટોકિયો, બાંગ્લાદેશ, લક્ષદ્વિપ અને નેધરલેન્ડ અને અન્ય વિસ્તારો પાણીમાં ડૂબી જશે.

**ગ્લોબલ વોર્મિંગને કાબુમાં લેવાના વૈશ્વિક પ્રયત્નો :**

– ઈન્ડોનેશિયાના સારાગોવા શહેરના લોકો એ અઠવાડિયામાં એક દિવસ પેટ્રોલ-ડિઝલ પંપ બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.
– ફ્રાન્સના પેરિસ શહેરના લોકોએ સાયકલ દ્વારા મોટાપાય પર અવરજવર શરૂ કરી છે.
– સ્વીડનના મિનિસ્ટ્રી ઓફ સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટના મંત્રીએ ૨૦૨૦ સુધીમાં સ્વીડનમાં ખનીજતેલનો વપરાશ શૂન્ય કરવાનું આયોજન કર્યું છે.
– વર્ષ ૨૦૦૪નું શાંતિનું નોબેલ પારિતોષિક વિજેતા કેનિયાના વાંગારી મથાઈએ ૧૯૭૭ થી કેનિયામાં 'ગ્રીન બેલ્ટ મૂવમેન્ટ' અભિયાન છેડ્યું છે. તેમણે ૩ કરોડ વૃક્ષો ઉછેરવાનું કામ કર્યું છે અને વર્ષ ૨૦૧૦ના અંત સુધીમાં તો ૧ અબજ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ કર્યો છે.
– ભારતમાં વંદનાળશીવા, મેઘાપાટકર, અરુંધતીરોય, સુનીતા નારાયણ, મધુસરિન જેવી મહિલાઓ કાર્બનકટક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપી રહી છે.

**ગ્લોબલ વોર્મિંગથી બચવા આપણા પ્રયત્નો :**

– શક્ય તેટલા કામ પગે ચાલીને કરીએ ટૂંકા અંતરે જવા સાયકલનો વપરાશ કરીએ લાંબા અંતરની મુસાફરી માટે સામૂહિક પરિવહનનો ઉપયોગ કરીએ.
– કાગળનો ઉપયોગ ઘટાડીએ વપરાયેલા કાગળનો રિસાયક્લીંગ કરી ફરી ઉપયોગ કરીએ.
– એક બાજુ કોરો કે અર્ધા લખેલા કાગળને કાળજીપૂર્વક જુદા કરી રફકામમાં ઉપયોગમાં લઈએ પત્રવ્યવહારમાં આવેલા કવરને જરૂરી રીપેરીંગ કરી નવું કવર બનાવી પુનઃવપરાશમાં લઈએ.
– ઘરમાં વીજળીનો બચાવ કરીએ.
– ભોજન ગરમ કરવાં, પાણી ગરમ કરવા સૂર્યશક્તિનો ઉપયોગ કરીએ.
– તહેવારો, ધાર્મિક દિવસો કે શુભ પ્રસંગોએ વીજળીનો બેફામ ઉપયોગ થતો રોકીએ.
– ફટાકડા ફોડવા ઉપર સંયમ રાખીએ.
– મોબાઈલ, કમ્પ્યુટર, ઈલેક્ટ્રોનિક ગેમ્સનો વિવેકપૂર્વક ઉપયોગ કરીએ.
– વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરીએ.
– પ્રતિમાઓનું જળાશયોમાં વિસર્જન ન કરીએ.
– પ્લાસ્ટિકનો વપરાશ અટકાવીએ.
– વરસાદી પાણીને વહી જતું અટકાવવું, ખેતતલાવડી, ગામતલાવડી, ભૂગર્ભ ટાંકા દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ કરવો તથા ભૂગર્ભ જળનાં તળ ઊંચાલાવવાં.
– વોટર શેડ કાર્યક્રમનો અમલ કરવો.

ગ્લોબલ વોર્મિંગની પ્રક્રિયાને અટકાવવા માનવ સમાજ દ્વારા ખનીજ બળતની વૈશ્વિક માત્રામાં ૫૦ ટકા જેટલો ઘટાડો કરવો પડશે, વનોનું ઉન્મુલન અટાવવું પડશે. અને ઉજ્જડ વિસ્તારોમાં મોટા પાયે વૃક્ષ વાવેતર કરવાનું અભિયાન શરૂ કરવું પડશે. કારણ કે વૃક્ષો અંગારવાયુને શોષે છે. દેશ કે રાજ્યની સરકારના કાર્યક્રમો માત્રથી આ સમસ્યા હલ થવાની નથી દેશના નાગરિકોએ વ્યક્તિગત રીતે ઉપરોક્ત પ્રયાસો દ્વારા તેમાં સહભાગી બનવું પડશે.

●●●






## પુસ્તક મૂળ કિંમતે વેચાણ

| ક્રમ | પુસ્તકનું નામ | વર્ષ | રૂા. |
|---|---|---|---|
| ૨૭૭ | લાલબહાદુર શાસ્ત્રી | ૨૦૦૫ | ૭૦-૦૦ |
| ૪૩૪ | સરદાર વલ્લભભાઈ પટેલ | ૨૦૦૫ | ૮૦-૦૦ |
| ૭૬ | દષ્ટ્રા-ચિંતકો | ૨૦૦૪ | ૫૦-૦૦ |
| ૧૫૮ | ગાંધીજી જીવન કથા | ૨૦૦૮ | ૧૨૫-૦૦ |
| ૧૫૬ | જાગૃતી-લહેરો | — | ૭૨-૦૦ |
| ૨૫૪ | કવિ-નાટ્ય લેખકો | ૨૦૦૪ | ૭૫-૦૦ |
| ૪૫૬ | આદીવાસી નૃત્યો | ૨૦૦૪ | ૭૦-૦૦ |
| | | કુલ રૂા. | ૫૪૨-૦૦ |

## પુસ્તકો રૂબરૂ વેચાણ કરવામાં આવે છે.







**શું આપને ઉત્તમ પુસ્તકો સસ્તા દરે જોઈએ છે ?**

**જો હા, તો સંપર્ક કરો**

**યોજના કાર્યાલય**

અંબિકા કોમ્પલેક્ષ, યુ.કો. બેંકની ઉપર,
પાલડી ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : (૦૭૯)૨૬૫૮૮૬૬૯ (કાર્યાલય)

## લેખકોને વિનંતી

- સેમિનાર કે અન્ય શૈક્ષણિક કે સંશોધન હેતુથી લખાયેલાં અહેવાલ, પેપર્સ કે અન્ય લેખન સામગ્રી સીધેસીધી ન મોકલતાં લખાણનું યોગ્ય એડિટીંગ કરી લેખ માટેની જરૂરી વિગતો તૈયાર કરીને લેખ સ્વરૂપ આપી માત્ર ત્રણ કે વધુમાં વધુ ચાર પેજમાં જ મોકલવું . **સીધેસીધા દળદાર અહેવાલો કે સંશોધન પત્રોને સ્વીકાર કરવામાં આવશે નહીં તેની લેખકોએ ખાસ નોંધ લેવી**

# જનજાતિય મહિલાઓ : વર્તમાન સમયે

— મહેશ પટેલ

*આદિવાસી સમાજોમાં સામાજિક જીવનની જેમ જ આર્થિક ગતિવિધીઓમાં પણ સ્ત્રીઓનું મહત્વપૂર્ણ સ્થાન છે. પાછળના કેટલાક દશકોમાં બિન આદિવાસી સમુદાયોના વધતા પ્રભાવને કારણે આવેલા કેટલાંક પરિવર્તનો ના છતા પણ જનજાતિય મહિલા પોતાના સમુદાયના આર્થિક જીવનમાં વિશેષ ભૂમિકા ભજવી રહી છે. કૃષિમાં સમાન હિસ્સેદારીની સાથે સાથે તે પરિવારને સાચવવામાં ભરપુર યોગદાન આપી રહી છે. પરંતુ એ ઘરમાં દાસીની રીતે નહીં પણ ગૃહસ્થીની સંચાલન બનીને અને તેઓની મરજી અને ઈચ્છાઓને પુરતું મહત્વ મળેલું છે.*

**ભા**રત વિશ્વના એ ગણ્યા ગાંઠ્યા દેશોમાંનો એક દેશ છે. જેની ઐતિહાસિક પ્રાચિનતા, ભૌગોલિક વિશાળતા અને સાંસ્કૃતિક વિવિધતા પર ગર્વ કરી શકાય છે. કોઈ પણ સમાજ જેટલો પ્રાચિન હોય છે એમાં તેટલી અધિક બહુલતા અને વિવિધતા હોય છે. એજ કારણ છે કે આપણા અહીંયાં સામાજિક સાંસ્કૃતિક અને ભૌગોલિક વિવિધતા ચરમ રુપ માં હયાત છે. જયાં એક બાજુ મહાનગરોમાં આધુનિકતાની ચમક અને ગતિ આપણને રોમાંચિત અને સ્તબ્ધ કરી દે છે તો બીજી બાજુ દેશના દુર અને અંદરના ક્ષેત્રો, વન પ્રદેશો અને પહાડીઓમાં વસેલા સમુદાયોનું જનજીવન આપણને એ વિચારવા મજબુર કરે છે કે અમે કેટલા મંદગતિથી આગળ વધી રહ્યા છીએ. કેટલાક વર્ગો ખાસ કરીને જનજાતિઓ ને જોઈને આભાસ થાય છે કે જીવન લગભગ સ્થિર છે. આ જનજાતિઓ અથવા આદિવાસી સમુદાયો આપણી વિવિધતા અને પ્રાચિનતાની પૃષ્ટી કરતા પ્રતિકો છે.

### જનજાતિય મહિલાઓનું સામાજિક જીવન

વાસ્તવમાં જનજાતિય સમાજોની આર્થિક તેમજ સામાજિક સંરચનામાં મહિલાઓની અત્યંત મહત્પૂર્ણ ભૂમિકા રહેતી હોય છે. પોતાના જીવનમાં દરેક પ્રકારના નિર્ણય લેવાની બાબતમાં સામાન્ય મહિલાઓની તુલનાએ તેઓ વધુ સ્વતંત્રતા અને ઉંચું સ્થાન ધરાવે છે. ભારતીય સમાજની જટિલ અને કઠોર જાતિ વ્યવસ્થામાં ફસાયેલી મહિલાઓની તુલનાએ જનજાતિય સમુદાયોની મહિલાઓનું સ્થાન ઘણું વધુ સમ્માનજનક અને સશક્ત છે. જે જનજાતિઓમાં માતૃસત્તાક વ્યવસ્થા છે ત્યાં તો મહિલાઓની સ્થિતિ અન્ય સમાજો કરતા સારી છે. પરંતુ જનજાતિય મહિલાઓનું સ્થાન પોતાના સમુદાયના પુરુષોથી નિમ્ન છે જ. વર્તમાન શહેરી સમાજના સંપર્કને કારણે સામાજિક બાબતોમાં આદિવાસી મહિલાઓથી ઘણી વધુ અધિક સ્વતંત્રતા અને સ્વાભિમાનની સાથે નિર્ણય લઈ શકે છે. જેમકે અનેક જનજાતિય સમુદાયોમાં મહિલાઓ પોતાના જીવનસાથી પસંદ કરવા અને પતિ સાથે રહેવામાં મુશ્કેલી વખતે છુટાછેડા લેવામાં સ્વતંત્ર છે. આ સમુદાયોમાં વિધવા વિવાહ પર કોઈ નિયંત્રણ નથી. જનજાતિય સમુદાયોમાં વિધવાઓ અને ત્યકતા સ્ત્રીઓને નીચી નજરે જોવામાં આવે છે. અને તેઓની સાથે વિવાહિત મહિલાઓની જેમ જ વ્યવહાર કરવામાં આવે છે. તે દહેજ જેવી કુપ્રથાથી મુક્ત છે. એટલું જ નહીં કેટલીય જનજાતિઓમાં કન્યાવિક્રય વધુમુલ્ય પ્રચલિત છે. જેમાં દિકરા સંતાનના માતા-પિતા દિકરી સંતાનના માતા-પિતાને ધન આપે છે. આ મુલ્ય ધન ઉપરાંત કોઈ વસ્તુ અથવા સેવાના સ્વરુપમાં પણ અપાય છે. આ પ્રથા સમાજમાં સ્ત્રીઓની આર્થિક ઉપયોગીતા અને સાાજિક મહત્વને રેખાંકિત કરે છે. આ વાત પણ ઉલ્લેખનીય છે કે પરંપરાગત જનજાતિઓમાં

મહિલાઓને અધિક સ્વતંત્રતા પ્રાપ્ત છે. જે જનજાતિઓમાં શિક્ષણનો પ્રસાર, ઔદ્યોગિકરણ અને આધુનિક રહેણીકરણી તથા હિન્દુત્વની કુપ્રથાઓથી પ્રભાવિત થઈ રહી છે એમાં મહિલાઓની પ્રતિષ્ઠા અને સામાજિક સત્તા ઓછી થઈ રહી છે.

**આર્થિક સ્તર, સ્થિતિમાં મહિલાઓ**

આદિવાસી સમાજોમાં સામાજિક જીવનની જેમ જ આર્થિક ગતિવિધીઓમાં પણ સ્ત્રીઓનું મહત્વપૂર્ણ સ્થાન છે. આગળ કન્યાવિક્રય પ્રથાનો ઉલ્લેખ કરવામાં આવ્યો તે પરિવારમાં સ્ત્રીની ઉપયોગીતાનું પરિણામ છે. પાછળના કેટલાક દશકોમાં બિન આદિવાસી સમુદાયોના વધતા પ્રભાવને કારણે આવેલા કેટલાંક પરિવર્તનો ના છતા પણ જનજાતિય મહિલા પોતાના સમુદાયના આર્થિક જીવનમાં વિશેષ ભૂમિકા ભજવી રહી છે. કૃષિમાં સમાન હિસ્સેદારીની સાથે સાથે તે પરિવારને સાચવવામાં ભરપુર યોગદાન આપી રહી છે. પરંતુ એ ઘરમાં દાસીની રીતે નહીં પણ ગૃહસ્થીની સંચાલન બનીને અને તેઓની મરજી અને ઈચ્છાઓને પુરતું મહત્વ મળેલું છે. અન્ય મહિલાઓની જેમ તેઓ જમવાનુ બનાવવું, સફાઈકાર્ય, વગેરે જેવા સામાન્ય ઘરેલુ કાર્ય સંભાળવાની સાથે સાથે પાણી ભરવુ, પશુપાલન, ઈંધણ અને વનઉત્પાદ એકત્ર કરવાનું કાર્ય પણ કરે છે. જે જનજાતિઓમાં ફરતી ખેતી પ્રચલિત છે ત્યાં બીજની વાવણી અને વણણી કરવાનું કાર્ય પણ મહિલાઓ સંભાળે છે. જયારે પુરુષ જંગલોમાં સ્થાન શોધવા તેમજ ખેતીલાયક જમીન તૈયાર કરવા જેવા કાર્ય કરે છે. કેટલીક જનજાતિઓમાં કેટલાક વ્યવસાયો ફક્ત મહિલાઓની જવાબદારી ગણવામાં આવે છે. જનજાતિય જીવનનું જંગલોથી વધુ ગાઢ સંબંધ હોય છે કે કે ઘરની ગૃહસ્થી સંભાળવાનું કાર્ય મહિલાઓનું છે એ માટે પાણી લાવવું પશુઓ માટે ચારો લાવવો, ઈંધણ માટે લાડાં, ફળ ફુલ, કંદમુળ વગેરે એક્તર કરવાં માટે જંગલમાં જાય છે. વિશેષ અર્થમાં એમનું જીવન તેમજ અસ્તિત્વ જંગલો પર આધારિત છે. એ સત્ય છે કે બહુ ઓછી જનજાતિઓમાં મહિલા જમીન માકીના હક પ્રાપ્ત કરે છે પણ આ બાબતમાં એમની સ્થિતિ અન્ય મહિલાઓની એકંદરે સારી છે.

**શિક્ષણ**

શહેરી પ્રભાવથી મહિલાઓના પરંપરાગત અધિકાર ઓછા થતા જાય છે. ઔદ્યોગિકરણથી એમની જમીન અને જંગલક્ષેત્રોમાં કમી વર્તાઈ રહી છે. જેનાથી એમના દૈનિક જીવનના સ્ત્રોત પર વિપરીત અસરોનો પ્રભાવ પડી રહ્યો છે. જંગલોની મોટા પાયે કાપણી થવાથી મહિલાઓને ઈંધણ અને વનઉત્પાદ મેળવવા માટે ખુબ દુર સુધી જવું પડે છે. એ જ નહીં વન સ્ત્રોત ઘટી જવાથી મહિલાઓ વધુ નિર્ધન, પરાશ્રિત અને લાચાર બનતી જાય છે. જનજાતિના લોકોનું શોષણ પણ વધી રહ્યું છે. અજ્ઞાન અને અશિક્ષિત હોવાના કારણે એમના શ્રમ સંબંધી શોષણની સાથે સાથે મહિલાઓનું શારિરીક શોષણ પણ થઈ રહ્યું છે. આદિવાસી સમાજમાં સ્ત્રી શિક્ષણ નહિવત જણાય છે. તેઓ પોતાની કન્યાઓને શાળાઓમાં ન મોકલતા ઘરકામ કે પછી અન્ય ખેતી પશુપાલન જેવા સામાન્ય કાર્યોમાં જકડી રાખે છે. વધુમાં આદિવાસી સમાજોમાં કન્યાઓની નાની ઉંમરથી જ ઘરકામમાં અને આર્થિક પ્રવૃત્તિઓમાં લાગી જાય છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણને બાદ કરતાં ઉચ્ચશિક્ષણમાં આદિવાસી મહિલાઓનું સ્થાન ખુબજ ઓછું છે. જે દર્શાવે છે કે હજી આદિવાસીઓમાં ખાસ કરીને સ્ત્રીઓ માટે માટે સાર્વત્રિક શિક્ષણનો સ્વીકાર થયો નથી.

**જનજાતિય મહિલાઓના શૈક્ષણિક ઉત્કર્ષમાં બાધારુપી પરિબળો**

- છોકરીઓને પારકી થાપણ માનીને તેના માટે શિક્ષણને અનુપયોગી ગણવું.
- શિક્ષણ મેળવવા તરફની અજ્ઞાનતા.
- પરંપરાગત ગ્રામીણ વ્યવસાયોમાં શિક્ષણની અનુપયોગીતાનો અભિગમ.
- શિક્ષણ સુવિધાઓનો અભાવ, તથા તે પ્રત્યે કુશંકાઓનો બહોળો વ્યાપ.
- અંધવિશ્વાસની સાથે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો અભાવ.
- આર્થિક પછાતપણા ઉપરાંત વિવિધ વ્યવસાયો, કાયોનો ભાર.
- પરિવારનું પુરુષબાળકની સરખામણીએ ઓછું મળતું પ્રોત્સાહન.
- ભાગ્યવાદી દૃષ્ટિકોણ

આમ એક નહીં પણ અનેક જનજાતિય મહિલાઓના માત્ર શૈક્ષણિક જ નહીં પરંતુ સામાજિક અને આર્થિક જીવનમાં પણ પુરુષ સમોવડી બનવાથી દૂર રાખે છે. ઉપર્યુક્ત મુખ્ય સમસ્યાઓના કારણોના વિશ્લેષણ કરવાથી સ્પષ્ટ થાય છે કે તેઓના મૂળમાં સૌથી મોટું કારણ અશિક્ષા છે. સમાજ શિક્ષણમાં સાક્ષરતાની સાથે કૃષિ, અને ઉદ્યોગોનું શિક્ષણ, આરોગ્ય સુખાકારી, મનોરંજન, ઘરેલું તેમજ આર્થિક જીવન અને નાગરિકતાની કેટલીક સમગ્ર બાબતોનો સુમેળ અત્યંત આવશ્યક છે. શિક્ષણની સાથે સાથે સામાજિક જાગૃતિ, આર્થિક સુધાર, રસ્તા બાંધકામને લગતા નિર્માણ કાર્યો, કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આધુનિક ખેતી માટે નવા નવા ખેત ઓજારો, પદ્ધતિઓ, બિયારણો, ખાતર, દવાઓ, સિંચાઈની પર્યાપ્ત સગવડો વિકસાવવી અને આવા વિકાસ કાર્યોને વેગવાન બનાવવા આવશ્યક છે. ●●●